કડવા પાટીદાર કેળવણી મંડળ

પ્રકાશિત

# 'ઉમાવાણી'

## દ્વૈમાસિક મુખપત્ર

સમાજનો સર્વાંગી વિકાસ ઝંખતું સામયિક

|| શ્રી ઉમિયા માતા પ્રસન્નોસ્તુ ||



સપ્ટેમ્બર-ઓક્ટોબર
૨૦૨૧

વર્ષ : ૩૬
અંક : ૫
સળંગ અંક : ૨૦૫

:: તંત્રી ::
શ્રી દિલીપભાઈ પટેલ
(સુરત)

:: સહતંત્રી ::
ડૉ. ચંદ્રકાંત પટેલ
(અમરોલી)

# સાલમુબારક



''નવું વર્ષ તમને અને તમારા પરિવાર માટે સુખ સમૃદ્ધિ, આનંદમય
અને શાંતિપૂર્વક જાય એવી નવા વર્ષની શુભેચ્છા''

**સાલમુબારક**

# ઉમાવાણી

## દ્વૈમાસિક મુખપત્ર



### પ્રકાશક

**શ્રી ભરતભાઈ ઉર્ફે સુનિલભાઈ દયારામભાઈ પટેલ**
કડવા પાટીદાર કેળવણી મંડળ
કૃષિમંગલ, જે. પી. રોડ, સુરત-૩૯૫ ૦૦૧.
ફોન : ૨૪૭૫૫૨૫, મો.: ૯૮૨૫૩ ૦૫૧૪૬
ઉમામંગલ : ૯૯૦૯૫ ૮૩૩૮૧ વિદ્યામંગલ : ૯૫૩૭૧ ૯૩૯૩૯
જ્ઞાનગંગા અંગ્રેજી માધ્યમ : ૯૫૩૭૧ ૯૪૯૪૯

### તંત્રી

**શ્રી દિલીપભાઈ બળવંતભાઈ પટેલ**
TEACHER M.A.B.Ed.
સુરત. મો. : ૯૯૨૫૦ ૧૩૯૭૩
**લેખો મોકલવા માટેનું ઈ-મેઈલ એડ્રેસ**
ઈ-મેઈલ : pateldilipnamdani130973@gmail.com

### સહતંત્રી

**ડૉ. ચંદ્રકાંત ભીખાભાઈ પટેલ**
૨૫, ૨૬, શાંતિનિકેતન સોસાયટી.,
કોલેજની બાજુમાં, અમરોલી. મો. : ૯૮૭૯૦ ૧૧૦૦૯

### સંકલન સમિતિ

**શ્રી પરેશભાઈ કે. મહેતા**
કૃષિમંગલ - સુરત - મો. ૯૯૭૯૯ ૧૩૦૨૪

**શ્રી નિરવ પટેલ**
ઉધના, સુરત. મો. : ૯૯૭૯૧ ૪૭૦૨૮

### સહ સંપાદક

**શ્રી કિશોરભાઈ મોતીભાઈ પટેલ**
મોરથાણા

**શ્રી નીતા રાજેન્દ્રભાઈ પટેલ**
કા.ચા. રસ્તા

**શ્રી મનુભાઈ ઈશ્વરભાઈ પટેલ**
ઉભેળ - ૨૭૨૪૭૫

### :: નોંધ ::

- ઉમાવાણીમાં પ્રગટ થતાં વિચારો સાથે તંત્રીઓ સંમત છે એમ માની લેવું નહિ.
- લેખો ફુલસ્કેપ કાગળની એક બાજુ પર સુવાચ્ય અક્ષરે લખી કૃષિમંગલ મોકલવા.
- લેખો મૌલિક અને ટુંકા હોય એ ઈચ્છનીય છે. ઉતારો/અનુવાદ હોય તો જણાવવું.
- લેખની જવાબદારી લેખકની છે પણ સ્વીકાર, અસ્વીકાર કે સંક્ષેપનો હકક તંત્રીનો રહેશે.
- જ્ઞાતિના સમાચાર આધારભૂત હોવા જરૂરી છે.
- લેખ સમાચાર પ્રકાશનના વીસ દિવસ પહેલાં મળી જવા જોઈએ.
- સામાજિક લેખોને અગ્રિમતા અપાશે.

### :: આટલું તો કરીએ જ ::

- ઘરમાં કુળદેવી ઉમિયા માતાની છબી રાખીએ.
- શુભ લગ્ન પ્રસંગે માતાજીને (ઊંઝા) ભેટ મોકલીએ.
- લગ્ન સાદાઈથી કે સમૂહમાં કરીએ.
- સમાજ ઉત્કર્ષની પ્રવૃતિમાં સહકાર આપીએ.
- કુરિવાજ નાબૂદીમાં આગળ રહીએ.
- ઉમાવાણી વાંચીએ અને વંચાવીએ.

### :: નિભાવ યોજના ::

- સ્વજન સ્મૃતિ અંદર આખું પાનું રૂા. ૨,૫૦૦/-
- જાહેરાત આખું પાનું રૂા. ૩૦૦૦/-
  અડધું પાનું રૂા. ૧,૫૦૦/- (ફકત વ્યાપારી)
  રંગીન જાહેરાત ટાઈટલ-૨ પર ૧૦,૦૦૦/-
  રંગીન જાહેરાત ટાઈટલ-૩ પર ૭,૫૦૦/-
  ફોટાઓ આપવાના રહેશે.
- દર એક અંકના પ્રકાશનના છે.
- વર્ષ જાન્યુઆરી થી ડિસેમ્બર ગણાશે.
- છૂટક લવાજમ સ્વીકારતા નથી.
- કેળવણી મંડળ ના સભ્યને જ વિના મૂલ્યે મળશે.
- પરદેશ માટે આજીવન લવાજમ રૂા. ૫૦૦૦/-

કડવા પાટીદાર કેળવણી મંડળ
પ્રકાશિત



વર્ષ : ૩૬
અંક : ૫
સપ્ટેમ્બર-ઓકટોબર : ૨૦૨૧
સળંગ અંક : ૨૦૫

# ઉમાવાણી

## આટલું જાણો

૧. 'ઉમાવાણી' અંગ્રેજી વર્ષના ૧-૩-૫-૭-૯-૧૧ માં માસમાં દર બે માસે પ્રગટ થાય છે.

૨. હાલમાં કેળવણી મંડળ નાં આજીવન સભ્યોને જ ઘર દીઠ એક નકલ મોકલવામાં આવે છે.

૩. અંક ન મળે તો કૃષિમંગલ પર જ તપાસ કરવી.

૪. તમારું સરનામું બદલાય તો કૃષિમંગલ પર લેખિત જાણ કરો.

૫. 'ઉમાવાણી' આપણું છે, એ તમારા ઘરમાં હોવું જ જોઈએ.

૬. 'ઉમાવાણી' નો ઉદ્દેશ્ય શિષ્ટ, સંસ્કારલક્ષી, વિચારપ્રેરક સાહિત્ય પીરસી સમાજનાં સંતુલિત નવઘડતરનો છે.

૭. મરણનોંધ, વિચારપ્રેરક પ્રસંગો, સમાજ સુધારાના સમાચાર અને વિશિષ્ટ સિધ્ધિઓની આધારભૂત માહિતી અમને મોકલી આપો.

૮. અંક ૧-૩-૫ નું સંપાદન તંત્રી અને અંક ૨-૪-૬ નું સંપાદન સહતંત્રી સંભાળે છે.

## અનુક્રમણિકા

| | | |
|---|---|---|
| ૧. | દિવાળીની શુભકામનાઓ | ૨ |
| ૨. | શ્રધ્ધાંજલિ | ૧૮ |
| ૩. | સમાચાર દર્પણ | ૨૦ |
| ૪. | વિદ્યામંગલ સમાચાર | ૨૫ |
| ૫. | મંત્રીશ્રીને કલમે... - વિકાસભાઈ પટેલ | ૩૬ |
| ૬. | ઉમાવાણીગાથા - શાંતિલાલ કે. બીરજા | ૩૯ |
| ૭. | હું ગમે એટલું કરું તને... - કૃષ્ણકાંત ઉનડકટ | ૪૧ |
| ૮. | હર પલ યહાઁ જી ભર જીયો... - ડૉ. જયશ્રી દીક્ષિત | ૪૩ |
| ૯. | દિવાળીના... એકસે-રે - નટવરલાલ એન. પટેલ | ૪૫ |
| ૧૦. | પુત્રવધૂને પુત્રવધૂ જ રહેવા દો... - એષા દાદાવાળા | ૪૭ |
| ૧૧. | સલામ ડૉકટર ! - ઉધ્યન ઠકકર | ૪૯ |
| ૧૨. | ૬૦ થી ૮૦ વર્ષનો તબકકો... - વૈશાવી જે. પટેલ | ૫૧ |
| ૧૩. | કિસીકા દર્દ મિલ સકે તો... - સ્નેહા કે. પટેલ | ૫૩ |
| ૧૪. | પહેલા લોકો તમને અવગણશે... - રાજેશભાઈ પટેલ | ૫૫ |
| ૧૫. | ડિજિટલાઈઝેશનની સાંકળમાં... - ખ્યાતિ જોષી | ૫૭ |
| ૧૬. | મુશ્કેલીમાં પણ મનને પ્રસન્ન રાખે - મનુભાઈ આઈ. | ૫૮ |
| ૧૭. | ઝડપી ગણતરીબાજ પરમ સુપર.... - સંકલન | ૫૯ |
| ૧૮. | સાસુ વહુના સંબધ - કિશોરનાના | ૬૧ |
| ૧૯. | The History of Patidars - નટવરલાલ પટેલ | ૬૨ |
| ૨૦. | શ્રધ્ધાંજલિ | ૬૪ |

# "એને નવું વર્ષ કહેવાય"

નવું વર્ષ એટલે ઉત્સાહ તરવરાટનું વર્ષ. એનાં કરતા વધારે નજીક લાવવાનું વર્ષ.... રંગોળી જેવા સંબંધો વાયરાના કહ્યામાં ન આવે. - એ જ પ્રભુને પ્રાર્થના...! આ વર્ષે સંકલ્પો નથી લેવાં પણ લીધેલા સંકલ્પો પૂરા કરવા છે. સંકલ્પોને કારણે નીતિ-નિયમોમાં શ્વાસ બંધિયારપણું ભોગવે છે. આ વર્ષે સહજ થઈને જીવવું છે. ઈશ્વરની જેમ.

નવું વર્ષ જોમ અને થનગનાટને સાથે લઈને આવે છે. વિતેલા વર્ષના વસવસો અને નવાવર્ષનો નશો બંને એકબીજા સાથે નવો સંબંધ બાંધે છે.... ઉંબરાનો દિવો આ નવા સંબંધ ને ઉજવે છે.

નવું વર્ષ કાયમ આપણા રોમે રોમમાં જીવે એવું બને ત્યારે પ્રત્યેક ધબકારા ઉત્સવના આરાધના બને છે. આવનારું નવું વર્ષ ગીતની જેમ ખૂલે.... ગઝલની જેમ ગુંજે.... અને એક મધુર વાતાવરણ રચાય એજ શુભેચ્છા....

**એને નવું વર્ષ કહેવાય** (અંકિત ત્રિવેદી)

મારા સપનાં તારી આંખે સાચા પડતાં જાય... એને નવું વર્ષ કહેવાય...
હું કંઈપણ ના બોલું તો પણ તરત તને સમજાય... એને નવું વર્ષ કહેવાય...
ખુલ્લી સવાર જેવું જીવશું કાયમ મસ્ત મઝાનું, પકડાઈ જવાની મઝા પડેને એવું કાઢશું બહાનું...
લાભ, શુભને ચોઘડિયા પણ અંદરથી શરમાય... એને નવું વર્ષ કહેવાય...
જીવન એવું જીવશું જાણે સહજ અવતરે પ્રાસ, વ્હાલનિતરતાં શ્વાસમાં ઘૂટશું ઈશ્વરનો અહેસાસ...
ટૂંકમાં, તારી સાથે દિવસો ઉત્સવ થઈ ઉજવાય... એને નવું વર્ષ કહેવાય...

**અજવાળું સૌનું છે દિવાને કોઇ ધર્મ નથી...**
**દિવો એના અજવાળા માટે વલખાં નથી મારતો...**
**દિવાનું અજવાળું જેમ બધાનું તેમજ આપણે સૌના બની રહીએ.**

**તંત્રીશ્રી**
દિલીપ 'નામદાની'

**સહતંત્રી**
ડૉ. ચંદ્રકાંત ભીખાભાઈ પટેલ

# સૌને દિવાળી, નવા વર્ષની શુભેચ્છા



દિવાળીનો પર્વ ખૂબ આનંમય છે. ગત વર્ષનું સરવૈયું કાઢી જમા અને ઉધાર ભૂલનું પુનરાવર્તન ન થાય તેના માટે સજાગ બનીએ, લક્ષ્મીનું ઉપાજન સત્માર્ગે હશે તો કુટૂંબમાં કોઈની આંતરડી ઠારવાના પ્રયાસ કરીએ. નૂતન વર્ષ સહુનું લાભદાયી નિવડે, સહુને નવા વર્ષના અભિનંદન.




નાનપણના એ દિવસો યાદ આવે છે, કેવું નિખાલસ જીવન. ઘરમાં કે મનમાં કયાંય કચરો નહિ. ખાવું, પીવું અને મોજ માણવી. મન ભરીને ફટાકડા ફોડવા. આજે આ મોંઘવારીના કપરાકાળમાં ઉંમરની સાથે એ લપાઈ ગયો. આંતદવાદથી ભરપૂર આ જગમાં હવે નિર્મળ આનંદ અંતર્ધ્યાન થઈ ગયો છે. માનવ તો સ્વાર્થ સભર ત્યારે પણ હતો, કિંતુ પરોપકારની ભાવના કયારેક કયારેક ડોકિયા કરી જતી. કદાચ સંરક્ષિત બાળમાનસ એ બધુ પારખી ન શકતું. માત્ર આવીને મળતા, સુખમાં મહાલવાની મોજ માણતું. હવે તો એ દિવસો, સ્વપ્નો, તમન્ના સઘયું ભૂતકાળમાં સરી ગયું. કાળા ગયાને ધોળા આવ્યા. બાળપણ, જુવાની વિતી ગઈ અને શાનપણ પ્રૌઢાવસ્થાએ ઘર કર્યું.

પ્રભુકૃપાથી હર્યા ભર્યા ઘરમાં બાળકોના કલશોરથી દિવાળી અતિ સુંદર રીતે ઉજવાય છે. ઘર દિવડા, સાથિયા અને હસીખુશીથી ઉભરાય છે.

# સૌને દિવાળી - નવા વર્ષની શુભેચ્છા







**શ્રી ભરતભાઈ ઉર્ફે સુનિલભાઈ દયારામભાઈ પટેલ**

(પ્રમુખશ્રી)

કડવા પાટીદાર કેળવણી મંડળ


# નૂતન વર્ષાભિનંદન

હું તમારી સાથે બેસીશ, જમીશ
અને ખુલ્લા આકાશમાં તમારી સાથે
સાંજના સુગંધિત પુષ્પોની મહેક માણીશ.
હું ચમત્કારો માનું છું.
એક દિવસ એવો ઉગશે કે જયારે દરેક ઘરમાં,
ગલીમાં, ગામમાં, દરેક શહેરમાં લોકો
પડોશીઓને જઈને કહશે :
"મારા દોસ્તો, બંધુઓ, હું તમને ચાહું છું.
હું કયારેય કડવી વાતો નહી કરુ
મારું હૃદય ઝીણી ઝીણી કાળજી કરતું થઈ જશે
અને મારા હાથ છલકાશે મૈત્રીનાં સોગાતથી"
"માનવતા, હું તને ચાહું છું."
આ બોલી નાંખો, શબ્દ વિના કે શબ્દોથી.
આ બધું કહી દો, સ્મિતથી કે સંકેતથી.
હસ્તધૂનનથી કે આભારના શબ્દોથી.
ખભે હાથ મૂકીને કે ભેટી પડીને કહો,
આદરથી કહો, પાંપણ બિછાવીને કહી દો,
કહેવાના હજાર રસ્તા છે. તાજા અને નવા નવા.
રસ્તો ભલે કોઈપણ હોય.... રોજ રોજ... આજે...
"નવા વર્ષની પ્રભાતે તો ખાસ"
તાજગી ભર્યુ લાગે એમ કરો...
"માનવતા" તને હું ચાહું છું.

**શ્રી સુરેશભાઈ મગનભાઈ પટેલ**
(ઉપપ્રમુખશ્રી)
કડવા પાટીદાર કેળવણી મંડળ



# સંકલ્પ કરો... નવા વર્ષે



નવુ વર્ષ તો આવશે, જાશે અને ફરી આવશે,
અને નવા વર્ષે કંઈક સંકલ્પો તમારા હશે.
કરજો સંકલ્પો એવા કે તમ જીવન સફળ બને !
પ્રથમ તમ દેહને નિહાળો તમે, એ દેહની કાળજી રાખી છે તમે ?
નિયમિત હલનચલન અને યોગ્ય ખોરાક,
પાણી, દવા આપી સેવા કરી છે દેહની ?
અચાનક દર્દ કે જાણેલ બિમારી માટે દવા
ઈલાજો ભરી સેવા કરી છે દેહની ?



સ્નાન, સ્વચ્છતા અને યોગ્ય પહેરવેશ
દ્વારા દેખભાળ કરી છે દેહની ?
કંઈક ખોટું કર્યુ દેહ માટે,
તો, સંકલ્પ કરો કે
ભૂલ એવી ના કરી દેહને સંભાળશો તમે !
નવુ વર્ષ તો આવશે..... (૧)
હવે તમ હ્રદય-આત્માને નિહાળો તમે,
હ્રદય આત્માની કાળજી રાખી છે તમે ?
દુઃખી, ગરીબ, ભુખ્યાને નિહાળી દયા,
સેવા ભાવના પ્રગટાવી કદી હ્રદયમાં ?



અસત્ય, ક્રોધ, અભિમાન કરી વેદના કરી આત્મમાં
જનકલ્યાણ ભરી સેવા, પ્રભુશ્રધ્ધા ભરી શકિત ભરી.
તો, સંકલ્પ કરો,
કે ભૂલ એવી તો ના કરી હ્રદય-આત્મા સંભાળશો તમે !
નવુ વર્ષ તો આવશે..... (૨)
ı ! અરજ આટલી સ્વીકારી, જીવન સફળ કરજો ત


**શ્રી વિકાસભાઈ ગુલાબભાઈ પટેલ**
(મંત્રીશ્રી)
કડવા પાટીદાર કેળવણી મંડળ




# 'નવા વર્ષની અનેક શુભેચ્છા'


જીવનમાં કેટલીક બાબતો અણમોલ હોય છે. જેને આપણે જાળવી શકતા નથી. અને જે એનો ચચરાટ સદા દઝાડતો રહે છે. અને જીવન એમ જ વહી જાય છે. દોસ્તો, ઘણી વાર ગીત-સંગીત કસમયે ગવાય છે. અને જયારે ગાવાનો સમય આવે ત્યારે આખો દરબાર સૂનો હોય છે. આજના આ દિવાળી પર્વ મનની આ ઉલઝનને દૂર કરીએ.... મનની ગતિએ દિપની જેમ ઉર્ધ્વગામી બનાવીએ. અન્યના દિલમાં સુખનો દીવો પ્રગટાવીએ તો જ આ દિવાળી સાર્થક.... બાકી બાહ્ય સમૃધ્ધિ અને ભૌતિક ઝાકમઝોળથી સાચુ સુખ કયારેય મળતું નથી. બધું હોય છતાં મન ઉદાસ રહે એનો મતલબ એ કે અંદરથી કશીક ગડબડ છે આ અંદરની ગરબડને દૂર કરીએ.





પર્વ હે પુરૂષાર્થ કા,
દિપ કે દિવ્યાર્થ કા,
દેહરી પર દિપ એક જલતા રહે,
અંધકાર સે યુધ્ધ યહ ચલતા રહે,
હારેગી હર બાર અંધિયાર કી ધોર-કાલિમા.
જીતેગી જગમગ ઉજિયારે કી સ્વર્ગ લાલિમા.
દિપ કી જયોતિ કા પ્રથમ તીર્થ હૈ
કાયમ રહે ઈસકા અર્થ વરના વ્યર્થ હૈ





**શ્ર યોગેશભાઈ સીતારામભાઈ પટેલ**
(સહમંત્રીશ્રી)
કડવા પાટીદાર કેળવણી મંડળ

Happy New Year

# "હે દીપાવલિ ! સ્વાગતમ્"

હે દીપાવલિ ! સ્વાગતમ્...
તેજલમર્દતિ ! પર્વ - મહારાણી
ભારતવર્ષ - સંસ્કૃતિ - ધર્મ પ્રકાશે તું ઝળહળતી.
શુભ-મંગલ-લાભ, ઐશ્વર્ય તું સોહાતી.
ઝળક-ઝળક, "દીપ-ચૂડીઓ", તે પહેરી,
અજબ-ગજબ, તેજ ઓઢણિયું ઓઢી.
નગર ગામડે, રંક-પરાક્રમ, ભેટ-સોગાદો દેતી.
ગરવી યાદ જય-વિજયની, સ્મરણરૂપે તું આવી,
નવલવર્ષે જનજીવનને થાવા, તું અજવાળું કરતી,
યુગો ગયા, પણ તારા પર્વે, દીપ સદા પ્રગટતા
ભારતવર્ષ-પર્વધર્મ, સૌ તારી પાછળ આવે.
જનજન, મનમન, સૌ, એકમેકમાં ફોર્યા.
મોઢાં મીઠા, હરખી-હરખી, એકબીજાના કરતાં.
લાગે એવુ : સ્વર્ગ ઊતર્યુ, જાણે તુજ પર્વે,
સૌ ફરતા : ફુલ ગુલાબી, કેવા હરખ પદૂડા !
તું વર્ષે વર્ષે, આનંદ સુખદાયી સદૈવ,
હૈ દિપાવલિ ! સ્વાગતમ્... સ્વાગતમ્... સ્વાગતમ્...

**શ્રી અમિષભાઈ નગીનભાઈ પટેલ**
(ખજાનચી)
કડવા પાટીદાર કેળવણી મંડળ


# નૂતન વર્ષાભિનંદન









દિલમાં દીવો કરો રે, દીવો કરો.
કૂડા કામ -ક્રોધને પરહરો રે, દિલમાં દીવો કરો રે.
દયા - દિવેલ પ્રેમ - પરણાયું લાવો, માંહી સુરતાની દિવેટ બનાવો
મહીં બ્રહ્મ અગ્નિ ચેતાવો રે, દિલમાં દીવો કરો રે.
સાચા દિલમાં દીવો જયારે થાશે, ત્યારે અંધારું સૌ મટી જાશે,
પછી બ્રહ્મલોક તો ઓળખાશે રે, દિલમાં દીવો કરો રે.
દીવો અભણે પ્રગટે એવો, તનના ટાળે, તિમિરના જેવો
એણે નયણે તો નરખીને લેવો રે, દિલમાં દિવો કરે રે.
દાસ રણછોડે ઘર સંભાળ્યુ, જડી કૂંચીને ઊઘડયું તાળું
થયુ ભોમંડળમાં અજવાળુરે, દિલમાં દીવો કરો રે.






સૌને શુભ દિપાવલી અને નૂતન વર્ષાભિનંદન
દીવાળીના દિવડાઓ તમારા અંતરને ઝગમગાવે....
આંગણે પૂરેલા સાથિયાઓ મિત્રો અને સ્નેહીઓ વચ્ચે આત્મીયતાને વિકસાવે.
દિવાળી માત્ર ફટાકડા અને મીઠાઈ પૂરતું સીમીત ન રહેતાં પ્રેમ અને આનંદ
વહેંચવાનું પર્વ બને તેવી હાર્દિક શુભેચ્છા.

**શ્રી જયંતિભાઈ છોટુભાઈ પટેલ**
(પૂર્વ પ્રમુખશ્રી)
કડવા પાટીદાર કેળવણી મંડળ



# નૂતન વર્ષાભિનંદન



સૌને શુભ દિપાવલી અને નૂતન વર્ષાભિનંદન.

દિવાળીના દીવડાઓ તમારા અંતરને ઝગમગાવે...


આંગણે પૂરેલા સાથિયાઓ મિત્રો અને સ્નેહીઓ વચ્ચે આત્મીયતાને વિકાસવે.

દિવાળી માત્ર ફટાકડાં અને મીઠાઈ પૂરતું સિમીત ન રહેતા પ્રેમ અને આનંદ વહેંચવાનું પર્વ બને તેવી હાર્દિક શુભેચ્છા.

આ પર્વદિને એવી પ્રાર્થના કરીએ કે કોઈકના જીવન-દીવડામાં આપણે પ્રકાશ રેલી શકીએ, કોઈક મૂરઝાયેલા ચહેરાઓ પર સ્મિત ઝળકાવી શકીએ... કોઈક જીવન આંગણે મધુર રંગોલી કરી શકીએ.

ફટાકડાનાં શોમાં દીન દુઃખીયાનો આર્તનાદ ભૂલી ન જઈએ... ઈશ્વરે આપણને જે આપું હોય તે માંથી બીજાને થોડુ બીજાને વહેંચીએ... અને આવુ એક દિવસ જ નહીં, આવનાર પ્રત્યેક દિવસ કરીએ. પ્રત્યેક પળને ઉલ્લાસથી વધાવીએ.





"એક બીડું છે હૃદય ! ચાલ ઉઠાવી લઈએ,
આ છે ઈર્ષ્યા અને અદેખાઈના ધ્વની દૂનિયા
શકય હોય ત્યાંથી મહોબ્બતને બચાવી લઈએ.
ખૂબ વ્યાપ્યો છે જગે બુધ્ધિએ સરજેલો પ્રકાશ,
લાગણીના એથી અધિક દીપ જલાવી દઈએ..."





**શ્રી રમેશભાઈ નાથુભાઈ પટેલ**
(પૂર્વપ્રમુખશ્રી)
કડવા પાટીદાર કેળવણી મંડળ

# સાલ... મુબારક...

નવા વર્ષે.... મંગળ દિનોની જાજમ પર
દરેક દરેક સાથે બાંધવી છે માનવ પ્રિત.
સમય નામના ઘાટ પર, સંબંધો ઘડાયેલા લિસ્સા પથ્થર પર
મિત્રતાનું - માનવતાનું અલૌકિક સંગીત...
આપણા કાને અથડાય એવી ઈચ્છા છે.
હૃદય ના ભાવને ભીતરથી લઈ હાથ ઉપર મૂકી
ધબકતા લોહીનું કંપન અનુભવવાની આકાંક્ષા છે.
વિકલ્પોના ચરણમાં મીઠી યાદોનાં ફુલો ધરી દઈને
સુગંધી આભાસનું ચંદન ઘસી જોવાની જિજ્ઞાસા છે.
લાંબા સમયના મૌનના સૂકા નિર્જીવ બરફને તોડી
લાગણીઓના ઠરેલાં જળનું સ્પંદન માણવાની મહેચ્છા છે.
આંસુઓના પડે પ્રતિબિંબ એવા સ્વચ્છ દર્પણ નિહાળવા છે.
કહ્યા વિના સઘળુ સમજે એવા સગપણ બાંધવાની તમન્ના છે.
આવો... લાવો તમારો સહકાર
ભર્યો... સૂમેળ ભર્યો હાથ ને સાથ
નૂતન વર્ષે અભિનંદન પાઠવવા
હૃદયેની ઉર્મિ પ્રગટ કરવા જોઈએ
જોઈએ બસ તમારો સાથ ને સંગાથ

**શ્રી શાંતિલાલ જગુભાઈ પટેલ**
(પૂર્વ પ્રમુખશ્રી )
કડવા પાટીદાર કેળવણી મંડળ

# ''નવલા.... નૂતન વર્ષે''


"નવલા.... નૂતન વર્ષે...
લાવો તમારો સ્નેહભીનો હાથ...
આપણે સૌ પરસ્પર સ્નેહથી મેળવીએ.
આપો તમારો ઉદારતા ભર્યો સાર્થ."

સુજ્ઞ જ્ઞાતિજનો તથા વાચક મિત્રો,


## "Happy New Year"

દિવાળી એટલે પ્રકાશનો તહેવાર...
અજ્ઞાનથી અંધકારનો નાશ કરી જ્ઞાનનો પ્રકાશ તરફનું પ્રયાણ...
અજ્ઞાન એટલે મનનો અંધકાર...
ભીતરનું અંધારુ... સત્ અને અસત્‌ને ઓળખવાની
વિવેક દ્રષ્ટિનો અભાવ,
દુગર્ણોને હાલ અને ગુણોને વિદાય...
સમજણનો અનાદર અને જડતાનો સ્વીકાર..
અંદરના અંધકારની વ્યાખ્યા ખૂબ વિશાળ છે.
અંધકાર એટલે અવળી દિશાનું ખેડાણ
હાથે રહીને કૂવામાં પડવાનું ખેંચાણ...
દિવાળી ને દિવસે દિપ પ્રગટાવીને આ બધાનો નાશ કરવાનો છે
કવિ પણ કંઈ આવું જ કહે છે.

**શ્રી સુમનભાઈ ચીમનભાઈ પટેલ**
(પૂર્વ મંત્રીશ્રી)
કડવા પાટીદાર કેળવણી મંડળ




# ભીતરને... અજવાળ...







ભીતર ને અજવાળ
પામ્યો તેને માપ્યું નહીં ને
માપીને પામ્યા.
માણ્યું તેનું ગાંણું નહીને
રહ્યું તેની ખજવાળ
વરસ્યું એથી વિશ્રામ નહીંને
કોરાનો કચવાટ,
મળ્યું તેની મસ્તી નહીંને
ખૂટયું તેનો કકળાટ
મન તું ભીતરને અજવાળ
ઝંખતા ઝંખતા ઝાંખ પડીને
શોધતા - શોધતા સાંજ
જળયું તેને જાળવ્યું નહીને
ખોયું તેનો ચચરાટ
મન તું ભીતરને અજવાળ
ગાયું તે તો ગીત નહીંને
સૂણ્યું નહીં સંગીત
અલખનો જયારે સૂર રેલાયા
સૂનો હતો દરબાર
મન તું ભીતરને અજવાળ





- ડૉ. વસંત પરીખ

**શ્રી હેમંતભાઈ નાથુભાઈ પટેલ**
(પૂર્વ મંત્રીશ્રી)
કડવા પાટીદાર કેળવણી મંડળ

# દીપજયોતિ... નમોસ્તુતે !

शुभं करोतु कल्याणमारोग्यं धनसंपदा ।
शत्रुबुद्धिविनाशाय दीपज्योतिर्नमोडस्तुते ॥
दीपज्योतिः परब्रह्म दीपज्योतिर्जनार्दनः ।
दीपो हरतु मे पापं दीपज्योतिर्नमोडस्तुते ॥

દિવાળી અને નૂતન વર્ષની શુભકામનાઓ
તમારો સહવાસ પામી, તમારો રસ મેળવી,
પ્રેરણા ઝીલી તમારા, ચિત્તને નિત કેળવી,
ગણાતી તી જે અસાર વળી વિષ સમી તે બધી,
જિંદગી ઉત્સવ સમી, મારે ખરેખર છે થઈ.
ટળી છે કટુતા, મટી ચિંતા, હતી ગમગીન તે,
હસે છે આજે હંમેશા જિંદગી રસપૂર્ણ એ;
તમારા જ પ્રતાપથી મિલકત મળી મોઘી ગઈ,
ઉજાણી મારે સદાની દિવાળી સાચી થઈ.
તમારી જ કૃપા થકી જીવન સુંદર બની ગયું.
તમારા જ પ્રસાદથી હળદર ટળ્યું, અમૃત મળ્યું;
પધ્ધલિતને પ્રાણ દીધો, સ્થાન મસ્તક પર ધર્યુ,
તે જ દિનથી દર્દ નાઠું, અમંગલ સઘળું ટળ્યું.
કેમ વિસરું કહો તમને જિંદગી જેણે ધરી
નદી પ્રેમણ પ્રાણની છો સિંધુ પ્રતિ જાયે સરી !

જયાં પ્રકાશ હોય છે. ત્યાંથી અંધકાર દૂર થઈ જાય છે. જયાંથી અંધકાર દૂર થઈ જાય છે. ત્યાં માંગલ્ય થાય છે, સર્વત્ર શુભ થાય છે, દયાં આરોગ્ય પણ સારું રહે છે. ત્યાં ધનસંપતિ પણ હોય છે. કામ, ક્રોધ, લોભ, મદ, મોહ વગેરેનો નાશ થઈ જાય છે. પાપનું કારણ અજ્ઞાન છે, અને આ અજ્ઞાનને દૂર કરનાર દીપક છે. આપણા જીવનમાં તે જ્ઞાનનો પ્રકાશ લાવે છે. અને આ અજ્ઞાનના અંધકારને દૂર ભગાવી દે છે.

**સૌ જ્ઞાતિજનોને દિવાળી તથા નવાવર્ષની શુભેચ્છા.**

**શ્રી નવીનભાઈ નારણભાઈ પટેલ**
(પૂર્વ મેનેજીંગ ટ્રસ્ટી, વિદ્યામંગલ)

# दीपावली

# "आओ मिलकर दीप जलाएं"

आओ मिलकर दीप जलाएं
अँधेरा धर सें दूर भगाएं
रह न जाय अँधेरा कही घर का कोई सूना कोना
सदा ऐसा कोई दीप जलाते रहना
हर धर - आँगन में रंगोली सजाएं
आओ मिलकर दीप जलाएं...

हर दिन जीते अपनो के लिए
कभी दूसरो के लिए भी जी कर देखे
हर दिन अपने लिए रोशनी तलाशे
एक दिन दीप सा रोशन होकर देखे
दीप सा हरदम उजियारा फैलाएं
आओ मिलकर दीप जलाएं...

भेदभाव, ऊँच-नीच की दीवार ढहाकर
आपस में सब मिल जुल पग बढाएं
पर सेवा का संकल्प लेकर मन में
जहाँ से नफरत की दीवार ढहायें
सर्वहित संकल्प का थाल सजाएँ
अँधेरा धरा सें दूर भगाए...

**શ્રી અશ્વિનભાઈ ભાઈદાસભાઈ પટેલ**
(પ્રમુખશ્રી)
કામરેજ સુગર ફેક્ટરી

# દિવાળીની શુભકામના અને નૂતનવર્ષ સહુને મંગલદાયી હો !

દિવાળી એટલે અસત્ય પર સત્યનો વિજય,
દીવડાં તિમિર નાશક છે,
તેમાં પ્યારનું તેલ પૂરી સ્નેહની વાટ બનાવી સમજણનો પ્રકાશ રેલાવીએ. નાનેરાઓ નાસમજ હોઈ શકે મોટેરા નહીં, દિલની ઉદારતા દર્શાવે. દિવાળીને હોશભેર મનાવીએ, આનંદ ઉલ્લાસ ફેલાવીએ. સહુનું મંગલ થાય તેવી પ્રાર્થના.

અંતરમાં જ્ઞાનની જયોત જલતી રહે, તોરણ બાંધી ખુશી દર્શાવીએ. શુભ અને લાભ સહુનું વાંછીએ, દ્રેષ, વેરઝેર, ઈર્ષ્યાને તિલાંજલી.
નવા વર્ષને પ્રેમે વધાવીએ.

"ઘર ઘર દીવડા પ્રગટાવો, ઘર ખર તોરણિયા બંધાવો,
આંગણે સાથિયા પૂરાવો. આજ દિવાળી આવી...
દિવાળીને શુભકામના... નવા વર્ષના અભિનંદન...

Happy
Newyear

**શ્રી સુચેતન છીતુભાઈ પટેલ**
(ભૈરવ)
પ્રમુખશ્રી યુવક મંડળ

**શ્રી ભાવિકભાઈ નલિનભાઈ પટેલ**
(કુડસદ)
ઉપપ્રમુખશ્રી યુવક મંડળ

**શ્રી કેયુરભાઈ મનહરભાઈ પટેલ**
(કોળી ભરથાણા)
મંત્રીશ્રી યુવક મંડળ




# દીપ જલાવી દઈએ...!

**દિ:** દિલમાંથી મેલને તિલાંજલી આપવી.

**વા:** વાળીઝુડીને સ્વાર્થ અને ઈર્ષ્યા દૂર કરવા.

**ળી:** ફળીયાને ફળીયું સાથિયા અને દિવડાથી શણગારવું.

"૨૦૨૧ નું વર્ષ લાવે ઉમંગ, ઉન્નતિ ને ઉત્કર્ષ
કીર્તિ વળીને મળે જશ, જન જન ને મળે તંદુરસ્તીની નસે નસ
તન દુરસ્તી મનમાં મસ્તી, લક્ષ્મીની કૃપા દ્રષ્ટિ પ્રેમની પુષ્ટિ
પ્રભુ ભકિતમાં, ના રહે કોઈ ત્રુટી, પ્રજવલ્તિ રહે હર દિપની જયોતિ
બે હજાર બાવીસમાં સહુને રાખે હસ્તી, પંચામૃતની એ શકિત
પરિવાર પ્રેમ સહિત સહુને પાઠવતી અભિનંદન... અભિનંદન...

## નૂતન વર્ષાભિનંદન

**નીતાબેન રાજેન્દ્રકુમાર પટેલ**
પ્રમુખશ્રી મહિલા મંડળ

**જયોતિબેન અશોકભાઈ પટેલ**
ઉપપ્રમુખશ્રી મહિલા મંડળ

**રાજેશ્વરીબેન મુકેશભાઈ પટેલ**
મંત્રીશ્રી મહિલા મંડળ

**ગીતાબેન રાજેશભાઈ પટેલ**
ખજાનચીશ્રી મહિલા મંડળ

# સાલ મુબારક



ઉગતી ઉષાએ
આથમતી સંધ્યાએ
વીતી જાય રાત
ઉગે નૂતન પ્રભાત
હા, નવલા વરસની વાત



નવા વરસ ના વધામણાં...

સંવત ૨૦૭૮ નું આ નૂતન વર્ષ સમાજ પરિવાર
તથા વિદ્યાર્થી પરિવાર માટે ભકિતમય,
સુખમય, શાંતિમય, સ્વસ્થમય, શ્રેયસ્કર
અને સફળ રહે અને આ નવા વર્ષમાં
આપની તથા આપના પરિવારની સુખ, શાંતિ,
સમૃધ્ધિ માં ઉત્તરો ઉત્તર વધારો થાય,
દરેક ક્ષેત્રમાં કલ્યાણમયી પ્રગતિ થાય
એવી શુભકામનાઓ સહ...
વિદ્યામંગલ નિવાસી શાળા તરફથી
આપને અને આપના પરિવાર ને

## નૂતન વર્ષાભિનંદન


**શ્રી સુનીલભાઈ ઈચ્છુભાઈ પટેલ**
(કન્યાસી)
મંત્રીશ્રી, વિદ્યામંગલ ગુજરાતી માધ્યમ

**શ્રી અમીતભાઈ ઈશ્વરભાઈ પટેલ**
(કારેલી)
સહમંત્રીશ્રી, વિદ્યામંગલ ગુજરાતી માધ્યમ

**શ્રી પિંકલબેન હિરેનભાઈ પટેલ**
(હરિપુરા)
ઈનચાર્જ મંત્રીશ્રી, વિદ્યામંગલ અંગ્રેજી માધ્યમ

**શ્રી સમીરભાઈ મુકેશભાઈ પટેલ**
(કન્યાસી)
ઈનચાર્જ સહમંત્રીશ્રી, વિદ્યામંગલ અંગ્રેજી માધ્યમ

|| શ્રી ગણેશાય નમઃ || **શ્રધ્ધાંજલિ** || શ્રી જય અંબે માઁ ||



# પ્રભુભાઈ નાગરભાઈ પટેલ

**જન્મ તા. ૧૫-૦૮-૨૦૨૮** **સ્વ. તા. ૦૬-૦૫-૨૦૨૧**

મરણ કરતા સ્મરણ બળવાન છે. આપની સ્મૃતિ એક વરદાન છે. આપની હયાતી અમારી પ્રેરણા હતી. આપના આદર્શ અને કાર્યક્ષમતા અમારા માર્ગદર્શક હતા. આપનો માયાળુ અને નિઃસ્વાર્થ સ્વભાવ અમને સદા પ્રેરણા આપતો રહેશે. આપનું જિવન આદર્શપુર્વક જીવી ગયા અને ઘરના સર્વે માટે કેમ જીવવુ એ જીવનમંત્ર મૂકી ગયા તમામ અથાગ પરિશ્રમ દ્વારા સાંપડેલી રીધ્ધી સિધ્ધી અને જીવનભરના શ્રમયરી ફલસિધ્ધી માટે અમો આપના સદાય ઋણી છીએ.

પ્રભુ આપનાં દિવ્ય આત્માને શાંતિ અર્પે એવી પ્રભુ પ્રાર્થના.

## આપનાં ગુણાનુરાગી

ગં.સ્વ. હસુમતીબેન (શાંતાબેન) પ્રભુભાઈ પટેલ

| | |
|---|---|
| કલ્પનાબેન શૈલેષભાઈ પટેલ | શૈલેષભાઈ ભીખાભાઈ પટેલ (ભાઈ) |
| ચેતનાબેન જયેશભાઈ પટેલ | જયેશભાઈ બાલુભાઈ પટેલ (ભત્રીજા) |
| કાશ્મીરાબેન હિમાંશુભાઈ પટેલ | હિમાંશુભાઈ પ્રભુભાઈ પટેલ (પુત્ર) |
| કવિતાબેન આસિતભાઈ પટેલ | આસિતભાઈ ડાહ્યાભાઈ પટેલ (ભત્રીજા) |
| સ્વાતિબેન જીજ્ઞેશભાઈ પટેલ | જીજ્ઞેશભાઈ શૈલેષભાઈ પટેલ (ભત્રીજા) |
| કામાક્ષીબેન જયંતભાઈ પટેલ | જયંતભાઈ શૈલેષભાઈ પટેલ (ભત્રીજા) |
| સર્વમબેન કેતવભાઈ પટેલ (પૌત્રવધુ) | કેતવભાઈ જીજ્ઞેશભાઈ પટેલ (પૌત્ર) |
| સંગીતાબેન અશોકકુમાર પટેલ (પુત્રી) | અશોકકુમાર બાલુભાઈ પટેલ (જમાઈ) |
| પ્રજ્ઞાબેન કેતનકુમાર પટેલ (પુત્રી) | કેતનકુમાર વસંતભાઈ પટેલ (જમાઈ) |
| ખુશ્બુબેન રીંકલકુમાર પટેલ (પૌત્રી) | રીંકલકુમાર જીતુભાઈ પટેલ (પૌત્રી જમાઈ) |
| લીન્ઝીબેન અંબરીષ પટેલ (દોહીત્રવધુ) | અંબરીષ અશોકકુમાર પટેલ (દોહીત્ર) |


દેવાંગી, જય, મીત, ધ્યાની, કશિશ, કાવ્યા, તન્મય, રિહાના, નિર્માણ, અનન્યા
તથા સમસ્ત આંબાસણીયા પરિવાર (ઘાતવા)

**:: નિવાસ સ્થાન ::**

૨૦૨, મહાદીપ એપાર્ટમેન્ટ, પાલડી, અમદાવાદ

# લાલચૂડા કડવા પાટીદાર સમાજ

## સદ્ગત શ્રી ભોગીલાલ ભીખાભાઈ પટેલ ને
## ભાવભીની શ્રધ્ધાંજલી



**જન્મ તા. ૧૧-૧૧-૧૯૩૪** **સ્વ. તા. ૯-૧૦-૨૦૨૧**

વિકાસની અનંત શકયતાઓ હોવા છતાં મૃત્યુની અદ્રશ્ય પાંખોના ફફડાટ માનવજીવનની ક્ષણભંગુરતાં અને નશ્વરતાનું ચિંતન કરવા પ્રેરે છે. આ પરિવર્તનશીલ વિશ્વમાં બધુ જ મિથ્યા છે આભાસી છે. એક માત્ર સત્ય હોય તો તે મૃત્યુ છે અને મૃત્યુ પાછળ વ્યકિત તેણે કરેલા સતકાર્યનું ભાથું મૂકી જાય છે. સત્તા, સંપતિ, કુટુંબ, સમાજ બધું જ અહી રહી જાય છે.

વ્યકિતએ જનહિતાર્થે કરેલ સામાજીક, શૈક્ષણિક અને આરોગ્ય તેમજ આત્મિક સત્કાર્યોથી અમર બને છે પોતાની સેવાભાવી કાર્યોની મઘમઘતી સુવાસ છોડી જાય છે.

આવા એક સજ્જન સેવાભાવી, પ્રભુ પરાયણ વ્યકિતત્વનાં સ્વામી સ્વર્ગસ્થ ભોગીલાલભાઈ એ આપણી સૌની વચ્ચેથી શનિવારે તા. ૯-૧૦-૨૦૨૧ ના રોજ ભાવભીની વિદાય લઈ પ્રભુપંથે પરાયણ કરી ગયા છે. જેની કુટુંબ, સમાજ તેમજ સેવાભાવી સંસ્થાઓને ન પૂરાય એવી ખોટ પડી છે.

શ્રી લાલચૂડા કડવા પાટીદાર સમાજ સંચાલિત કડવા પાટીદાર કેળવણી મંડળના ઉપપ્રમુખ પદે ૧૯૮૫ થી જોડાઈ સમાજ સેવાનું સુકાન સંભાળ્યું હતું.

ભણતર કરતાં પણ જેમનું ગણતર અને અનુભવથી સમાજનાં વિકાસનાં પાયા સમાન કૃષિમંગલ, ઉમામંગલ તેમજ વિદ્યામંગલની સ્થાપનામાં સ્વ. પ્રમુખ મુરબ્બી શ્રી જગુભાઈ સાથે રહીને તેમણે આ પરિકલ્પોની સ્થાપનામાં તન, મન, ધનથી ઘસાઈને સમાજનું ઉત્તરદાયીત્વ નિભાવ્યું હતું.

કૃષિમંગલનાં પહેલા માળે આવેલ કુળદેવી શ્રી ઉમિયા માતાજી મંદિરની સ્થાપના માટે એમનાં પરિવાર તરફથી મળેલ ઉમદા દાન ને આપણે ભૂલી શકીએ નહી.

આવા વ્યકિત્વનાં સ્વામી સ્વ. ભોગીલાલભાઈનાં અવસાનથી મંડળને તેમજ સમાજને તેના સદ્કાર્યોની સેવાની સદા ખોટ સાલશે.

અમે હોદ્દેદારાશ્રીઓ તેમજ ટ્રસ્ટીશ્રીઓ તેમને હાર્દિક શ્રધ્ધાંજલિ અર્પણ કરીએ છીએ તેમજ તેમના વિશાળ કુટુંબનાં સભ્યોને પ્રભુ આ દુઃખ સહન કરવાની શકિત અર્પે એજ પ્રભુ પ્રાર્થના.

## કડવા પાટીદાર કેળવણી મંડળ

કૃષિમંગલ, સુરત

પ્રમુખશ્રી : **ભરતભાઈ ઉર્ફે સુનીલભાઈ દયારામભાઈ પટેલ**

ઉપપ્રમુખશ્રી : **સુરેશભાઈ મગનભાઈ પટેલ** સહમંત્રીશ્રી : **યોગેશભાઈ સીતારામભાઈ પટેલ**

મંત્રીશ્રી : **વિકાસભાઈ ગુલાબભાઈ પટેલ** ખજાનચીશ્રી : **અમીષકુમાર નગીનદાસ પટેલ**

**તથા ટ્રસ્ટી મંડળ અને આમંત્રિત સભ્યશ્રીઓ**

## સમાચાર દર્પણ



ગામ જોખાની શ્રી પરિમલભાઈ જયંતિભાઈ ના સુપુત્ર ચિ. આદિત્યે VNSCU થી B.Sc. ની ડિગ્રી ૯૦% સાથે મેળવી છે. ઉમાવાણી તેમને શુભેચ્છાસહ અભિનંદન પાઠવે છે.



ગામ જોખાના શ્રી અશ્વિનભાઈ ચંદુભાઈ ની સુપુત્રી ચિ. પ્રાચીએ UKA TARSADIA UNI. માંથી B.Com ની ડિગ્રી મેળવી છે. ઉમાવાણી તેમને શુભેચ્છાસહ અભિનંદન પાઠવે છે.



ગામ સાંધીએર, હાલ કામરેજ ચાર રસ્તાના શ્રી ચેતનભાઈ ગોવિંદભાઈ પટેલની પુત્રવધુ તથા ઉમરા હાલ કામરેજ ચાર રસ્તાના શ્રી આશિષભાઈ રમેશભાઈ ની સુપુત્રી ચિ. ડૉ. માનસી મીતભાઈ પટેલે પારૂલ યુનિ. માંથી D.Pharmacy ની ડિગ્રી ડિસ્ટ્રીકશન સાથે મેળવી છે. હમણાં તેઓ Tri. Colour Hospital,. વડોદરા ખાતે સેવા આપી રહ્યાં છે. ઉમાવાણી વધુ પ્રગતિ માટે શુભેચ્છા પાઠવે છે.



ગામ છાપરાભાઠા, હાલ સુરત શ્રી ચેતન ભગવતીભાઈ ની સુપુત્રી ચિ. કર્તવી એ M.S. Uni. (બરોડા) માંથી Computer Sic. Eng. ની ડિગ્રી 9.19 (CGPA) સાથે B.Tech ની ડિગ્રી મેળવી છે. જેમણે CAT ની Exam માં 99.18% મેળવી FMS (Faxulty of Management Stuties), Delhi માં અભ્યાસ કરી રહ્યાં છે. ઉમાવાણી તેમને વધુ પ્રગતિ માટે શુભેચ્છાસહ અભિનંદન પાઠવે છે.



સુરતના શ્રી મિતેષ રમેશભાઈ પટેલ (શંભુવાળા-માંકણા) ના સુપુત્ર ચિ. મિહિરે Texas Wesleyan Uni. in fortworth TX માંથી B.B.A. with finance as major માં Graduation કરી હાલ Master of Science in Business Data Analytics of university of North Tetax, Denton માં વધુ અભ્યાસ કરી રહ્યાં છે. ઉમાવાણી તેમને વધુ પ્રગતિ માટે શુભેચ્છાસહ અભિનંદન પાઠવે છે.



ગામ ઉંભેળ હાલ નવસારી ના શ્રી યોગેશભાઈ ઠાકોરભાઈ ની સુપુત્રી ચિ. હેલી એ VNSGU Uni. માંથી M.Sc. Microbiology ની ડિગ્રી ફર્સ્ટકલાસ વીથ ડ્રિસ્ટ્રીકશન સાથે 7.36 (CGPA) સાથે મેળવી છે. ઉમાવાણી તેમને શુભેચ્છાસહ અભિનંદન પાઠવે છે.



ગામ પીપોદરા હાલ સુરત ના શ્રી હિતેશભાઈ મોતીભાઈ ના સુપુત્ર ચિ. હર્ષે GTU માંથી B.E. ની ડિગ્રી 7.44 (CPI) સાથે મેળવી છે. ઉમાવાણી શુભેચ્છા પાઠવે છે.



ગામ ઉધનાના શ્રી સંજયભાઈ અરવિંદભાઈ ના સુપુત્ર ચિ. જુગલે SCET સુરત માંથી B.Tech (IT) ની ડિગ્રી 7.10 (CGPA) સાથે મેળવી છે. હવે Master કરવા માટે U.S.A. ગયા છે. ઉમાવાણી વધુ અભ્યાસ માટે શુભેચ્છાસહ અભિનંદન પાઠવે છે.



ગામ પીપોદરા શ્રી ધર્મેશભાઈ દિનેશભાઈ ના સુપુત્ર ચિ. નીર્સગે B.B.A. ની ડિગ્રી પી.પી. સવાણી યુનિ. માંથી 9.33 (SGPA) સાથે મેળવી છે. ઉમાવાણી શુભેચ્છાસહ અભિનંદન પાઠવે છે.



ગામ ઉંભેળના શ્રી રાકેશભાઈ મનુભાઈ ના સુપુત્ર ચિ. વત્સલે BE. (Com) ની ડિગ્રી 6.46 (CGPA) સાથે મેળવી છે. ઉમાવાણી શુભેચ્છાસહ અભિનંદન પાઠવે છે.



ગામ પીપોદરા હાલ કામરેજ ચાર રસ્તા ના શ્રી ધર્મેશભાઈ કાંતિભાઈ ના સુપુત્ર ચિ. જયે B.Sc. IT ની ડિગ્રી પી.પી. સવાણી યુનિ. માંથી 7.57 (SGPA) સાથે મેળવી છે. ઉમાવાણી શુભેચ્છાસહ અભિનંદન પાઠવે છે.



ગામ ધોરણ પારડી ના હિતેશભાઈ રતિલાલ પટેલના સુપુત્ર ચિ. દિપે SCET, સુરત માંથી BE. (Electrical) ની ડિગ્રી 9.38 (SPI) સાથે મેળવી છે. ઉમાવાણી શુભેચ્છાસહ અભિનંદન પાઠવે છે.



ગામ કામરેજના શ્રી કેતનભાઈ ચંપકભાઈ ના સુપુત્ર ચિ. પ્રણવે B.Com LL.B. ની ડિગ્રી 6.07 (CGPA) સાથે VNSGU યુનિ. માંથી મેળવી છે. ઉમાવાણી શુભેચ્છાસહ અભિનંદન પાઠવે છે.



ગામ ઘાતવા હાલ કામરેજ ચાર રસ્તા શ્રી શૈલેષભાઈ નગીનભાઈ ની સુપુત્રી ચિ. હેમાલી એ B.E. (એન્વામેન્ટલ એન્જિનીયરીંગ) ની ડિગ્રી GTU માંથી 9.23 (CGPA) સાથે મેળવી છે. હાલ કેનેડામાં અભ્યાસ કરી રહ્યાં છે. ઉમાવાણી શુભેચ્છા પાઠવે છે.



ગામ ઉમરાના શ્રી સમીરભાઈ અરવિંદભાઈ ની સુપુત્રી ચિ. નિર્મોહી એ B.E. (કોમ્પુ.) ની ડિગ્રી 9.55 (CGPA) સાથે મેળવી છે. ઉમાવાણી વધુ અભ્યાસ માટે શુભેચ્છાસહ અભિનંદન પાઠવે છે.



ગામ કન્યાસી ના શ્રી પરેશભાઈ નવનીતભાઈ ના સુપુત્ર ચિ. ભૂમિકે પારૂલ યુનિ. માંથી B.Tech ની ડિગ્રી 7.17 (CGPA) સાથે મેળવી છે. ઉમાવાણી શુભેચ્છાસહ અભિનંદન પાઠવે છે.




ગામ બૌધાન ના શ્રી જીતેન્દ્રકુમાર નટવરલાલ પટેલ ના સુપુત્ર ચિ. નેવિલે GTU માંથી 8.73 (CGPA) સાથે B.Pharm ની ડિગ્રી મેળવી છે. ઉમાવાણી શુભેચ્છાસહ અભિનંદન પાઠવે છે.



સુરત (સુતરીયા ટાઉન) મૂળ ગામ માંકણાના શ્રી સતીષભાઈ રણજીતભાઈ પટેલ ના સુપુત્ર ચિ. વીકી એ C.A. ની ડિગ્રી મેળવી છે. ઉમાવાણી શુભેચ્છાસહ અભિનંદન પાઠવે છે.



ગામ કોળી ભરથાણા હાલ સુરત ના શ્રી મુકેશભાઈ મોતીરામભાઈની પુત્રવધુ અને અલુરા ના શ્રી નિધિકાંત રમણભાઈ ની સુપુત્રી ચિ. અવધિ એ VNSGU માંથી M.Phil ની ડિગ્રી 6.33 (CGPA) થી First class સાથે પ્રાપ્ત કરી છે. ઉમાવાણી શુભેચ્છાસહ અભિનંદન પાઠવે છે.



હાલ કામરેજ ચાર રસ્તા (બૌધાન) ના શ્રી જયદિપકુમાર છોટુભાઈની સુપુત્રી ચિ. શ્રુતિ એ National forenic Sci. Uni. માંથી M.Tech in cyber security and Indident Response ની Post Graduation ની Degree 8.41 (CPI) સાથે મેળવી છે. હાલ Maltination IT company Accenture માં Security Analyst તરીકે Select થયા છે. ઉમાવાણી વધુ પ્રગતિ માટે શુભેચ્છાસહ અભિનંદન પાઠવે છે.



ગામ દેલાડ ના શ્રી જગદીશભાઈ ઈશ્વરભાઈની સુપુત્રી ચિ. પુજાએ VNSGU માંથી M.Com ની ડિગ્રી 6.83 (CGPA) સાથે મેળવી છે. હાલ કેનેડામાં અભ્યાસ કરી રહ્યાં છે. ઉમાવાણી શુભેચ્છા પાઠવે છે.



ગામ કુડસદના શ્રી શૈલેષભાઈ ઈશ્વરભાઈ ની સુપુત્રી ચિ. શ્રેયા એ M.Sc. Biotech ની ડિગ્રી First class સાથે મેળવી છે. ઉમાવાણી તેમને શુભેચ્છાસહ અભિનંદન પાઠવે છે.



ગામ ઉમરાના શ્રી પિયુષભાઈ અરવિંદભાઈ ના સુપુત્ર ચિ. નિર્દોષે M.E. (Com) ની ડિગ્રી 7.22 (CGPA) સાથે મેળવી છે. ઉમાવાણી શુભેચ્છાસહ અભિનંદન પાઠવે છે.



ગામ અબ્રામાના શ્રી મહેન્દ્રકુમાર ઠાકોરભાઈ ના સુપુત્ર ચિ. જૈમિને M.C.A. ની ડિગ્રી 7.84 (CGPA) સાથે મેળવી છે. ઉમાવાણી શુભેચ્છાસહ અભિનંદન પાઠવે છે.



ગામ અબ્રામાના શ્રી પિયુષભાઈ જયંતિભાઈ ના સુપુત્ર ચિ. રૂષિકે M.C.A. ની ડિગ્રી GTU માંથી 8.5 (CGPA) સાથે મેળવી છે. ઉમાવાણી શુભેચ્છાસહ અભિનંદન પાઠવે છે.



ગામ છાપરાભાઠાના શ્રી મનીષકુમાર ઈશ્વરભાઈ ઓથી ના સુપુત્ર ચિ. સન્નીકુમારે (કેનેડા) એ Master in Electrical Eng. ની ડિગ્રી Dis સાથે Windsor Uni. માંથી મેળવી છે. ઉમાવાણી શુભેચ્છાસહ અભિનંદન પાઠવે છે.



ગામ કરજણના હાલ સુરતના શ્રી દિનેશભાઈ વિઠ્ઠલભાઈ ની સુપુત્રી ચિ. શિવાની એ Auro Uni. માંથી B.Sc. Hospitality માં Graduation પુરુ કરેલ છે. હાલ MBA માટે USA ગયા છે. તેઓ U.S. માં Alliant International Uni. at california માં વધુ અભ્યાસ કરી રહ્યાં છે. તેઓ કેળવણી મંડળના પૂર્વ કેળવણી નિષ્ણાંત સ્વ.શ્રી વિઠ્ઠલકાકા ના પૌત્રી છે. ઉમાવાણી વધુ પ્રગતિ માટે શુભેચ્છાસહ અભિનંદન પાઠવે છે.



ગામ ઉંભેળ હાલ સુરતના શ્રી વૈદ્યરત્નમ્ સંદિપભાઈ પટેલ 'નિરામય' ના સુપુત્ર ચિ. પ્રીતે એલ.જી. મેડીકલ કોલેજ અમદાવાદ માંથી M.B.B.S. ની ડીગ્રી પ્રથમ વર્ગ સાથે મેળવી છે. હાલ તેઓ Neet PG ની Exam ની તૈયારી કરી રહ્યાં છે. ઉમાવાણી શુભેચ્છાસહ અભિનંદન પાઠવે છે.



ગામ ઉંભેળ હાલ સુરતના શ્રી વૈદ્યરત્નમ્ સંદિપભાઈ પટેલ 'નિરામય' ના સુપુત્રી ચિ. યેશા એ ભોપાલ મુકામે લક્ષ્મીનારાયણ મેડીકલ કોલેજ LNCT યુનિ. માંથી M.D. (Medicine) ની પરીક્ષા ૬૭% સાથે ઉર્તીણ કરેલ છે તેઓ હાલ Neet-SS ની પરીક્ષા ની તૈયારી કરી રહેલ છે. ઉમાવાણી શુભેચ્છાસહ અભિનંદન પાઠવે છે.



ગામ પરબ ના શ્રી દિપનભાઈ ચંદુભાઈ પટેલ ની સુપુત્રી ચિ. રિયાએ એપોલો હોસ્પિટલ, ગાંધીનગર માં Covid-19 ની સેવા ખૂબ જ નિઃસ્વાર્થ ભાવે આપી હતી. તે બદલ ઉમાવાણી અને સમાજ તરફથી તેમને ખૂબ ખૂબ અભિનંદન.



ગામ પરબ ના શ્રી અજયભાઈ હસમુખભાઈ પટેલની સુપુત્રી ચિ. મિલી એ એપોલો હોસ્પિટલ, ગાંધીનગર માં Covid-19 ની સેવા ખૂબ જ નિઃસ્વાર્થ ભાવે આપી હતી. તે બદલ ઉમાવાણી અને સમાજ તરફથી તેમને ખૂબ ખૂબ અભિનંદન.



ગામ પરબ ના શ્રી મહેન્દ્રભાઈ રમણભાઈ પટેલ ની સુપુત્રી ચિ. સૃષ્ટિએ એપોલો હોસ્પિટલ, ગાંધીનગરમાં Covid-19 ની સેવા ખૂબ જ નિઃસ્વાર્થ ભાવે આપી હતી. તે બદલ ઉમાવાણી અને સમાજ તરફથી તેમને ખૂબ ખૂબ અભિનંદન.



ગામ ઉંભેળના શ્રી મનુભાઈ ઉર્ફે મહેન્દ્રભાઈ ઈશ્વરભાઈ પટેલ શ્રી ઉંભેળ વિભાગ વિવિધ કાર્યાલય સહકારી મંડળી લિ. કાર્યક્ષેત્ર ઉંભેળ ગામ લાડવી ગામ, વલથાણ ગામ ની સેવા સહકારી મંડળીના બીનહરીફ પ્રમુખ તરીકે હાલમાં નિમણૂક થયા છે. અગાઉ પણ આ મંડળીના કમીટી સભ્ય તરીકે સેવા આપી હતી. હાલમાં ઉમાવાણી ના લેખક તથા સહસંપાદક તરીકે સેવા આપી રહ્યાં છે. ઉમાવાણી વધુ પ્રગતિ માટે શુભેચ્છાસહ અભિનંદન પાઠવે છે.



ગામ ભારૂંડી ના શ્રી અજિતભાઈ મંગુભાઈ પટેલ સોંસક ગ્રુપ કોટન સેલ્સ સોસાયટી લી. ઓલપાડ માં ઉપ-પ્રમુખ તરીકે નિમણૂક પામ્યા છે અને છેલ્લા ૨૦ વર્ષથી આજ સેવા મંડળીમાં કમીટી સભ્ય તરીકે ખૂબ પ્રમાણિકતાથી સેવા આપી રહ્યાં છે. ઉમાવાણી તેમને શુભેચ્છાસહ અભિનંદન પાઠવે છે.

## વિદ્યામંગલ સમાચાર

### * H.S.C. (વિજ્ઞાન પ્રવાહ) નું JEE નું પરિણામ *

કડવા પાટીદાર કેળવણી મંડળ સંચાલિત વિદ્યામંગલ નિવાસી શાળાનું ૨૦૨૦-૨૦૨૧ નું H.S.C. (વિજ્ઞાન પ્રવાહ) ગ્રુપ - A માં ૪૨ વિદ્યાર્થીઓએ JEE ની પરીક્ષા આપી હતી તેમાંથી ૧૪ વિદ્યાર્થીઓ ક્વોલીફાઈડ થયા હતા. કોરોના મહામારી હોવા છતાં અને ઓનલાઈન શિક્ષણની સાથે વિદ્યાર્થીઓને ઘણી મુશ્કેલી હોવા છતાં JEE નું પરિણામ ઘણું સારું આવ્યું છે. વિદ્યાર્થીઓએ પરિણામમાં સારો દેખાવ કરી શાળાનું નામ રોશન કર્યું છે. તે બદલ કડવા પાટીદાર કેળવણી મંડળ અને શાળા પરિવાર એ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવે છે.




### * SGFI માં રાજ્યકક્ષાએ વિવિધ રમતમાં વિદ્યામંગલના બાળકોની પસંદગી *

કડવા પાટીદાર કેળવણી મંડળ સંચાલિત વિદ્યામંગલ નિવાસી શાળામાંથી જિલ્લા કક્ષાએ SGFI તરફથી ઓક્ટોબર માસ માં જુદી જુદી રમત-ગમતની પ્રવૃતિઓ યોજાઈ હતી. જેમાં આપણી શાળામાંથી U-19 ભાઈઓ અને બહેનોએ અલગ અલગ રમતોમાં ભાગ લીધો હતો. જેમાંથી રાજ્યકક્ષાએ પસંદગી પામનાર વિદ્યાર્થી ભાઈ-બહેનોને તથા તેમના કોચને વિદ્યામંગલ શાળાના મંત્રીશ્રી સુનિલભાઈ પટેલ, સહમંત્રીશ્રી અમિતભાઈ પટેલ અને શાળાના આચાર્યશ્રી મનીષભાઈ પુરાણી

અભિનંદન પાઠવે છે. રાજયકક્ષાએ પણ તેઓ સારું પ્રદર્શન કરી રાષ્ટ્રકક્ષાએ પસંદગી પામે તેવી સમગ્ર શાળા પરિવાર શુભેચ્છા પાઠવે છે.

**રમતનું નામ : ફુટબોલ**

**કોચ : ભરતભાઈ વાવડીયા**

| ક્રમ | વિદ્યાર્થીઓનું નામ |
|---|---|
| ૧ | વસાવા અર્ચના રમેશભાઈ |
| ૨ | પટેલ પ્રાચી મુકેશભાઈ |
| ૩ | વસાવા સુહાની મુકેશભાઈ |
| ૪ | પરેલ દિયા શૈલેશભાઈ |
| ૫ | પટેલ ધ્રુવી મનીષભાઈ |
| ૬ | ચૌધરી નેન્સી મહેન્દ્રભાઈ |
| ૭ | ધનારીયા તેજસ્વીની જયેશભાઈ |
| ૮ | પટેલ રીધ્ધી જયેશભાઈ |
| ૯ | પટેલ અસ્વી કલ્પેશભાઈ |

| ક્રમ | વિદ્યાર્થીઓનું નામ |
|---|---|
| ૧૦ | વસિયા ઉન્નતી ભરતભાઈ |
| ૧૧ | ચૌધરી દ્રષ્ટી દરજીભાઈ |
| ૧૨ | પટેલ શિયા મિકીન્જીભાઈ |
| ૧૩ | ચૌધરી વૈભવી પ્રવીણભાઈ |
| ૧૪ | પટેલ હેની મહેશભાઈ |
| ૧૫ | પુરાણી મૌલી મનીષભાઈ |
| ૧૬ | ધનારીયા સોન રામુભાઈ |
| ૧૭ | વસાવા સ્ટીવન શાંતિલાલ |





**રમતનું નામ : યોગાસન**

**કોચ : મહેશભાઈ ચોહાણ**

| ક્રમ | વિદ્યાર્થીઓનું નામ |
|---|---|
| ૧ | પટેલ રિશી મનીષભાઈ |
| ૨ | ગોહિલ આયુષી મયુરધ્વજસિંહ |
| ૩ | પટેલ તીશા દીપકભાઈ |
| ૪ | પટેલ સ્નેહા ભરતભાઈ |





**રમતનું નામ : જુડો**

**કોચ : સ્વેતા નાયક**

| ક્રમ | વિદ્યાર્થીઓનું નામ |
|---|---|
| ૧ | વસાવા અરુણ રવિશભાઈ |
| ૨ | બાંભણીયા ભગીરથ ગોવિંદભાઈ |
| ૩ | વાસિયા જીમિત ભરતભાઈ |
| ૪ | ઠાકોર હર્ષરાજ રાકેશભાઈ |
| ૫ | પીલુદરિયા શિવદત દિગ્વિજયસિંહ |
| ૬ | વાળંદ પાર્થ હેમંતભાઈ |
| ૭ | અટોદરીયા ઈન્દ્રજીત કમલજીત |
| ૮ | હાપલીયા કેવિન કાન્તિભાઈ |
| ૯ | પટેલ ઋષિ મયુરભાઈ |

| ક્રમ | વિદ્યાર્થીઓનું નામ |
|---|---|
| ૧૦ | પટેલ ક્રિશા મનીષભાઈ |
| ૧૧ | પટેલ જનીશા પરેશભાઈ |
| ૧૨ | ચૌધરી દિયા અતુલભાઈ |
| ૧૩ | પઢિયાર દેવાંશી ખુમાનસિંહ |
| ૧૪ | પાડવી નિકિતા દિપેશભાઈ |
| ૧૫ | પટેલ રીયા વિનોદભાઈ |
| ૧૬ | પટેલ નમસ્વી હિતેન્દ્રકુમાર |
| ૧૭ | ગાંગડા પ્રતીક્ષા બુધુભાઈ |
| ૧૮ | પટેલ રીયા ઉમેશભાઈ |





**રમતનું નામ : બાસ્કેટબોલ**

**કોચ : અંબિકાબેન પટેલ**

| ક્રમ | વિદ્યાર્થીઓનું નામ |
|---|---|
| ૧ | ચૌધરી વત્સલ સુનીલભાઈ |
| ૨ | ઠાકોર રિશીભાઈ રોહિતસિંહ |



**રમતનું નામ : હેન્ડબોલ**

**કોચ : ભાર્ગવભાઈ મહીડા**

| ક્રમ | વિદ્યાર્થીઓનું નામ |
|---|---|
| ૧ | વસાવા દેવાંશી ધરમસિંહ |
| ૨ | વસાવા હેત્વી સુભાષભાઈ |
| ૩ | પટેલ જીનલ અનિલભાઈ |



**રમતનું નામ : ટેબલ ટેનીશ**

**કોચ : ભરતભાઈ ગોહેલ**

| ક્રમ | વિદ્યાર્થીઓનું નામ |
|---|---|
| ૧ | પટેલ સ્નેહ જીગરભાઈ |

રમતનું નામ : **બેડમિંટન**

**કોચ : આશિષભાઈ પટેલ**

| ક્રમ | વિદ્યાર્થીઓનું નામ |
|---|---|
| ૧ | પટેલ રિશી મનીષભાઈ |
| ૨ | પટેલ ક્રિશ વિમલભાઈ |




રમતનું નામ : **સ્કેટિંગ**

**કોચ : ધર્મેશભાઈ સોલંકી**

| ક્રમ | વિદ્યાર્થીઓનું નામ |
|---|---|
| ૧ | બાભણીયા આયુષ લક્ષ્મણભાઈ |
| ૨ | નારિયા મનન શૈલેશભાઈ |
| ૩ | પટેલ નીધી કમલેશભાઈ |



રમતનું નામ : **પતંજલિ યોગ સ્પર્ધા**

**કોચ : મહેશભાઈ ચોહાણ**

| ક્રમ | વિદ્યાર્થીઓનું નામ |
|---|---|
| ૧ | પટેલ રિશી મનીષભાઈ |
| ૨ | ગોહિલ આયુષી મયુરધ્વજસિંહ |
| ૩ | પટેલ તીશા દીપકભાઈ |

| ક્રમ | વિદ્યાર્થીઓનું નામ |
|---|---|
| ૪ | પટેલ સ્નેહા ભરતભાઈ |
| ૫ | આહીર નેન્સી સુરેશભાઈ |





## * ૫ સપ્ટેમ્બર શિક્ષક દિનની ઉજવણી *

શિસ્ત-ક્ષમા અને કર્મનો જ્ઞાતા એટલે શિક્ષક. આવા શિક્ષકના સન્માનનો દિવસ એટલે શિક્ષક દિન. જેમાં શિક્ષકની મહત્તાને બિરદાવવામાં આવે છે.

આ દિવસે ધોરણ ૧૦ અને ૧૨ ના વિદ્યાર્થીઓ એ જેઓ શાળામાં પ્રથમ ત્રણ ક્રમાંક એ આવ્યા છે. એવા તેજસ્વી તારલાઓનું સન્માન અને શિક્ષકના ગુણોનો સ્વીકાર કરવામાં આવે છે.

દર વર્ષે યોજાતા આ સમારંભની જેમ આ વર્ષે પણ... કડવા પાટીદાર કેળવણી મંડળ સંચાલિત વિદ્યામંગલ નિવાસી શાળામાં તા. ૫ સપ્ટેમ્બરના રોજ શિક્ષકદિનની ઉજવણી કરવામાં આવી હતી. આ પર્વની ઉજવણી બે વિભાગમાં કરવામાં આવી હતી.

પ્રથમ વિભાગમાં વિદ્યાર્થીઓ એ જ શિક્ષક બનીને શાળાના શૈક્ષણિક કાર્યોનો ભાર સંભાળ્યો હતો. તેમણે નિષ્ઠાપૂર્વક તે કાર્ય પૂર્ણ કર્યું હતુ. જે વિદ્યાર્થીઓએ શિક્ષકની ભૂમિકા અથવા શાળાના ઉચ્ચ હોદ્દેદારોની ભૂમિકા ભજવી હતી. તેવા વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા માટે પ્રમાણ પત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

બીજા વિભાગમાં શિક્ષક સન્માન અને વિદ્યાર્થી પુરસ્કાર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમા કડવા પાટીદાર કેળવણી મંડળના ઉપપ્રમુખશ્રી સુરેશકાકા, મંત્રીશ્રી વિકાસભાઈ, ખજાનચીશ્રી અમીશભાઈ, શાળાના મંત્રીશ્રી સુનીલભાઈ, સહમંત્રીશ્રી અમિતભાઈ, યોગેશભાઈ, સરજુભાઈ વિગેરે મંડળના સભ્યોશ્રીએ હાજર રહી વિદ્યાર્થીઓ અને શિક્ષકોને સન્માન્તિ કર્યા હતા. ધોરણ ૧૦, ૧૨ ની બોર્ડની પરીક્ષામાં જે વિદ્યાર્થીઓ શાળા કક્ષાએ ૧ થી ૩ ક્રમાંક પ્રાપ્ત કર્યો હતો. તેવા વિદ્યાર્થીઓને રોકડ પુરસ્કાર આપવામાં આવ્યો હતો. આ અમારી શાળાનો વિશેષ કાર્યક્રમ છે. જેમાં શિક્ષક અને વિદ્યાર્થીઓનું એકજ મંચ પર સન્માનની સાથે સ્મૃતિ ભેટ અર્પણ કરવામાં આવી હતી અને ૧૫ વર્ષથી જે શિક્ષકો શાળામાં સેવા બજાવે છે તે શિક્ષકોને તેમની સેવા બદલ ટ્રોફી એનાયત કરી સન્માન્તિ કરવામાં આવ્યા હતા. જે પરંપરા શાળાની શરૂઆત થી જ ચાલી આવી છે અને હજુ પણ યથાવત રીતે આ પરંપરા ને જાળવવામાં આવી છે.









આ વર્ષે આ કાર્યક્રમ સવિશેષ રહ્યો હતો. કારણ કે આ દિવસે માનનીય શ્રી ડૉ. ચૈતન્ય દેસાઈનું વક્તવ્ય સાંભળવાનો મોકો મળ્યો હતો તેમના પ્રવચનમાં વિદ્યાર્થીઓને કઈ રીતે ઓળખી તેમની સુષુપ્ત શક્તિને જાણીને તેમને તે દિશા તરફ વાળી શકાય તેનું જ્ઞાન પ્રાપ્ત થયું હતું.

આ વર્ષે આ કાર્યક્રમમાં શિક્ષકો જ નહીં પરંતુ શાળાના દરેક કર્મચારી ગણને સાંકળી લેવામાં આવ્યા હતા અને તેમની સાથે દરેક કર્મચારીને સ્મૃતિ ભેટ અર્પણ કરી સન્માન કરવામાં આવ્યું હતું. આમ આ કાર્યક્રમ ખરેખર સરાહનીય બની રહ્યો હતો.

આ કાર્યક્રમનું સંચાલન શાળાના શિક્ષકશ્રી જયભાઈ ગોયાણી દ્વારા કરવામાં આવ્યુ હતું.






## ✻ જનરલ નોલેજ ક્વિઝ સ્પર્ધા ✻

કડવા પાટીદાર કેળવણી મંડળ સંચાલિત વિદ્યામંગલ નિવાસી શાળામાં હાઉસ સિસ્ટમ અંતર્ગત જનરલ નોલેજ ક્વિઝ સ્પર્ધાનું આયોજન તા. ૧૧-૦૯-૨૦૨૧ ના રોજ અલ્પેશભાઈ પટેલ દ્વારા આયોજિત કરવામાં આવી હતી. તેમાં શાળાના પ્રાથમિક વિભાગ અને માધ્યમિક વિભાગ તથા ઉચ્ચતર માધ્યમિક વિભાગના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં વિજેતા થયેલ હાઉસના નામ નીચે મજુબ છે.

**પ્રાથમિક વિભાગ :**

પ્રથમ - વાયુ હાઉસ

દ્વિતીય - જલ હાઉસ

તૃતીય - પૃથ્વી હાઉસ

**માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગ :**

પ્રથમ - અગ્નિ હાઉસ

દ્વિતીય - વાયુ હાઉસ

તૃતીય - પૃથ્વી હાઉસ






## ✻ વકતૃત્વ સ્પર્ધા : ૨૦૨૧-૨૨ ✻

કડવા પાટીદાર કેળવણી મંડળ સંચાલિત વિદ્યામંગલ નિવાસી શાળામાં હાઉસ સિસ્ટમ અંતર્ગત વકતૃત્વ સ્પર્ધાનું આયોજન તા. ૨૫-૦૯-૨૦૨૧ ના રોજ હર્ષદભાઈ ટી. ચૌહાણ દ્વારા કરવામાં આવ્યું હતું. તેમાં શાળાના પ્રાથમિક વિભાગ અને માધ્યમિક વિભાગ તથા ઉચ્ચતર માધ્યમિક વિભાગના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં વિજેતા થયેલ હાઉસના નામ અને વિદ્યાર્થીઓના નામ નીચે મુજબ છે.


**પ્રાથમિક વિભાગ :**

પ્રથમ - (૧) વસાવા જતીન શાંતિલાલ ધોરણ-૮ (બ) જલ હાઉસ
દ્વિતીય - (૨) દંતરોલિયા હેતલ હિતેશભાઈ ધોરણ-૮ (બ) વાયુ હાઉસ
તૃતીય - (૩) પઢિયાર નિધિ જગદીશભાઈ ધોરણ-૮ (અ) પૃથ્વી હાઉસ

**માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગ :**

પ્રથમ - (૧) પટેલ પ્રાચી હેમંતભાઈ ધોરણ-૧૦ (અ) જલ હાઉસ
દ્વિતીય - (૨) વિરાણી આર્યન પંકજભાઈ ધોરણ-૧૨ (કોમર્સ) અગ્નિ હાઉસ
તૃતીય - (૩) વળવી મયુરી રાજકુમાર ધોરણ-૧૦ (અ) પૃથ્વી હાઉસ









## ✻ વિદ્યામંગલ શાળા અને ઝેપ લર્નિંગ, કોટા (રાજસ્થાન) નું JMOU ✻

કડવા પાટીદાર કેળવણી મંડળ સંચાલિત વિદ્યામંગલ નિવાસી શાળામાં ભણતા બાળકોને કોટાની પદ્ધતિથી શિક્ષણ મળે અને તેઓ વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં ઝળહળતું પરિણામ લાવ્યા શાળા તેમજ તેઓના માતા પિતાનું નામ રોશન કરેલ તેવા ઉદાત્ત હેતુથી કડવા પાટીદાર કેળવણી મંડળના નવનિયુકત, ઉત્સાહી હોદ્દેદારો શ્રીઓના માર્ગદર્શન હેઠળ ઘણા બધા દિવસોની મહેનત અને ઘણા સર્વિસ પ્રોવાઈડર્સની સાથે મીટીંગો, ચર્ચા વગેરે બાદ કોટા, રાજસ્થાનની Zap Learning Solutions નામની સંસ્થાને આ કામ માટે મંડળ દ્વારા પસંદગી કરવામાં આવી. Zap Founder શ્રી કપિલ ગુપ્તા કે જેઓ સમગ્ર ભારતમાં પ્રખ્યાત એવા બંસલ કલાસીસના COO (Chief Operatin Officer) અને HOD of Physics ડીપાર્ટમેન્ટ હતા. તેઓ પોતે શાળામાં આવ્યા હતા અને બે દિવસ


રહીને શાળાના બાળકો, શિક્ષકો, વાલીઓ અને સંચાલક મંડળ સાથે વિસ્તૃત રીતે આ બાબતે માર્ગદર્શન પુરું પાડયું હતું.

સૌપ્રથમ શ્રી કપિલ ગુપ્તાએ શાળાના સંચાલક મંડળ સાથે મિટિંગ કરી હતી જેમાં કડવા પાટીદાર કેળવણી મંડળના ઉપપ્રમુખશ્રી સુરેશ કાકા, મંત્રીશ્રી વિકાસભાઈ, ખજાનચી અમીશભાઈ, શાળાના મંત્રીશ્રી સુનીલભાઈ, સહમંત્રીશ્રી અમિતભાઈ વગેરે હાજર રહીને શિક્ષકો તેમજ વાલીઓને માગદર્શન પૂરું પાડીને શિક્ષણ સ્તર ઉપર લઈ જવામાં મહત્વની ભૂમિકા ભજવી છે.

૧. સંચાલક મીટીંગ
૨. શિક્ષક મીટીંગ
૩. વાલી-વિદ્યાર્થી સાથે મીટીંગ
૪. શિક્ષણ સમિતિના સભ્યો સાથે મીટીંગ યોજાય હતી.









કડવા પાટીદાર કેળવણી મંડળ સંચાલિત વિદ્યામંગલ નિવાસી શાળામાં તા. ૨૯-૦૯-૨૦૨૧ ના રોજ (Zap Learning Solutions, Kota, Rajasthan) ના Mr. Kapil Gupta દ્વારા ધોરણ ૮,૯,૧૦ ના વિદ્યાર્થીઓના વાલીઓ સાથે બપોરે ૧-૩૦ થી ૪-૩૦ ના સમય દરમિયાન મીટીંગ રાખવામાં આવી હતી. જેમાં વિદ્યાર્થીઓએ શિક્ષણ શા માટે આપણે લઈએ છીએ અને તે આપણને જીવનમાં કઈ રીતે ઉપયોગી થાય છે અને પોતાની કારકિર્દી બનાવવામાં કઈ રીતે ઉપયોગી પુરવાર થાય છે તે વિશેની સ્પષ્ટ અને સચોટ માહિતી શ્રી કપિલ શર્મા વાલી અને વિદ્યાર્થીઓને આપી હતી.

એ જ રીતે ધોરણ ૧૧/૧૨ Sci. માં તા. ૩૦-૦૯-૨૦૨૧ ના રોજ સવારે ૯-૩૦ થી ૧૨-૩૦ સુધીમાં વિદ્યાર્થીઓ અને વાલીઓને શ્રી કપિલ ગુપ્તાએ ૩૦૦ કેરિયર વિશે Guidance આપ્યું હતું. જેથી વિદ્યાર્થીઓ પોતાની ક્ષમતા, કૌશલ્ય અને પસંદગી અનુસાર કારકિર્દી પસંદ કરી શકે.

આમ, આજના સ્પર્ધાત્મક યુગમાં નવા નવા વિષયોની સાથે નવી કારકિર્દીને જાણકારી વિદ્યાર્થીઓ અને વાલીઓને પ્રાપ્ત થઈ હતી.

આમ, આ બે દિવસનું વાલી મીટીંગનું આયોજન સફળ રહ્યું હતું.

# ✻ વિદ્યામંગલ નિવાસી શાળામાં ''તક્ષક'' પ્રદર્શન યોજાયું ✻

કડવા પાટીદાર કેળવણી મંડળ સંચાલિત વિદ્યામંગલ નિવાસી શાળામાં તા. ૩-૧૦-૨૦૨૧ ના રોજ વાર્ષિક પ્રદર્શન "તક્ષક" નું સુંદર આયોજન થયું. તેનો સમય સવાર ના ૯-૦૦ થી ૧૨-૦૦ વાગ્યાનો હતો. જેમાં વિદ્યાર્થીઓ દ્વારા જુદી જુદી કૃતિઓ યોજીને સાંસ્કૃતિ કલાનું અદભુત પ્રદર્શન કરવામાં આવ્યું હતું. જેમાં વિવિધ ક્ષેત્રે નૃત્ય કલા, અભિનય કલા, રોબોટીક્સ કોમ્પીટીશન, નાટક વગેરે ઘણી બાબતોનું નિદર્શન બાળકો દ્વારા કરવામાં આવ્યું.



**તક્ષકનો અર્થ :**

ત - તજજ્ઞ

ક્ષ - ક્ષમતા

ક - કર્મવીર



ત્યારબાદ જુદા-જુદા વિષયોની આવરી લેતી કૃતિઓ શાળા ભવન અને સંસ્કાર ભવન પર ગોઠવવામાં આવી હતી. કડવા પાટીદાર કેળવણી મંડળના ઉપપ્રમુખશ્રી સુરેશકાકા, મંત્રીશ્રી વિકાસભાઈ, ખજાનચીશ્રી અમીશભાઈ, શાળાના મંત્રીશ્રી સુનીલભાઈ, સહમંત્રીશ્રી અમિતભાઈ, રજનીભાઈ, સરજુભાઈ, મહિલામંડળના સભ્યશ્રી સંગીતાબેન, અંગ્રેજી માધ્યમના આચાર્યશ્રી ભુપેન્દ્રભાઈ મિશ્રાએ મુલાકાત લીધી હતી. પ્રદર્શનનો લાહવો વાલીઓ અને વિદ્યાર્થીઓએ ભરપૂર માત્રામાં માણ્યો હતો. સંસ્કાર ભવનમાં લાઈબ્રેરીનું પ્રદર્શન અને ATL નું પ્રદર્શન ગોઠવવામાં આવ્યું હતું.



જયારે શાળા ભવનમાં વિજ્ઞાન, સામાજિક વિજ્ઞાન, ગુજરાતી સાહિત્ય, બેંક ના કાર્યો, પરમવીર ચક્ર ધારી શહીદોની સહાદત ને જીવંત બનાવવા નું પ્રયાસ કર્યો હતો. તે ઉપરાંત જુદા જુદા પાત્રો દ્વારા એ વ્યક્તિના જીવનને સમજવાનો પ્રયત્નો કર્યો હતો. રાણી લક્ષ્મીબાઈ, ભગતસિંહ, સ્વામી વિવેકાનંદ તેમજ નાટય દ્વારા ઈતિહાસ સમજવાનો પ્રયત્નો કર્યો હતો.

ATL Lap માં તૈયાર થયેલ ગાડીઓનું રેસિંગ કરવામાં આવ્યું હતું.

"તક્ષક" પ્રદર્શનનું સંચાલન શાળાના શિક્ષિકાબહેન જોશી હસુબેન મનોજભાઈ ના માર્ગદર્શન હેઠળ યોજાયો હતો. આમ, વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસ ના હેતુઓ ખરેખર આ પ્રદર્શન દ્વારા ચરિતાર્થ કરવામાં આવ્યું હતું.

## ✻ One Minute Competion ✻

કડવા પાટીદાર કેળવણી મંડળ સંચાલિત વિદ્યામંગલ નિવાસી શાળામાં હાઉસ સિસ્ટમ અંતર્ગત વનમિન્ટિ કોમ્પિટીશનનું આયોજન તા. ૦૯-૧૦-૨૦૨૧ ના રોજ જયભાઈ ગોયાણી દ્વારા કરવામાં આવ્યું હતું. તેમાં શાળાના પ્રાથમિક વિભાગ અને માધ્યમિક વિભાગ તથા ઉચ્ચતર માધ્યમિક વિભાગના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં વિજેતા થયેલ હાઉસના નામ નીચે મજુબ છે.

**માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગ :**

પ્રથમ - જલ હાઉસ

દ્વિતીય - વાયુ હાઉસ

તૃતીય - પૃથ્વી હાઉસ

**પ્રાથમિક વિભાગ :**

પ્રથમ - વાયુ હાઉસ

દ્વિતીય - અગ્નિ હાઉસ

તૃતીય - જલ હાઉસ













## ✻ વિદ્યામંગલ શાળામાં નવરાત્રી પર્વની ઉજવણી ✻

કડવા પાટીદાર કેળવણી મંડળ સંચાલિત વિદ્યામંગલ નિવાસી શાળા નવરાત્રી પર્વનું આયોજન તા. ૦૭-૧૦-૨૦૨૧ થી તા. ૧૪-૧૦-૨૦૨૧ સુધી ખૂબ જ ધામધૂમથી કરવામાં આવ્યું હતું. જેમાં શાળાના મંત્રીશ્રી સુનિલભાઈ પટેલ અને સહમંત્રીશ્રી અમિતભાઈ પટેલ નવરાત્રિના નવ દિવસ સુધી હાજર રહી બાળકોને નવરાત્રી મહોત્સવમાં જરૂરી માર્ગદર્શન તેમજ જરૂરી સાધનસામગ્રી પૂરી પાડી હતી. અને પોતાની ફરજ ભાવનાને બેખુબી નિભાવીને એક આદર્શ ઉદાહરણ પૂરું પાડયું હતું. બાળકોને દરરોજ રાત્ર ૮-૩૦ થી ૧૧-૩૦ સુધી ગરબા રમવાનો આનંદ અને આરોગ્યને સાચવણી કરતો પોષ્ટિક નાસ્તો મળ્યો હતો.

નવરાત્રી મહોત્સવના છેલ્લા દિવસે કડવા પાટીદાર કેળવણી મંડળના ઉપપ્રમુખશ્રી સુરેશકાકા, મંત્રીશ્રી વિકાસભાઈ, ખજાનચી અમીશભાઈ તેમજ ટ્રસ્ટ મંડળના અન્ય હોદ્દેદારો કિર્તીભાઈ, જતીનભાઈ, સરજુભાઈ, નટવરકાકા, નિલેશભાઈ (ડુંગરા), નવીનભાઈ (કામરેજ), રજનીભાઈ, ડૉ. હેમંતભાઈ તથા યુવક મંડળના સુચેતનભાઈ તથા યુવક મંડળના કમિટી સભ્યશ્રીઓએ ખૂબ સુંદર સેવા બજાવી હતી.


આમ, દૂરથી આવીને પણ મંડળના સભ્યશ્રીઓએ બાળકોમાં જોમ અને ઉત્સાહ વધાર્યો હતો.

આમ, શાળા કેમ્પસમાં નવરાત્રી પર્વનું આયોજન ખુબ સરસ હતું. સાથે-સાથે આ નવ દિવસ નવરાત્રિના સુંદર અને મનમોહક બનાવવામાં રસોડા વિભાગમાં સેવા આપનાર તમામ સભ્યશ્રીઓ ખડેપગે રહ્યા હતા. તેમનું આ અમૂલ્ય યોગદાન કઈ રીતે ભૂલી શકાય. જેમા સતિષભાઈ, દીપકભાઈ, કિશોરકાકા, સમીરભાઈ, રવિભાઈ, ભરતભાઈ, નિલેશભાઈ (કીમ), અંકિતભાઈ તથા રસોડા વિભાગના તમામ કર્મચારીઓનો સહયોગ, કર્તવ્યનિષ્ઠા, સેવા વગેરે દ્વારા આ કાર્યક્રમ ખૂબ જ સફળ રહ્યો હતો.

દશેરાના દિવસે ભોજનની ખુબજ સુંદર વ્યવસ્થા કરીને શાળા કેમ્પસમાં રહેતા બાળકો તથા તમામ કર્મચારી, શિક્ષકો, સફાઈ કર્મચારી તેમજ અન્ય કર્મચારીઓને સ્વાદિષ્ટ ભોજનનો રસથાળ પીરસવામાં આવ્યો હતો.







# મુખ્યમંત્રીશ્રીનો અભિવાદન સમારોહ

**મંત્રીશ્રીની કલમે**
**વિકાસભાઈ પટેલ** (સુરત)




સર્વેને જણાવવાનું કે તા. ૧૬-૧૦-૨૦૨૧ ને શનિવારના રોજ શ્રી સંજીવકુમાર ઓડિટોરિયમ, સુરત મુકામે ગુજરાત રાજયના માનનીય અને આદરણીય મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ તથા સરકારના નવનિયુકત મંત્રીશ્રીઓનો અભિવાદન તથા શુભેચ્છા સમારોહ યોજાયો હતો. ઉપરોકત સમારોહમાં, સંગઠનો દ્વારા તેમનું ભવ્ય અભિવાદન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે શ્રી લાલચુડા કડવા પાટીદાર સમાજ તરફથી ઉપપ્રમુખશ્રી સુરેશભાઈ પટેલ, મંત્રીશ્રી વિકાસભાઈ પટેલ તથા પૂર્વ પ્રમુખશ્રી (યુવક મંડળ) ધવલભાઈ પટેલ તરફથી આદરણીય મુખ્યમંત્રીશ્રી તથા મંત્રીઓને સ્મૃતિભેટ સાથે ખૂબ-ખૂબ શુભકામનાઓ પાઠવી અભિવાદન કરવામાં આવ્યું હતું. સમગ્ર ગુજરાતની પ્રજાને તથા તમામ સમાજને સાથે રાખીને રાજયની પ્રગતિમાં તમારું યોગદાન અવિસ્મરણીય રહે તથા દરેક કાર્યોમાં ઉચ્ચત્તમ શિખરસિધ્ધ્ પ્રાપ્ત કરો એવી શુભકામના પાઠવવામાં આવી હતી. આપશ્રીની રાહબર હેઠળ સૌનો વિકાસ થાય, સૌ સુખ સમૃધ્ધિ પ્રાપ્ત કરતા રહો તે શુભેચ્છાથી બહુમાનિત કરાયા હતા.



વૈદ્ય રત્નમ્ સંદિપ સી. પટેલ મૂળ ગામ ઉંભેળના શ્રી ચંદુભાઈ કેવળભાઈ પટેલ હાલ Canada ના સુપુત્ર તથા વૈદ્ય નરસીંહભાઈ પટેલ (પૂણા-કુભારીયા) ના પરમ શિષ્ય ને અમી ચેરીટેબલ ટ્રસ્ટના શ્રીમતી હેતલ નાયક અને શ્રીમતી અમીષાબેન ના સહયોગથી શ્રી મયુરભાઈ સવાણી ના વરદ્દહસ્તે "સુરત રત્ન એવોર્ડ" થી પુરસ્કૃત કરવામાં આવેલ છે.

તદ્ઉપરાંત વૈદ્ય રત્નમ્ સંદિપ પટેલે કરેલ Covid-19 ના પેનડેમીક સમયગાળા દરમ્યાન કરેલ લોકસેવાના પુરસ્કાર રૂપે ધી સર્દન ગુજરાત ચેમ્બર્સ ઓફ કોમર્સ, સુરત દ્વારા "સેવા મૂર્તી તબીબ" નો એવાર્ડ થી પુરસ્કૃત કરવામાં આવ્યા છે.

તેઓ હાલ PhD માધવ યુનિ. માંથી અભ્યાસ કરી રહેલ છે. એઓ એ હાલ દિવાળીબેન ચેરીટેબલ ટ્રસ્ટ - બારડોલી ને ૫૦૦ ગામડાઓ ડાંગ-આહવા-ઉચ્છલ-નિઝર વિભાગમાં એમની કફારી ટેબલેટ ના ૧૨૦૦૦ પેકેટ કોરોના ત્રીજી વેવના પીવેન્સન માટે દાન કરેલ છે. ઉમાવાણી તેમને વધુ પ્રગતિ માટે સમાજ તરફથી શુભેચ્છાસહ અભિનંદન પાઠવે છે.

# શ્રી લાલચૂડા કડવા પાટીદાર યુવક મંડળ હોદ્દેદારોની નિમણૂક

ઉમામંગલ કામરેજ મૂકામે શ્રી લાલચૂડા કડવા પાટીદાર યુવક મંડળના હોદ્દેદારોની નવી નિમણૂક માટે કડવા પાટીદાર કેળવણી મંડળના હોદ્દેદારોશ્રીઓ તથા સલાહકાર સમિતિ નાં સભ્યશ્રીઓની મીટીંગ મળી હતી. જેમાં યુવક મંડળના બધા જ ઉમેદવારો સાથે ચર્ચા-વિચારણા કર્યા બાદ યુવક મંડળના પ્રમુખશ્રી તરીકે શ્રી સુચેતન છીતુભાઈ પટેલ (ભૈરવ) તથા ઉપપ્રમુખશ્રી તરીકે શ્રી ભાવિકભાઈ નલિનભાઈ પટેલ (કુડસદ) અને મંત્રીશ્રી તરીકે શ્રી કેયુરભાઈ મનહરભાઈ પટેલ (કોળી-ભરથાણા) ની બિનહરીફ તરીકે વરણી થઈ હતી.


પ્રમુખશ્રી


ઉપપ્રમુખશ્રી


મંત્રીશ્રી

શ્રી લાલચૂડા કડવા પાટીદાર કેળવણી મંડળના હોદ્દેદારશ્રીઓની તથા સલાહકાર સમિતિના સભ્યોની ઉપસ્થિતિમાં યુવક મંડળના હોદ્દેદારશ્રીઓની બિનહરીફ વરણી થઈ હતી. કેળવણી મંડળના હોદ્દેદારાશ્રીઓએ તથા સલાહકાર સમિતિના સભ્યશ્રીઓએ નવનિયુકત હોદ્દેદારોને હાર્દિક શુભેચ્છા પાઠવી હતી. તેમના આશીર્વચનોથી સૌને  સમાજ ઉપયોગી વિવિધ પ્રવૃત્તિઓ કરતા રહો તથા સૌને માટે પ્રેરણાદાય બની રહો તેવા શુભાશિષ આપ્યા હતા.

શ્રી કડવા પાટીદાર કેળવણી મંડળના હોદ્દેદારશ્રીઓએ જ્ઞાનગંગા અંગ્રેજી માધ્યમ શાળાના ઈનચાર્જ મંત્રી તરીકે તા. ૭-૧૦-૨૦૨૧ થી પિંકલબેન હિરેનભાઈ પટેલ (હરિપુરા) અને તા. ૨૬-૧૧-૨૦૨૧ થી ઈનચાર્જ સહમંત્રી તરીકે સમીરભાઈ મુકેશભાઈ પટેલ (કન્યાસી)ને સંચાલનની જવાબદારી સોંપી છે.


ઈનચાર્જ મંત્રી


ઈનચાર્જ સહમંત્રી

તેઓ શ્રી જ્ઞાનગંગા અંગ્રેજી માધ્યમને વધુ ઊંચાઈ પર લઈ જાય, સાથો-સાથ વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસ થાય તેવી કેળવણી મંડળ તરફથી શુભેચ્છાઓ.

## શ્રી લાલચૂડા કડવા પાટીદાર યુવક મંડળ આયોજિત ફટાકડા સ્ટોર ઉદ્‌ઘાટન સમારો




શ્રી લાલચૂડા કડવા પાટીદાર યુવક મંડળ દ્વારા આયોજિત તા. ૧૮-૧૦-૨૦૨૧ ના રોજ સવારે ૧૦-૦૦ કલાકે ફટાકડાં સ્ટોરનો ઉદ્‌ઘાટન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શુભ ઉદ્‌ઘાટન કડવા પાટીદાર કેળવણી મંડળના ઉપપ્રમુખશ્રી સુરેશભાઈ મગનભાઈ પટેલ (વલણ) તથા મંત્રીશ્રી વિકાસભાઈ ગુલાબભાઈ પટેલ ના વરદ્‌ હસ્તે દીપ પ્રાગટ્ય કરી શુભારંભ કરવામાં આવ્યો હતો. જેમાં કેળવણી મંડળનાં આગેવાન શ્રી નવિનભાઈ નારણભાઈ પટેલ (કા.ચા.રસ્તા), શ્રી અશ્વિનભાઈ ભાઈદાસભાઈ પટેલ (ઘાતવા) તથા ખજાનચીશ્રી અમિષભાઈ નગીનભાઈ પટેલ પણ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યાં હતા. તેમની હાજરી પ્રસંગની શોભામાં અભિવૃધ્ધિ કરી હતી.

ઉપરોકત સમારોહમાં લાલચૂડા કડવા પાટીદાર મહિલા મંડળના પ્રમુખશ્રી નીતાબેન, ઉપપ્રમુખશ્રી જયોતિબેન, મંત્રીશ્રી રાજેશ્વરીબેન, ખજાનચીશ્રી ગીતાબેન તથા સરોજબેન પણ અચૂક હાજરી આપી હતી.

સમગ્ર લાલચૂડા પરિવારના સૌ આ ફટાકડા સ્ટોરની અચૂક મુલાકાત લે એવી આશા રાખવામાં આવે છે. લાલચૂડા કડવા પાટીદાર યુવક મંડળ દ્વારા પ્રસંગોપાત આવી વિવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. તેને આપણી મુલાકાતથી સનત પ્રોત્સાહિત કરીએ. તથા યુવક મંડળ આવી વિવિધ સામાજિક પ્રવૃત્તિથી સૌને લાભાન્વિત કરતું રહે એવી હાર્દિક શુભકામના.





કડવા પાટીદાર કેળવણી મંડળ, પ્રકાશિત ''ઉમાવાણી'' મુખપત્રની

## ''ઉમાવાણીગાથા''

**શાંતિલાલ કે. બીડજા**
(સાંધીએર, સુરત) (USA)

આ વર્ષથી લગભગ ૩૭ વર્ષ પહેલાની વાત છે. રામકબીર-ભક્ત સમાજ વર્ષોથી "કબીરવાણી" મુખપત્ર બહાર પાડતા અને સમાજમાં-દેશમાં, વિદેશમાં સમાજના બધાના ઘરે મફત દર માસે મોકલતા, BNB વાવ શાળામાં આવતું બધા વાંચતા, એક દિવસ N,N, Patel સાહેબ અને મારી સાથે ચર્ચામાં વાત થઈ કે આવુ મુખપત્ર આપણ LKPS નું શરૂ કરીએ તો ?

આમ વિચાર્યા પછી ભક્ત સમાજના મુખપત્રના તંત્રી સ્વ. ચંપકભાઈ ભક્તને આમંત્રણ આપી બોલાવી માર્ગદર્શન મેળવ્યું અને કૃત નિશ્ચયી થયા. પછી તો એક દિવસ અમે બંને મોટર સાઈકલ ઉપર સુરત કૃષિમંગલ પહોંચ્યા ત્યાં ઓફિસમાં મગનકાકા (સિથાણ) બેઠા હતા તેમને પૂછયું જગુભાઈ કયાં છે ? અમારે મળવું છે. જવાબ મળ્યો - તેઓ ઘરે છે, આવતી કાલે USA જાય છે, અમો બંને ઘરે પહોંચ્યા - મુખપત્ર અંગે વાત કરી તરત જ કહી દીધુ જેટલા પૈસા જોઈએ તેટલા લઈ જાવો હું ઓફિસે ફોન કરી દઉં છું. પરદેશ ગમનની શુભકામના આપી આનંદભેર ઓફીસે આવ્યા - જરૂર પુરતા ૫૦૦૦ રૂા. લઈ હમો ઘરે આવ્યા.

બીજે દિવસે શાળામાં બધા LKPS - BNB શિક્ષકો સાથે ચર્ચા કરી નક્કી કરીને આપણા સમાજના કેળવણી મંડળ સાથે જોડાયેલા શિક્ષકોની એક મિટિંગ (રવિવારે) BNB શાળામાં રાખી બધા આવ્યા તેમાં હમો BNB ના પાંચ, હુ નટુભાઈ પટેલ (કઠોદરા), રમણભાઈ પટેલ (પરબ), ડાહ્યાભાઈ પટેલ (કડોદરા), ભાઈચંદભાઈ પટેલ (ઉંભેળ), તથા બીજી શાળાઓમાંથી નગીનભાઈ પટેલ (અબ્રામા), વિઠ્ઠલભાઈ પટેલ (કરજણ), શાંતિલાલ પટેલ (સરસ), ઈશ્વરભાઈ પટેલ (કરેલી).

આ મિટિંગમાં નક્કી થયું કે એક પ્રાથમિક અંક નાનો બહાર પાડી સમાજના બધા ઘરે પહોંચાડવો. મુખપત્ર નામ અંગેની ચર્ચામાં આપણી કુળદેવી ઉમિયા માતાજી પરથી "ઉમાવાણી" રાખવાનું સર્વસંમતિથી નક્કી થયું. રજૂઆત શ્રી નટુભાઈ પટેલ સાહેબની. છાપકામ બાબતમાં હમારા સાથી શિક્ષક કિશોરભાઈ દેસાઈ (ઉમરા) તે કામરેજ ચાર રસ્તા રહે અને "મુદ્રા" પ્રિન્ટીંગ પ્રેસ ચલાવે ત્યાં કરવાનું નક્કી થયું. સ્થાપક તંત્રી તરીકે શ્રી નટુભાઈ પટેલ, સહતંત્રી તરીકે શ્રી ડાહ્યાભાઈ પટેલ તથા વ્યવસ્થાપક સમિતિમાં શ્રી શાંતિલાલ બીડજા તથા શ્રી રમણભાઈ પટેલ, આ ચાર જણાએ મુખપત્ર અંગે જવાબદારી લઈને કામકાજ સંભાળયું, પ્રથમ નાનો અંક છપાયો, બધાના ઘરે પહોંચ્યો, સૌનો આવકાર મળ્યો, ત્યારે જણાવતાં આનંદ થાય છે કે મદ્રાસમાં રહેતા ઉંભેળના શ્રી રમણભાઈ (એક્ષપ્રેસવાળા) એ રૂા. ૫૦૦/- આ પ્રવૃત્તિને વેગ આપવા સંસ્થાને મોકલી આપેલા. ત્યાર પછી પહેલો અંક શ્રી રતિલાલ ડાહ્યાભાઈ પટેલે (પરબ) પિતાશ્રીની સ્મૃતિમાં પાડવાનું રતુભાઈએ કહેલું.

પ્રથમ અંક શરૂ કરતા પહેલા વાર્ષિક લવાજમ નક્કી થયું, તે કમિટિ સભ્યો દરેક ગામમાંથી ઉઘરાવી યાદી સાથે કૃષિમંગલ ઓફિસે પહોંચાડે ત્યાંથી મારી પાસે વાવ ગામે આવે આ યાદી સાથે ગામવાર બંડલો બાંધવા તથા પોષ્ટ દ્વારા મોકલાવાતા અંકો, બંડલો ઉપર સરનામા લખવા, ટિકિટ ચોંટાડવી વગેરે કામો મારા તથા શ્રી રમણભાઈ ના ઘરના દરેક સભ્યો લાગી જતા. BNB સ્કૂલમાં આવતા વિદ્યાર્થીઓ સાથે આજુબાજુના બધા ગામના બંડલો પહોંચાડીએ બાકીના ગામના વાવ પોષ્ટ દ્વારા રવાના કરીએ. આવુ થોડા વર્ષ ચાલ્યું.

લવાજમ દર વર્ષે ઉઘરાવવાની તકલીફ એટલે LKPS કમિટિમાં નક્કી થયું કે કેળવણી મંડળ, મહિલા મંડળ, યુવક મંડળ ના આજીવન સભ્યો વાળા ઘરોમાં વિના મુલ્યે ઉમાવાણી પહોંચાડવી, પરદેશ માટે પોષ્ટ ચાર્જ પ્રમાણે તે વખતે આજીવન ૧૦૦૦ રૂા. રાખેલા - આજે પોસ્ટ ચાર્જ વધવાથી ૫૦૦૦ રૂા. રાખેલ છે.

ઉમાવાણીના છાપકામ સાથે આપણા સમાજની પ્રથમ નામાવલી બૂક સ્વ. રણછોડજી મકનજી પટેલ (પરબ) તે વખતના કેળવણી મંડળના મંત્રી હતા ત્યારે તેમણે દરેક ગામોથી કુટુંબના નામો ફોર્મ ભરાવી, મંગાવી સંકલન કરી તેનુ છાપકામ પણ મુદ્રા પ્રેસમાં થતું, આ જુનો અંક કોઈના ઘરે હજી પણ હશે - પ્રુફ જોવાનું રોજનું કામ અમારું BNB માં થતું.

થોડા વર્ષ બાદ ઉમાવાણી બારડોલી પટેલ પ્રિન્ટીંગ પ્રેસમાં છપાવવાનું નક્કી કર્યુ, હું અને નટુભાઈ લેખો પહોંચાડવા, પ્રુફ જોવા, બારડોલી જતા, અંકો છપાયને મારા ઘરે વાવ આવી જતા - બંડલો બંધાઈ જતા સરનામા લખાય જતા - દૂરના ગામોમાં પહોંચાડવા માટે કૃષિમંગલ કર્મચારી પરેશ મહેતા રીક્ષા લઈને આવે મારા ઘરેથી બંડલો લઈને કામરેજ, ઓલપાડ, ચોર્યાસી તાલુકાના ગામોએ પહોંચતા કરતા, સુરત, નવસારી, વડોદરા, અમદાવાદ, મુંબઈ વગેરે સ્થળોએ પોષ્ટ દ્વારા પહોંચતા કરતા આવું ઘણા વર્ષ ચાલ્યુ પછી તંત્રી, સહતંત્રી બદલાયા, બીજા વ્યવસ્થાપક આવ્યા. સર્વ કામકાજ કૃષિમંગલ ઉપરથી શરૂ થયું અને છાપકામ માટે “પાલ પ્રિન્ટીંગ પ્રેસ” અડાજણ (ખૂબ સરસ કામ) આજે પણ ત્યાંજ છપાય છે.

તંત્રી તથા સહતંત્રીની સેવામાં ક્રમસહ ફેરફારની નીચે મુજબ :

| | |
|---|---|
| (૧) શ્રી નટવરભાઈ એન. પટેલ (કઠોદરા) | (૧) શ્રી ડાહ્યાભાઈ કે. પટેલ (કડોદરા) |
| (૨) સ્વ. શાંતિલાલ આઈ. પટેલ (સરસ) | (૨) શ્રી મંગુભાઈ એમ. પટેલ (સીવાણ) |
| (૩) શ્રી રતીલાલ સી. પટેલ (જોથાણ) | (૩) શ્રી ઈશ્વરભાઈ બી. પટેલ (કારેલી) |
| (૪) શ્રી દિલીપભાઈ બી. પટેલ (સુરત) | (૪) ડૉ. ચંદ્રકાંત પટેલ (અમરોલી) |

વાંચવાની વાત આવી છે તો સાથે સાથે કહેવાનું મન થાય છે કે આજના સમયમાં ટી.વી., ફોન ઉપર દરેક વ્યકિત એટલો બધો સમય વિતાવે છે કે વાંચવાનું તો શું ? ઘરમાં બધા સાથે બેસીને વાત-વિચાર કરવાનું બંધ થઈ ગયું છે. ફોન ઉપર વિડિયો જોવા - બીજાને મોકલવાને બદલે "You-Tube" ઉપર સારા સારા લેખકો-વક્તાઓ (જોક્સ, ભજન, સંગીત) ની સ્પીચ સાંભળવી. બહેનો રસોઈ કરતાં કરતાં પણ સાંભળી શકે, યુવાનો માટે જીવન સાથીની પસંદગી બાબતે પણ સારા સંવાદ આવે છે. "You-Tube" ઉપર સાંભળવા જેવા વક્તા :

Gunvant Shah, Nagindas Sanghvi, Jay Vasavda, Bhadrayu - Vachharajani, Kajal Oza, Tushar Shukla, Morari Bapu વિગેરે તેમજ Alpaviram - જો આ મારું છેલ્લું વક્તવ્ય હોય તો ની પ્રવચન શ્રેણી.

યુવાનો, વડીલો ઉમાવાણી અવશ્ય વાંચે કુરિવાજ, સમાજ સુધારા, જ્ઞાનવૃધ્ધિ થાય તેવા લેખો લખે - ઉમાવાણીને સમૃધ્ધ બનાવે, બધા સમાજોના મુખપત્રોમાં નંબર - ૧ બને તેવી શુભકામના.

“જય ઉમિયા માતાજી”

## હું ગમે એટલું કરું તને ઓછું જ લાગે છે!

**– કૃષ્ણકાંત ઉનડકટ**

*સૈકડોં ઉમ્મીદ બાંધ રખી થી ઉસને, કોઈ ખુદા નહીં ફકત ઈન્સાન થા મૈં,*
*તુમ થે જમીં બસ દૌલત વાલોં કી, ઔર સબ કે હક કા આસમાન થા મૈં.*
*-નિશાંત 'ફિતૂરી'*

સંબંધમાં અપેક્ષાઓ જેટલી ઓછી લદાયેલી હશે એટલો સંબંધ હળવો અને ગરવો રહે છે. સાવ અપેક્ષા હોય જ નહીં એવું તો બનવાનું જ નથી. અપેક્ષાઓ તો હોવાની જ છે. કોણ કોના માટે કેટલું કરે છે એનો હિસાબ પણ મંડાતો હોય છે. આપણે તો ઘણી વાર ગણતરીઓ પણ માંડતા હોઈએ છીએ કે, એ જેટલું કરે એટલું આપણે કરવાનું! સંબંધને જયારે ત્રાજવે તોળવાનું શરૂ થાય ત્યારે પ્રેમનું પલડું ડામાડોળ થાય છે. માવજતમાં માપ ન હોય, પ્રેમમાં હિસાબ ન હોય, લાગણીમાં ગણતરીઓ ન હોય, વાત્સલ્યમાં વહેવાર ન હોય, સ્નેહમાં સરખામણી ન હોય માણસ બહુ ગણતરીબાજ થતો જાય છે. બધું માપી માપીને કરવા લાગ્યો છે. માપવાનું શરૂ થાય ત્યારે પામવાનું ઘડતું જાય છે.

બે પરિવારની વાત છે. એક પરિવાર સમૃદ્ધ હતો. કોઈ પણ પ્રસંગ હોય ત્યારે એ તેનાથી બને એટલું કરી છૂટે, કોઈ પણ ત્યાંથી ભેટસોગાદ આવી જ ગઈ હોય, ઘણી વખત કોઈ આપણા માટે કંઈક કરતું હોય ત્યારે આપણી પણ એની પાસે અપેક્ષાઓ બંધાઈ જતી હોય છે. એ ન કરે ત્યારે ઓછું આવી જાય છે. સમૃદ્ધ પરિવાર એક સમયે મુશ્કેલીમાં આવ્યો. વહેવારમાં એ પહોંચી શકે એમ નહોતો. એણે વ્યવહાર ઘટાડી નાખ્યો. બીજા પરિવારને થયું કે, હવે એ લોકોનો પ્રેમ ઓછો થઈ ગયો છે. એ પરિવારનાં પતિ-પત્ની વાત કરતાં હતાં. પત્નીએ કહ્યું કે, હવે એ લોકો તરફથી ખાસ કંઈ આવતું નથી, હવે એ લોકોને આપણી કદર નથી. એને બીજા મિત્રો મળી ગયા લાગે છે. બીજા સાથે હવે એને વધુ ફાવતું લાગે છે. આ વાત સાંભળીને પતિએ કહ્યું કે, તું એવું કેમ વિચારે છે ? એવું પણ બનવાજોગ છે કે એ લોકોથી હવે થઈ શકતું નહીં હોય. એણે કંઈ એવું લખી થોડું આપ્યું છે કે, અમે તમારો વ્યવહાર સાચવીશું જ! એ સાંજે એ ભાઈ સામેના પરિવારને મળવા ગયા. તેણે પૂછયું. બધું બરાબર છેને ? એ પરિવારે સાચી વાત કરી કે, હમણાં થોડા પ્રોબ્લેમ ચાલે છે. એ ભાઈએ કહ્યું કે, હું તમારા માટે શું કરી શકું ? તમારી દરેક મુશ્કેલીમાં હું તમારી સાથે છું. ઘણી વખત આપણે ચિંતા કરવી જોઈએ ત્યારે આપણે માઠું લગાડતા હોઈએ છીએ. ધ્યાન રાખવાનું હોય ત્યારે મોઢું ચડાવતા હોઈએ છીએ.

અપેક્ષાઓ રાખો પણ એ અપેક્ષાઓ પૂરી ન થાય ત્યારે સ્થિતિને સમજવાનો પ્રયાસ કરો. અપેક્ષાઓ કેમ પૂરી થતી નથી ? એની ત્રેવડ નથી કે એની દાનત નથી ? કે પછી એની આદત જ નથી ? દરેક વ્યકિત જુદી છે. દરેકની પ્રેમ કરવાની રીત પણ અલગ હોય છે. ઘણા લોકો કરતા હોય છે પણ સાથોસાથ જણાવતા પણ હોય છે. એ હિસાબ રાખે છે કે, મેં તારા માટે આટલું કર્યું છે. એની સામે તેં મારા માટે કેટલું કર્યું ? અમુક લોકો તો એને જ પ્રેમ સમજે છે. એક પતિ-પત્નીની આ વાત છે. પતિ પત્ની માટે નિયમિત રીતે ગિફ્ટ લઈ આવે. કોઈ પ્રસંગ હોય એ ન હોય, ફલાવર્સ અને ચોકલેટ્સ લેતો આવે, એ એવું સમજતો કે મારી પત્નીને થવું જોઈએ કે, હું તેને ખૂબ પ્રેમ કરું છું, ઘણા વ્યવહારને આપણે પ્રેમનાં પ્રતીક માની લેતા હોઈએ છીએ. એક વખત પત્નીએ કહ્યું કે, આવું બધું ન કર. પ્રેમ તારા વ્યવહારમાં નહીં પણ વર્તનમાં છતો થવો જોઈએ. તું બધું કરે છે પણ તને એ

ખબર છે કે, મને શું ગમે છે ? તું ડ્રાયફ્રૂટવાળી ચોકલેટ લાવે છે અને મને પ્લેન ચોકલેટ ભાવે છે, તું ગુલાબનાં ફૂલ લાવે છે અને મને જરબેરા ગમે છે. તું મારા માટે બ્લૂ કલરનું બધું લાવે છે અને મારો ફેવરિટ કલર લાઈટ યલો છે. બીજી વાત, પ્રેમ કર, પ્રેમને સાબિત કરવાનો પ્રયાસ ન કર.

પ્રેમ નજાકત માંગે છે. ગિફ્ટ, ચોકલેટ, ફ્લાવર, પરફ્યૂમ બધું બરાબર છે પણ જયારે સાંનિધ્યની જરૂર હોય છે ત્યારે સાથે હોઈએ છીએ ? એક પતિ-પત્નીની આ વાત છે. પત્નીને હીંચકો બહુ ગમતો, ઘર નાનું હતું. હીંચકો રાખી શકાય એમ નહોતો. પતિ કહેતો, મોટું ઘર લઈશું એટલે તને હીંચકો લઈ આપીશ. થોડા સમય પછી નવું મોટું ઘર લીધું, પતિએ પત્નીને ગમતો હતો એવો હીંચકો લઈ આપ્યો. ઘણો સમય વીતી ગયો. પત્ની હીંચકે ઓછું બેસતી, પતિએ એક વખત કહ્યું કે, તને તો હીંચકો બહુ ગમે છેને ? તું હીંચકે તો બેસતી જ નથી ? પત્નીએ કહ્યું કે, મારી હિંચકાની કલ્પનામાં માત્ર હીંચકો નથી, મારી સાથે તું ઝૂલે એ છે, હીંચકાની મજા તો જ છે જો તું બાજુમાં હોય. બંનેના પગની ઠેસ સાથે પડે તો જ હવાની લહેરખી માણવાની મજા આવે. ખબર નહીં તું કયારે મને સમજીશ ?

આપણને પ્રેમ નથી હોતો એવું નથી હોતું, પ્રેમ તો હોય જ છે, ફર્ક માત્ર એટલો હોય છે કે આપણે આપણી રીતથી પ્રેમ કરતા હોઈએ છીએ જયારે પ્રેમ સામેની વ્યકિતની રીતે કરવાનો હોય છે.

મને શું ગમે એ નહીં, તને શું ગમે એ મહત્ત્વનું હોય છે. થોડુંક બદલાવું પડતું હોય છે. રોમાંચની બધાની પોતાની રીત હોય છે. રોમાન્સ પણ એક કળા છે. આ એવી કળા છે જે બંનેને ફીલ થવી જોઈએ. એક પતિ-પત્ની હતાં. પત્નીનો બર્થ ડે હોય કે બીજું કંઈ હોય, પતિ ઉત્સાહથી બધું કરતો. પતિ ગમે એટલું કરે તો પણ પત્નીને ઓછું જ આવી જાય.

દસ વસ્તુ હોય તો પણ પત્ની એવું બોલ્યા વગર ન રહે કે તેં હજુ આમ ન કર્યું. પતિએ આખરે કહ્યું કે, હું ગમે એટલું કરું પણ તોયે તને ઓછું જ લાગે છે. આપણા વ્યકિત આપણા માટે કંઈ કરે ત્યારે તેને થોડીક કદરની અપેક્ષા પણ હોય છે. મને ગમ્યું, મને સારું લાગ્યું, તું મારા માટે જે કરે છે એ મને ગમે છે એટલા શબ્દો જાદુઈ અસર કરતા હોય છે. પ્રેમ પણ એપ્રિસિએશન ઈચ્છતો હોય છે. પોતાની વ્યકિત કંઈક કરે ત્યારે એને થોડાક શબ્દોથી વધાવીએ તો એણે કરેલા તમામ પ્રયાસ લેખે લાગ્યા હોય એવું લાગે છે. મહેનત કરી હોય તો એનો થાક ઊતરી જાય છે. આપણને આપણી વ્યકિતની કેટલી કદર હોય છે ?

એક પત્ની તેના પતિ માટે બધું જ કરી છૂટતી. પતિ કોઈ દિવસ વખાણ ન કરે. એક વખત પત્નીએ પૂછયું, હું તારા માટે જે કંઈ કરું છું એ તને ગમે તો છેને ? પતિએ પત્નીની વાતનો ઊંધો મતલબ કાઢયો. તેણે કહ્યું કે, તું કંઈ કરે છે તો મહેરબાની થોડી કરે છે ? દરેક પત્ની એના પતિ માટે બધું કરતી હોય છે. આવા શબ્દોથી જે ઘા લાગતો હોય છે એ બીજી વખત કંઈ કરતા પહેલાં માણસને વિચારતા કરી દે છે. હું ગમે એ કરું તો પણ એને કયાં કઈ ફેર પડે છે. હું તૂટી જાઉં તો પણ એ જરાયે રિસ્પોન્સ નહીં આપે. પ્રેમને પારખતા આવડવો જોઈએ. પ્રેમ હોય તો એક ફૂલ આખા બગીચાની ગરજ સારી દે છે, બસ, એ એક ફૂલ મહેકતું હોવું જોઈએ, એની સુગંધ સ્પર્શતી હોવી જોઈએ, પાંખડીઓની નજાકતનો અહેસાસ થવો જોઈએ, પ્રેમ એ માત્ર ને માત્ર અનુભૂતિ છે, એ કોઈ વસ્તુ કે ઘટનનો મોહતાજ નથી. હાથ હાથમાં હોય અને આખું અસ્તિત્વ છલકતું લાગે તો માનવું કે આપણો પ્રેમ સજીવન છે, ધબકતો છે, જીવતો અને જિવાતો છે.

# હર પલ યહાઁ જી ભર જીયો...

– ડૉ જયશ્રી દીક્ષિત પટેલ

૨૦મી માર્ચ આમ જુઓ તો સામાન્ય દિવસ પણ વર્ષના દરેક દિવસને વિશિષ્ટ દિવસ ગણીને ઉજવવાની જે પરંપરા ઊભી કરવામાં આવી છે તે મુજબ આ દિવસ ઈન્ટરનેશનલ ડે ઓફ હેપ્પીનેસ તરીકે ઊજવાશે, આંતરરાષ્ટ્રીય સુખ દિવસ ઊજવવો પડે છે કેમ કે આપણે દુ:ખી છીએ, જો આપણે વર્ષના ૩૬૫ દિવસ સુખી જ રહેતા હોઈએ તો આવો કોઈ દિવસ ઉજવવાની જરૂર પડે ખરી ?

૨૧મી સદીએ સમગ્ર માનવજાતને 'હોવા' માંથી કશુંક 'બનવા'ની દોડમાં જોતરી દીધી છે. બધું જ મનમાં અને મુઠ્ઠીમાં ઝાલવાનો દુરાગ્રહ પહોંચવા અને પકડવાની દોડમાં ઊતરવા માટે મજબૂર કરી દે છે. વધુને વધુ પોંખવાની લ્હાયમાં અને શોર્ટ કટથી શિખરે પહોંચી જવાની ઉતાવળમાં અંતરનો આનંદ ખોઈ બેઠા છીએ. આપણે સુખની ખોજમાં ભટકયા કરીએ છીએ અને કદી ન ભરાય તેવી એકલતા અને ખાલીપાને ઓઢીને જીવનના અમૂલ્ય દિવસો ખર્ચી રહ્યાં છીએ. આખરે સુખ શું છે ? સુખ કોને કહેવાય ? સુખી કોને કહેવાય ? આ બધા પ્રશ્નો એવા છે કે જેના કદી સંતોષકાર જવાબ મળ્યા જ નથી. સત્યની જેમ સુખ પણ Subjective છે. દરેક વ્યકિતની પોતાની આગવી વ્યાખ્યા હશે સુખ માટે.

એરિક ફ્રોમનું પુસ્તક છે સેન સોસાયટી, સેન એટલે સમાજ, તેમાં તેઓ લખે છે કે જયારે તમે નાસમજ સમાજમાં રહેતા હો ત્યારે તમે ગમે તેટલા સમજદાર હો પણ તેનું કોઈ મહત્વ નથી. આ પુસ્તકમાં માનવ સમાજનું પાગલપન દેખાડવામાં આવ્યું છે. કે કઈ રીતે માણસે પોતાનું સુખ પોતાની જાતે હણ્યું. માણસનો વિકાસ વધ્યો છે પણ તેનું સુખ ઘટયું છે. શા માટે આવું થયું તેનો જવાબ સેન સોસાયટીમાં મળે છે પણ વાંચીને જીવનમાં ઉતારે કોણ ? કાયમ કાદવ-કિચડમાં જ પડયા રહેતા ભૂંડ માટે કાદવ અને ગંદકીથી મોટું કોઈ સુખ જ નથી, તેને માટે તો એ જ સુખ છે અને એજ સતય છે !

માનવ કૃત્રિમ, દંભી અને બીજાની નજરે ચઢિયાતો અને સુખી છે તે બતાવવામાં તેનું પોતાનું જીવન કયારેય જીવતો નથી. ઈશ્વરની અમૂલ્ય ભેટ સમાન મજાના જીવનને ખટપટ, ચાલાકી, ઈર્ષા અને ક્ષુલ્લક વિચારોમાં કાઢીને આયખું પૂરું કરી દે છે. સુખને અવસર આપવો અઘરો તો છે જ પણ મુશ્કેલ નથી.

વિશ્વના મહાન કવિઓમાં જેમની ગણના થાય છે એવા બ્રાઝિલના મારીઆ ડી એન્ડ્રેડની કવિતા My soul has a hat સુખનું સરનામું આપે છે તેનો મુકામ પોસ્ટ 'હું' છે. Hat એટલે કે ટોપી કે જે સન્માન અને ગૌરવનું પ્રતીક છે. કવિ કહે છે કે મારો આત્મા (Soul) કંઈ જેવો તેવો નથી, તે માંડ પ્રાપ્ત થયો છે. તેનું આદર સન્માન અને સાફલ્ય મારી જવાબદારી છે. કવિની કવિતા તો ખૂબ લાંગી છે પણ સુખને અવસર આપે તેવી છે. મારિઓ એન્ડ્રેડ જીવનને બાળકોને ભેટમાં મળતા કેન્ડીના બોક્ષ જેવું ગણાવે છે. ઈશ્વરે જન્મતાની સાથે જ જીવનરૂપી મજાની કેન્ડી આપી હતી અડધીથી વધુ કેન્ડી આ અભાનપણે આરોગી ગયા પણ હવે ધ્રાસકો પડયો કે અરે રે... આટલી મજાની કેન્ડી અને હવે આટલી જ બાકી રહી ? જીવનના જે વર્ષો ગુમાવ્યાનો અફસોસ ત્યજીને હવે બાકીની જિંદગીને બહેતર બનાવવાની કેન્ડીના માધ્યમથી કવિ જે વાત કરે છે તે સમગ્ર માનવજાત માટે દીવાદાંડી સમાન છે.

જેમ બાળક કેન્ડી પૂરી થવાની છે તેનું અચાનક ભાન થયા પછી બચેલી કેન્ડી જે રીતે માણે છે તે રીતે બાકીનું જીવન જીવવું જોઈએ. નિરર્થક ચર્ચા, કૂથલી, ગંદુ રાજકારણ, સમાજની નજરે મારી મૂલવણી થાય કે ન થાય તેની પરવા ત્યજી માત્ર નિજાનંદમાં બાકીનું જીવન જીવવાથી સુખ નામના અગોચર પ્રદેશની યાત્રા શરૂ થાય છે. અત્યાર સુધી સમાજની દાદ અને પ્રતિભાવ માટે જ જીવ્યા, મીટીંગો, મેળાવડાઓમાં અને વર્ચ્યુઅલ પ્લેટફોર્મ ઉપર ઓળખ ઉભી કરવામાં કે જાળવવામાં કેટલો શ્રમ અને તણાવ વેઠયો. સોશિયલ મીડિયા ઉપર કેટલી Like મળી એ ગણવામાં જિંદગીને Like કરતાં બંધ થઈ ગયા છીએ. બીજાને Like ન આપવી ભલેને એનું જોઈ-વાંચી મનમાં બળવુ આ બધી મનોરૂગ્ણતા છોડી ખુદની નજરમાં ખરાં ઉતરી ખુદને Like કરવાની કોશિશ કરવાની જરૂર છે.

એવી તમામ વ્યકિતઓ કે જેઓ લાગણી વગરના બુઠ્ઠા અને એક તરફી ફાયદા ઉઠાવતા સ્વકેન્દ્રી છે. તેમના અંગે વિચારીને કે સમય બગાડીને આપણી ગતિ અને મસ્તીમાં શું કામ વિચલીત થવું ? સતત અસલામતથી પીડાતા અને પોતાના જ ભારથી ફસકી જતા લોકોથી દૂર રહેવામાં જ ડહાપણ છે.

કોઈના સર્ટિફિકેટ માટે શું કામ જીવવું ? મારા કાર્યથી મારા સ્વયંના આત્માને સંતોષ થવો જોઈએ. મનને ગમે તેવા અને મળવા જેવા માણસોને જ મળવું વિચારોથી હલકા, બીજાની ઈર્ષા જ કર્યા કરનારા અહંકારી લાકોથી દૂર રહેવું સારૂં, જે મળ્યું છે તેને માણીએ તો સુખ હાથવગું જ છે. મનની મથામણોના વાદળો વિખરાય તો સુખ અહીં જ છે. ઘણીવાર કશેક પહોંચવાની ઉતાવળમાં સ્વયં મારગની મૈત્રી ચૂકી જઈએ છીએ; અને તેનાથી વધુ આપણે કયાં અને શા માટે જઈ રહ્યાં છીએ તેનું ભાન પણ ખોઈ બેસીએ છીએ. આનંદ, સુખ કે ખુશ થવું એ કોઈ ઘટના નથી. એ બહારથી આવતી કોઈ અનુભૂતિ કે લાગણી નથી. એ આપણી અંદર ઊગે છે, આપણે એ અનુભૂતિને સતત ઉછેર્યા કરીએ તો જ તેની વૃદ્ધિ થશે. તકલીફ એ છે કે આપણે આપણા સુખનું રિમોટ કંટ્રોલ બીજાના હાથમાં આપી દઈને કઠપૂતળી જેવા બની જઈએ છીએ. સબસે બડા રોગ કયા કહેંગે લોગ ? લોકો શું કહેશે તેની ચિંતામાં આપણે પોતે તો સુખી થતા નથી અને બીજાને પણ સુખી થવા દેતા નથી !! બીજા લોકો શું વિચારશે એવી ખોટી ચિંતા શું કામ કરવી ? કારણ કે એ લોકો પણ વ્યસ્ત જ હશે એ ચિંતામાં કે આપણે શું વિચારીશું માટે જ "કુછ તો લોગ કહેંગે, લોગો કા કામ હે કહેના, છોડો બેકાર કી બાતો મે બિત ન જાયે રેના..." ગણગણી લેવું.

એવું જ વિચારવાનું મારિઓ એન્ડ્રેડ કહે છે કે હવે મારી જીવનરૂપી કેન્ડી ઝડપથી પીગળી રહી છે. પૂરી થઈ જવામાં બહુ સમય નથી પણ મોડે મોડે પણ ડહાપણ આવ્યું છે. બધું જ છોડીને આપણા 'સ્વ' માટે જીવીએ છવાઈ જવા કે વિસ્તરવાની જગ્યાએ આપણી અંદરની યાત્રા કરીએ આંતરિક વિકાસની ઉચ્ચ ગતિ વિસ્તરવા કરતાં સમેટાવા તરફની હોય છે. કોઈપણ ખલેક વગરની આંતરિક મસ્તીથી લથપથ બનીશું તો સુખ આપણું જ સરનામું શોધતું આવશે જ, આજની ઘડી જ રળિયામણી છે આવતીકાલે કદાચ જીવનની ઘડિયાળ બંધ પણ પડી જાય.

**પડઘોઃ**

We have two lives & the Second begins, when you realize you only have one.

- મારીઓ એન્ડ્રેડ

# દિવાળીના દિવસોનો એક્સ-રે

**– નટવરલાલ એન. પટેલ** (કઠોદરા/અમેરીકા)
વૉટ્સેપ નં.: ૮૧૪૦૨ ૯૦૦૮૯

વિક્રમ રાજાના નામથી ઓળખાતું વિક્રમ સંવતમાં આસો માસની વદ અગિયારસથી કારતક સુદ પાંચમ સુધી દસ દિવસ દિવાળી પર્વ ઊજવાતું આવ્યું છે.

એકાદાશી એટલે દશ ઈન્દ્રિયો અને અગિયારમું મનને વશ કરવાનો એક આદેશ એટલે આ દિનનું મહત્ત્વ. વાઘબારશ એટલે વાણીની દેવીની ઉપાસના. આપણી વાણી ને જાણીને બોલીએ તો વહે પ્રેમ સરવાણી. ધનતેરસ એટલે ચલણી નાણું આવ્યું ત્યારથી એના વધવા માટે એની પૂજા કરીએ એટલે આમ તો ધનતેરસ નહિ પણ ધન તરસ થઈ ગઈ છે અને હવે તો બધાને એનો શોષ પડયો છે. પહેલા ગાયો જ ધન ગણાતી. નાણું ન હતું તેથી ધણ (સમૂહ) તેરસે ગાયની પૂજા થતી. જો કે માત્ર ધનની પૂજાથી ધનવાન થવાતું હોત તો આપણે આટલા ગરીબ કેમ રહ્યા ? ઉદ્યમથી જ ધન આવે ને નીતિથી આવેલ ધન લક્ષ્મી બને તો દેવી લક્ષ્મી રીઝે નહિ તો અનીતિના ધનનાં ચાંદાં વહેલાં મોડાં ફૂટી નીકળે છે. દેવોના વૈદ્ય ધનવંતરીનું પણ પૂજન કરાય છે. કાળી ચૌદશે ભૂતપ્રેતના ભયથી મુકત રહેવા આરાધના કરે છે, હનુમાનની પૂજા કરે છે. ખેડૂતો જુવારનો સેંઠો લાવી ઘર પર નાંખતા હવે તે ભૂતકાળની ઘટના થઈ ગઈ છે. દિવાળીના દિવસે કૃષ્ણે નરકાસુરનો નાશ કરી પ્રજાને ત્રાસ મુકત કરી. પૃથુ ભગવાને પૃથ્વીનું દોહન કરી રસકસ કાઢયા. સમુદ્રમાંથી લક્ષ્મીજી પ્રગટયા. પાંડવો વનમાંથી પાછા આવ્યા. શ્રીરામે લંકાવિજય કરી અયોધ્યામાં પ્રવેશ કર્યો. વેપારી ચોપડા (બેનંબરના ?) પૂજન કરે છે. GST ને ટેક્ષ છુપાવવા ! નવું વરસ કારતક સુદ પડવાથી શરૂ થાય તેને સૌ વધાવી લે છે. વામન અવતાર ધારણ કરીને ભગવાને ત્રણ પગલાનું દાન બલિરાજા પાસે માંગી ને તેને વરદાન આપ્યુ કે આ દિવસ બલિ પ્રતિપ્રદા તરીકે વિખ્યાત થશે. નવી ફસલ તૈયાર થતી તેથી વરસાદના દેવ ઈન્દ્રની ગોકુલમાં પૂજા કરવાનો રિવાજ હતો. આ દિવસે લોકો એકબીજાને સાલમુબારક પાઠવે, મંદિરે જાય, શુભેચ્છાના કાર્ડ લખે વગેરે. ભાઈબીજે ભાઈ બહેનને ત્યાં ભોજન માટે જઈ પ્રેમ પ્રગટ કરે. લાભપાંચમે ચોપડા પૂજન અગાઉ ન થયું હોય તો તે પતાવે આમ દસ દિન પૂરા થાય છે.

કવિ કાલિદાસે **उत्सवप्रियाः खलु मानवाः ।** માણસો ઉત્સવપ્રિય હોય છે. રોજેરોજની એકધારી નીરસ જણાતી જિન્દગીની ઘટમાળથી થાકેલો માનવી મનને, તનને નવી ઊર્જા, શક્તિ, ઉત્સાહ, આનંદ, નવો પ્રાણ સંચાર, ભાવનાની ભીનાશ પ્રાપ્ત કરી હળવો ફૂલ બનવા ઉત્સવો ઉજવે છે. આ ઉત્સવોના વિવિધ હેતુને ધ્યાનમાં રાખીને માણસે પોતાના ભાવજગતને ઉદાન્ત બનાવી નરમાંથી નારાયણ બનવા તરફની ગતિ કરીને બહેતર માણસ બનવાનું છે તેને બદલે તહેવારોમાં ઘેલા, હરખપદૂડાં, વિવેકહીન બની આપણે એને વેરઝેર, લડાઈડંડા, હવા અવાજ પ્રદુષણ, કુદરતી સંપત્તિ વિનાશ, જાહેરજીવનમાં અરાજકતા, પદ, સ્થાન, યશ ની લાલસામાં અશ્લીલ, બિભત્સ, વિકૃતિના પર્યાય બનાવી દીધા છે. આ ચિત્ર જોઈને મને શિક્ષક તરીકે ભણાવેલ સ્વ. બળવંતરાય ઠાકોર - આપણા મોટા કવિ ની સાલમુબારક વિશેની એક કવિતા યાદ આવે છે. બેસતા વર્ષના દિને કવિ હીંચકા પર ચિરૂટ ટેશથી પીતા હતા. ધીમી બળે ને વધુ લિજ્જત આપતી ! લોકો આવીને કવિને યંત્રવત્ ચાવી આપેલા રમકડાની જેમ 'સાલમુબારક' કરતા જાય છે. કવિ પણ સૌને ખોટુ ન લાગે તેથી પ્રતિભાવમાં 'સાલમુબારક' પાઠવે છે. પણ પછી યંત્રવત્ થતી આ પ્રક્રિયા પર વિચારે ચડે છે કે મારી

ચિરૂટનો ધુમાડો મારી આસપાસ ધુમરાયા કરે છે પણ ગતિમાન બનતો નથી અને આ મારો હીંચકો પણ થોડી આગળ પાછળ ગતિ કરે છે પણ પ્રગતિ નથી કરતો છે ત્યાંનો ત્યાં જ વરસોથી ! તો આ નવાવરસની શુભેચ્છા પાઠવનારા પણ (આપણે સૌ) થોડા કલાક પૂરતા મનોભાવનાથી ઉપર ઊઠીએ છીએ પણ પછી તો ઠેરના ઠેર ! મેલ કરવત મોચીના મોચી જ ! આપણામાં રહેલા આપણા છ શત્રુઓ કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર (અદેખાઈ-એ આપણને નથી દેખાતી એટલે જ અ-દેખાઈ !) પછીના દિવસોમાં સહેજ પણ ઓછા થતાં નથી તો સૌથી વધુ વાર, તહેવાર, વ્રત, પ્રસંગોની ઉજવણી કરતી પ્રજા તરીકે આપણે આત્મમંથન કરીએ તો જ સમાજ જીવનના કલ્યાણ અર્થે વેરઝેર, દ્રવેશ, ટાંટિયા ખેંચ, કાવાદાવા, પ્રપંચલીલા, લોભ, અંધસ્વાર્થ, લાલસા, ભ્રષ્ટાચાર, અશાંતિ વગેરે ઓછા થાય તો જ આ બધી ઉજવણી લેખે લાગે નહિ તો પાણી વલોવવાની મિથ્યા પ્રવૃત્તિ સમજવી રહી.

અંગ્રેજી સાહિત્યના મહાન નાટયલેખક વિલિયમ શેક્સપિયરે કહેલું કે **'આ દુનિયા એક રંગભૂમિ છે. અને આપણે સ્ત્રી પુરુષો એના પર અભિનય કરનારાં પાત્રો છે.'** અને તેથી અભિનયના ઘણા બધા રોલ તો કરી કરી શકાય. બહુરૂપી જેવું ! ઘણા વેશ લઈ શકાય. સિનેમા નાટકમાં એમ જ થાય છે. એમાં એક જ વ્યકિત દુર્જનસિંહ અને સજ્જનસિંહ બની શકે છે. તેમ આપણે પણ મુખ પર બનાવટી મહોરું Mask ચડાવીને જીવનમાં અભિનય કરવો પડે છે અને આપણે એવોર્ડ મળે એ રીતે કરીએ જ છીએ ! સારા દેખાવાના પ્રયત્નો-રોલ ભજવવો પણ સારા થવું નહિ ! સાલમુબારકમાં આવું થતું કવિને લાગ્યું હોવું જોઈએ. દેવજી મોઢા નામના એક કવિએ લખેલુ કે

**''ઢાંકવા અસલી રૂપને, સૌએ નકલી સર્જ્યાં મહોરાં,**
**કાલ લગી જે દીસતાં કૂબા આજ દેખાય ગોરાં''**

દેશની આઝાદી પહેલાં જે નેતા હતા તે ખાદીની કફની પહેરતા એમ કહેવાય છે આજે જે ખાદીની કફની પહેરે છે તે નેતા કહેવાય છે. શેક્સપિયરે ખૂબ સાચું કહેલું ને ! તો વહેતા પાણીમાં મારે પણ હાથ ધોવા પડશે એમને ! તો સૌને સાલમુબારક અને દિવાળીના દિવસોની શુભકામના.

## S.S.C. પરીક્ષામાં પાટીદાર પ્રતિભા ઝળકે...

### S.S.C. (બોર્ડ)



**નામ : નમસ્વીબેન અમરીશકુમાર પટેલ**
**ગામ : છાપરાભાઠા**
**ટકા/ગ્રેડ : 88.00%**



**નામ : એન્જલ ચેતનકુમાર પટેલ**
**ગામ : સુરત (છાપરાભાઠા)**
**ટકા/ગ્રેડ : 98.20% (A1) CBSC**



**નામ : કુશ સંદિપકુમાર પટેલ**
**ગામ : વલણ**
**ટકા/ગ્રેડ : A1 (CBSC)**



**નામ : બંસરી સંજયભાઈ પટેલ**
**ગામ : સાયણ**
**ટકા/ગ્રેડ : 91.00% (A1)**
(ગયા અંકનો સુધારો)

**નોંધ : S.S.C. અને H.S.C. પરીક્ષામાં માત્ર A1 અને A2 મેળવેલ વિદ્યાર્થીના જ સમાચાર છપાય છે. જેની નોંધ લેશો – 'નામદાની'**

**દીકરીની જવાબદારીઓ અને પુત્રવધૂની જવાબદારીઓ જુદી-જુદી હોય છે. બંનેની ફરજો પણ જુદી હોય છે.**

# પુત્રવધૂને પુત્રવધૂ જ રહેવા દો, દીકરી ના બનાવો....

**- એષા દાદાવાળા**

**થોડા સવાલો :**

એ સવારે સાડાનવ વાગ્યે ઊઠશે તો તમને ચાલશે? સાડાનવ વાગ્યે ઊઠીને કિચન પર મૂકેલો ચા ભરેલો કપ એ માઈક્રોવેવમાં ગરમ કરી હિંચકે ઝૂલતાં ઝૂલતાં ચા પીશે તો તમે મોઢું તો નહીં મચકોડોને? ચા પીધા પછી તરત જ પોતાના રૂમમાં જઈ ઓફિસ માટે તૈયાર થઈ ડાઈનિંગ ટેબલ પર તૈયાર ટિફિનની ડિમાન્ડ કરશે તો તમે એના હાથમાં ટિફિન મૂકી આપશો? હું મંદિરે તો નહીં જ આવું... આવું જો તમને મોઢે ચોપડાવી દેશે તો તમે એનું સારું જેવી તારી ઈચ્છા.. એવું કહેશો કે એની પીઠ પાછળ એ કેટલી મુંહફટ છે એવી ગોસિપ કરશો?

આ 'એ' એટલે તમારી પૂત્રવધૂ ઉર્ફે તમારી વહુ ઉર્ફે તમારા દીકરાની પત્ની ! એને પરણાવીને તમારા ઘરે લાવેલા ત્યારે પાંચસો-સાતસો માણસોની હાજરીમાં એનાં મા-બાપને હાથ જોડીને એવું કહેલું કે આજથી એ અમારી પણ દીકરી જ છે! ખાલી એકવાર એવું વિચારી જો જો કે તમારી પુત્રવધૂ તમારાં જ ઘરમાં તમારી દીકરીની જેમ જ એના મૂડ પ્રમાણે વર્તવા માંડશે, જેવું વિચારશે એવું બોલી નાંખશે, મન નહીં થાય તો રસોડામાં પગ પણ નહીં મૂકે... તો તમને ચાલશે? તમારામાં રહેલી સાસુ આ બરદાસ્ત કરી શકશે? 'હું પરણીને આવેલી ત્યારે પચાસ રોટલીઓ વણતી હતી'થી લઈને 'સાસુ-સસરાની સામે તો મારો અવાજ જ ન્હોતો નીકળતો' સુધીનું બધું જ તમને યાદ આવશે અને તમે તરત જ એની કમ્પેરિઝન તમારી જાત સાથે કરવા માંડશો.

આપણને સંબંધોનાં ટેગ બદલવાની આદત પડી ગઈ છે. સાસુ મા સમાન હોઈ જ શકે પણ સાસુ ક્યારેય મા ન હોઈ શકે... માને તું કહી શકાય છે, સાસુને તું કહીને બોલાવી શકાતા નથી. ગમે એવા ખરાબ મુડમાં સગ્ગી મા સાથે કરી શકાતી હોય છે એવી બદ્તમિજી સાસુ સાથે કરી શકાતી નથી અને કરવી પણ ન જ જોઈએ. એમનું સન્માન એમની મર્યાદા જાળવવાની હોય જ અને જાળવવી પડે જ.

આપણે જમાઈને દીકરાનું ટેગ પહેરાવી દઈએ છીએ પણ એક વાત ભૂલી જઈએ છીએ કે દીકરાને ડફોળ કહીને બોલાવી શકાય છે, જમાઈને એવું સંબોધન કરી શકાતું નથી. આપણે સંબંધોનાં ટેગ બદલી તો નાંખીએ છીએ પણ બદલાયેલાં ટેગ પછી અપેક્ષાઓ બદલી શકતા નથી. મારો સૌથી મહત્વનો સવાલ એ છે કે પુત્રવધુઓ જો દીકરી જ ગણવાની હોત કે સાસુને મા જ ગણવાની હોત તો આપણાં શબ્દકોષમાં પુત્રવધુ, સાસુ, સસરા, દિયર, સાળો, બનેવી જેવા શબ્દો આવ્યા કેમ? વરની માતા, વરનો પિતા.. એવા શબ્દોથી પણ કામ ચાલી જ શક્યું હોત !

વાસ્તવિકતા એ છે કે પુત્રવધુ સાથે જો આખી જિંદગી સ્વસ્થ સંબંધો રાખવા હોય તો એને પુત્રવધુ જ રહેવા દો. દીકરી બનાવવાની જીદ કરશો નહીં. સામે પક્ષે પુત્રવધુએ પણ સાસુ સાથેના સંબંધોમાં આજીવન અડચણો આવવા દેવી ન હોય તો એને સાસુ જ માનવી, મા સમજવાની હઠ

કરવી નહીં ! મજાની અને અત્યંત નવાઈ પમાડે એવી વાત એ છે કે તમે તમારી પુત્રવધૂને દીકરી તો માની લો છો પણ એનો દીકરી જેવો અધિકાર તમે સાંખી શકતા નથી. દીકરી અને પુત્રવધૂ વચ્ચે ફરક હોય છે અને આ ફરક જિંદગીભર રાખવો પડે છે, રાખવો જોઈએ.

તમારી દીકરીને તમે ઘાંટો પાડીને ખીજવાઈ શકો છો, પુત્રવધુને ઘાંટો પાડી શકાતો નથી... પાડવો પણ ના જોઈએ. તમારી પુત્રવધૂ એ તમારા દીકરાની પત્ની છે, એની પત્ની તરીકેનું માન-સન્માન એને પણ મળવું જ જોઈએ. દીકરી તમારા કહ્યું ઘણું કરી લે છે, પુત્રવધૂ પર તમે તમારા વિચારો થોપી શકતા નથી. દીકરીની જવાબદારીઓ અને પુત્રવધુની જવાબદારીઓ જુદી-જુદી હોય છે. બંનેની ફરજો પણ જુદી હોય છે. દીકરીએ પરણીને બીજા ઘરે જવાનું છે, પુત્રવધૂએ પરણીને તમારા ઘરે આવવાનું છે. દીકરી પોતાનું ઘર છોડીને જશે. પુત્રવધૂ એક પારકાં ઘરને પોતાનું બનાવવાનાં પ્રયાસો કરશે.

'મારી દીકરીને રસોઈ કરતા તો આવડતી જ નથી' આવું તમે ગર્વથી કહેશો, પુત્રવધૂ માટે આવું ગર્વથી નહીં પણ ગુસ્સાથી અકળામણથી કહેશો. 'એનો તો ગુસ્સો નાકની દાંડી પર રહે છે.' દીકરી વિશે આવું અભિમાનથી કહેતા તમે પુત્રવધૂથી કરાઈ ગયેલા ગુસ્સા માટે દીકરાની કાનભંભેરણી કરવાનું ચૂકશો નહીં, મોડે સુધી બહેનપણીઓ સાથે બહાર ફરતી દીકરીનાં સર્કલનાં તમે ઓવારણાં લેશો. પુત્રવધૂ જો મોડે સુધી એકલી બહાર ફરશે તો ઘર સાચવવાની સલાહો આપશો.

દરકે સાસુએ એક વાત ખાસ યાદ રાખવાની છે કે તમે જ્યારે પરણીને આ ઘરમાં આવ્યા ત્યારે તમે પણ આ ઘરની દીકરી તો ન્હોતાં જ, અને તમારી પુત્રવધૂ પણ પરણીને આવે છે ત્યારે એ પણ આ ઘરની દીકરી તો નથી જ ! જયારે સંબંધોનાં ટેગ બદલાય છે ત્યારે એની જવાબદારીઓ, ફરજ, માન-સન્માન પણ બદલાતાં હોય છે.

દીકરી અને પુત્રવધૂ વચ્ચેનો ફરક કયારેય મટી શકવાનો નથી અને મટવો પણ ન જ જોઈએ. દીકરી એ દીકરી જ છે અને આજીવન દીકરી જ રહેવાની છે. તમારી દીકરી જે કંઈ પણ કરે છે એ બધું જ ચલાવી લેવાની ત્રેવડ હોય તો અને તો જ તમારી પુત્રવધૂને દીકરી ગણવાનું એલાન કરજો. પુત્રવધૂને એની પોતાની મા છે, જેને એ તુંકારે બોલાવી શકે છે, જેનાં પર ગુસ્સો કરી શકે છે, જેની સાથે લડી શકે છે, ઝઘડી શકે છે અને જેની આગળ રડી પણ શકે છે. આવી બે માની એને જરૂરત નથી. એને કાન પકડી શકે, ઘરનાં રીત-રસમ, નિયમો શીખવી શકે એવી એક સાસુની જરૂરત પણ છે. એની પાસેથી એ સાસુ છીનવી ન લો. એને દીકરી ગણીને પુત્રવધૂ તરીકે હકદાર એવી બાબતોમાંથી બાકાત ન કરી દો. દરેક ઘરમાં એક એડમિનિસ્ટ્રેટર હોય છે. એડમિનિસ્ટ્રેટરે આખાં ઘરને-ઘરની દરેક વ્યકિતને એક સીધી લીટીમાં રાખવાનાં છે અને એટલે જ એડમિનિસ્ટ્રેટર સ્વચ્છંદતાથી વર્તી શકતો નથી, ધાર્યું કરી શકતો નથી. સાસુ અને પુત્રવધૂ એ ઘરના એડમિનિસ્ટ્રેટર છે. એક ઘર સારી રીતે ચાલે એ માટે એમણે એડમિનિસ્ટ્રેટરની જેમ જ વર્તવુ જરૂરી છે.

તમારી દીકરી તમારાં પેટે જન્મી છે, એનો તમારી સાથેનો સંબંધ લાગણીનો સંબંધ છે. પુત્રવધૂ તમારાં પેટે નથી જન્મી, એનો તમારી સાથેનો સંબંધ સન્માનનો છે. એને એવો જ રહેવા દો. ઘરની, સંબંધોની ભલાઈ માટે એ જ શ્રેષ્ઠ છે.

# સલામ ડૉક્ટર !

**– ઉદયન ઠક્કર**

૧ જુલાઈએ ભારતે 'ડૉક્ટર્સ ડે' ઉજવ્યો. આ દિવસ ભારતરત્ન ડૉ. બી.સી. રોયના માનમાં ઉજવાય છે, જેમનો એ જન્મદિવસ છે. ડૉ. રોય મહાત્મા ગાંધી અને પંડિત નેહરુના તબીબ હતા. બ્રિટિશ મેડિકલ જર્નલે નોંધ્યું છે કે વિશ્વના કોઈ ડૉક્ટર પાસે તેમના જેટલા દર્દી નહોતા. જે ગામમાં કે રેલવે સ્ટેશને તેઓ જવાના હોય ત્યાં સેંકડો દર્દીઓનું ધાડું જામ થઈ જતું. ૧૯૪૮ થી ૧૯૬૨ - અવસાન પર્યંત - તેઓ પ.બંગાળના મુખ્ય પ્રધાન પણ હતા.

૨૦૧૮ માં વર્કી ફાઉન્ડેશને ૩૫ દેશોમાં કરેલા સર્વેક્ષણ અનુસાર સૌથી ઉમદા વ્યવસાય ડૉક્ટરોનો છે. ઈંડિયન મેડિકલ એસોસિએશન કહે છે કે ભારતમાં કોવિડને લીધે હજારથી વધુ ડૉક્ટરોએ જાન ગુમાવ્યા છે. લ્યુકફિલ્ડ્સે ૧૮૯૧માં બાળકની ચાકરી કરતા તબીબનું ચિત્ર સરજ્યું હતું, જે જનમાનસ પર આદર્શ ડૉક્ટરની અમીછાપ મૂકી ગયું છે.

કે. અબ્બાસ લિખિત અને વી. શાંતારામ અભિનિત 'ડૉક્ટર કોટનિસ કી અમર કહાની' ૧૯૪૬માં રજૂ થયેલું યાદગાર ચલચિત્ર છે. ૧૯૩૮માં જાપાન સામેની લડાઈમાં ચીનને તબીબી સહાય કરવા ડૉ. દ્વારકાનાથ કોટનિસ સહિત પાંચ ડૉક્ટરોને મોકલાયા હતા. દવાની ટાંચ હતી. એક વાર તો કોટનિસે યુદ્ધમોરચે નિંદ્રા વગર સતત ૭૨ કલાક વાઢકાપ કરવી પડી હતી. આવી હાડમારીઓથી તેમને વાઈની આંચકીઓ આવવા લાગી હતી. ૧૯૪૨માં માત્ર ૩૨ની વયે તેમનું ચીનમાં અવસાન થયું, ત્યારે ચેરમેન માઓ ત્સે તુંગે પણ તેમને અંજલિ આપી હતી. બી. સી. રોય અને દ્વારકાનાથ કોટનિસને નિમિત્તે આપણે સર્વ સેવાપરાયણ ડૉક્ટરોને સલામ કરીએ.

અસલના જમાનામાં ડૉક્ટર કુટુંબીજન ગણાતા. ઘણા વ્યવહારુ પ્રશ્નોમાં તેમનું માર્ગદર્શન લેવાતું. હળવી અને ગંભીર સમસ્યાઓ ડૉક્ટર હસતાં હસતાં ઉકેલી આપતા. શ્યામલ મુનશીની રચના 'પોપટની ઉધરસ' તેનું ઉદાહરણ છે.

પોપટલાલ નામના સજ્જને એક પોપટ પાળ્યો હતો. થવાકાળ તે, પોપટને ઊપડી ખાંસી, શ્યામલ લખે છે:

વારે ઘડીએ લીલો પોપટ જોરથી એટલું ખાંસે, લાલ પોપટ લીલા પોપટને લઈ ગયો ડૉક્ટર પાસે.

પોપટલાલ બોલ્યા : આની પહેલાં આ પોપટના હતા બાપ ને દાદા, 'મીઠ્ઠુ મીઠ્ઠુ' બોલતા, નો'તા ક્યારેય પડતા માંદા પોપટની હમણાંની આ નવી જ જનરેશન છે, ખોંખોંખોં કરે છે, વિચિત્ર ઈન્ફેકશન છે. દાદાની જેમ હસીને એ 'પ્રણામ' કહેતો નથી. ઘેર આવતા મહેમાનોને 'સીતારામ' કહેતો નથી.

'નવી જનરેશન' શબ્દોથી વાચક સાબદો થઈ જાય. આ કેવળ પોપટને ઉધરસ થવાનો કિસ્સો છે ? કે આ નિમિત્તે કવિ કશું બીજું જ તાકે છે? બે પેઢીથી નહોતી થઈ, તો આ જ પોપટને ખાંસી કેમ ઊપડી? દર્દીને જોઈ ડૉક્ટર પોપટ થઈ ગયા. બોલ્યાઃ

પહેલી વાર પોપટ આવ્યો, બાકી માણસો જ આવે છે, હું માણસનો ડૉક્ટર છું, મને માણસો જ ફાવે છે. આજે પોપટ લાવ્યા છો ને કહો છો એને ખાંસી છે, કાલે લાવશો મોર, કહેશોઃ આંખો એની ત્રાંસી છે.

આ સિચ્યુએશનલ કોમેડી છે,

ડૉક્ટર વણકલ્પેલી પરિસ્થિતિમાં મૂકાઈ જાય છે. પોપટની સારવાર કેમ કરે? વેટેરિનરી સર્જન થોડા છે ? (જનાવરોના ડૉક્ટર બનવાને એક ફાયદોઃ દર્દીઓ ફરિયાદ તો ન કરે!) પોપટલાલે આગ્રહ કર્યો કે પોપટ અમારા કુટુંબનો સભ્ય છે, તમે સારવાર કરો. વળી યાદ કરાવ્યું કે 'તમારે માટે અમે કેટલો ભોગ આપ્યો છે!' શ્યામલ પોતે વિશેષણ ડૉક્ટર છે, પોતાની ઉપર હસવું એ તેનો ઉદાત્ત સ્વભાવ સૂચવે છે. પોતાના જીવનનું બલિદાન આપીને ય ડૉક્ટરો આપણું રખોપું કરે છે, હિપોક્રેટિસના સોગંદ નિભાવે છે. અહીં ટાંકેલી પંકિતઓ વાસ્તવદર્શી નહિં ટાંકેલી પંકિતઓ વાસ્તવદર્શી નહિં પણ રમૂજપ્રેરક છે. પોપટલાલ આગ્રહ કરવા માંડયા :

તમે તો હોશિયાર છો, કોઈ અકસીર દવા ચટાડો, ગમે તેમ કરીને પોપટની ઉધરસને મટાડો.
ડૉક્ટર મુંઝાઈને બોલ્યા : કાલે આવજો, હું ઉપચાર વિચારું છું.

ઘરે પહેંચીને ડૉક્ટરે જોયું તો મહેમાન આવ્યા હતા, નાના પિન્ટુને લાવ્યા હતા. પિન્ટુમાતાએ રોફ પાડવા દીકરાને કહ્યું, 'અંકલને ગીતો સંભળાવો! આન્ટીને ડાન્સ બતાવો.' પછી તો જે થઈ છે...

ટીવી જેમ ચાલુ થઈને પિન્ટુ લાગ્યો ગાવા, જુદી જુદી રીતે માંડયો શરીરને હલાવવા. શબ્દો ભૂલી જાય તો મમ્મી યાદ કરાવે છે, વચ્ચે વચ્ચે 'વેરી ગુડ' કહી બેટાને ચડાવે છે.

ગીતના અર્થને નાદાન બાળક જાણતો નથી, કે નથી ડાન્સની ચેષ્ટાઓને પિછાણતો.

આ અસંસ્કારી, અશ્લીલ છે, એવી કયાં એને અક્કલ છે ? એ કયાં કશુંય સમજે છે ? એ કરે છે એ તો નકલ છે. ચોળી-ચુંદડી, ખટીયા-અટરીયા કબૂતરનાં ગીતો ગાય છે, ડૉક્ટરની આંખો સામે તો પોપટ ઉધરસ ખાય છે.

બાળકો અનુકરણ તો કરવાનાં, તમે કામસૂત્ર વાંચશો, તો બાળક શું વાંચશે? મોરારિબાપુનું અમૃત-રામાયણ? પિન્ટુનાં પરાક્રમ જોઈ, ડૉક્ટરને પોપટની બીમારી સમજાઈ ગઈ.

શું પ્રણામ ને શું ઉધરસ અને કયાં કંઈ સમજણ છે ? એ ખોં-ખોં કરે છે, એ તો આંધળુ અનુકરણ છે.

બીજે દિવસે આવેલા પોપટલાલને ડૉક્ટરે સોંસરો સવાલ કર્યો, 'તમારા ઘરમાં પોપટ સિવાય બીજા કોને ઉધરસ છે?' જવાબ મળ્યો, 'બધાને જ છે.' પ્રીસ્ક્રિપ્શન ફાડતાં હોય તેમ ડૉક્ટરે કહ્યુંઃ

આખો દિવસ એને બસ ખોં ખોં ખોં સંભળાય છે, પ્રણામ, સીતારામ કયાંથી બોલે ? એ નકલી ઉધરસ ખાય છે. ઘરમાં સૌ ખોં ખોં કરે છે કયાં ઉધરસને મટાડે છે ? પોપટને કંઈ થયું નથી. એ તો બસ ચાળા પાડે છે, જાઓ જઈને ડ્રોઈંગરૂમમાં પોપટને લટકાવો, આસપાસથી મારો કરતી ઉધરસને અટકાવો. જે સારું ને સંસ્કારી છે, એ તમામ બોલી શકે છે, પોપટ 'પ્રણામ' બોલી શકે છે, 'સીતારામ' બોલી શકે છે.

ડૉક્ટર શ્યામલ મુનશીનું નિદાન એવું છે કે નવી પેઢીને ભાંડો નહિ. કુમળો છોડ વાળો તેમ વળે. વેશ્યાવાડે ગાળો ભાંડતો પોપટ સંસ્કારી વાતાવરણમાં મરચું ખાઈને ય 'મીઠું' બોલે. ગાંધીજીને આશ્રમવાસી બહેને વિનંતી કરેલી, 'મારા દીકરાને સમજાવો કે આખો દહાડો ગોળ ન ફાકે.' બાપુએ ઘણા દિવસ વિત્યા પછી જ બાળકને સમજાવ્યું. બહેને કારણ પૂછયું તો ફોડ પાડયો, 'મને પોતાને જ ગોળ ફાકવાની આદત હતી. હું કુટેવ છોડું પછી જ બાળકને ઉપદેશ આપું ને!'

# ૬૦ થી ૮૦ વર્ષનો તબક્કો જીવનનો સર્વશ્રેષ્ઠ સમય

**સંકલન : વૈશાલી જ. પટેલ**
(સુરત)

સામાન્ય રીતે આપણે કહીએ છીએ કે સાંઠે બુદ્ધિ નાઠે. વ્યકિત સાઠ વર્ષની થાય તે પછી તેનું મગજ મંદ થતું જાય છે અને તે ઝાઝું કાર્યક્ષમ રહેતું નથી. પરંતુ આ માન્યતા ખોટી છે. જયોર્જ વોશિંગ્ટન યુનિવર્સિટી કૉલેજ ઑફ મેડિસીનના ડિરેકટર એવી દલીલ કરે છે કે વરિષ્ઠ વયની વ્યકિતનું મગજ આપણે માનીએ છીએ તે કરતાં વધુ નરમ હોય છે. આ ઉંમરે તેમના મગજનો ડાબો અને જમણો હિસ્સો હાનિરહિત બની જાય છે જેથી સર્જનાત્મક બનવાની શકયતા વધી જાય છે. આથી જ કેટલીક મહાન વ્યકિતઓએ ૬૦ વર્ષની વય બાદ જ સર્જનાત્મક પ્રવૃત્તિઓનો આરંભ કર્યો હોય છે.

હા, મોટી ઉંમરે મગજ યુવાવસ્થા જેવું તેજ હોતું નથી તે ખરૂં, છતાં તેની લવચીકતા જળવાયેલી હોય છે. આથી તે ઉંમરે વધુ યોગ્ય નિર્ણયો લેવાય છે અને નકારાત્મકતાનું પ્રમાણ ઓછું હોય છે. માનવીની બૌદ્ધિક પ્રવૃત્તિનું શિખર ૭૦ વર્ષની વયે આવે છે કેમ કે ત્યારે મગજ પૂર્ણ ક્ષમતાથી કામ કરવાનું શરૂ કરે છે.

સમય પસાર થવા સાથે મગજમાં માયલીન નામના રસાયણનું પ્રમાણ વધે છે, માયલીન ન્યુરોન્સ વચ્ચેના સિગ્નલ્સને ઝડપથી પસાર કરે છે. આ કારણે સરેરાશ કરતાં બૌદ્ધિક ક્ષમતામાં ૩૦૦૦ ટકાનો વધારો થાય છે. આ રસાયણનો સ્રાવ ૬૦-૮૦ વર્ષની વય દરમિયાન ઓછું થતું જાય છે. રસપ્રદ બાબત એ છે કે ૬૦ વર્ષની વય બાદ વ્યકિત મગજના બંને ભાગનો ઉપયોગ એકસાથે કરી શકે છે. આથી જટિલ સમસ્યા સરળતાથી ઉકેલી શકે છે.

મોન્ટ્રેલ યુનિવર્સિટીના પ્રોફેસર મોન્ચી યુરી માને છે કે વરિષ્ઠ વ્યકિતનું મગજ સમસ્યા ઉકેલતી વખતે નકામી બાબતોને દૂર કરીને ઓછી ઊર્જાનો ઉપયોગ કરી શકાય એવો માર્ગ પસંદ કરીને યોગ્ય વિકલ્પ શોધી કાઢે છે. આ અંગે થયેલા અભ્યાસમાં વિવિધ વય જૂથના લોકોએ ભાગ લીધો હતો. આ પરીક્ષા દરમિયાન યુવાનો મુંઝાયા હતા જયારે ૬૦ વર્ષથી મોટી ઉંમરનાઓએ યોગ્ય નિર્ણયો લીધા હતા.

**૬૦-૮૦ વર્ષની ઉંમરે મગજની વિશેષતાઓ :**

* મગજના ન્યુરોન્સ ખતમ થતા નથી. જો વ્યકિત માનસિક રીતે પ્રવૃત્ત ન રહે તો તેમની વચ્ચેનું જોડાણ ખતમ થાય છે.
* વધુ પડતી માહિતીને લીધે ભૂલી જવાય એવું થાય છે. આથી બિનજરૂરી બાબતો પર વધુ ધ્યાન ન આપવું.
* ૬૦ વર્ષની વય બાદ નિર્ણય લેતી વખતે વ્યકિત મગજના બંને ભાગનો ઉપયાોગ કરે છે.


જો વ્યકિત સ્વસ્થ જીવન જીવે અને શારીરિક અને માનસિક રીતે પ્રવૃત્ત રહે તો તેની

બૌદ્ધિક ક્ષમતા વય વધવા સાથે ઓછી થતી નથી પણ વધે છે અને ૮૦-૯૦ વર્ષની વયે તે ચરમસીમાએ પહોંચે છે.

આથી વૃદ્ધાવસ્થાથી ડરવું નહીં. બૌદ્ધિક રીતે વિકસિત થવાનો પ્રયાસ કરતા રહેવો. નવી બાબતો શીખવી, સંગીતમાં રસ લેવો, વાદ્ય વગાડતાં શીખવું, ચિત્ર દોરવા, નૃત્ય કરવું, જીવનમાં રસ લેવો, લોકોને મળવું, મિત્રો બનાવવા, ભવિષ્યની યોજના બનાવવી અને પ્રવાસ કરવો. શોપિંગ કરવા કે કોન્સર્ટમાં જવું, પોતાની જાતને ઘરમાં બાંધી ન રાખવી. આનાથી વ્યકિત અંદરથી તૂટી જાય છે. જીવનમાં આગળ વધુ સારું આવશે એ વિચાર સાથે જીવવું.

- ૬૦ થી ૭૦ વર્ષની વયનો તબકકો સૌથી સર્જનાત્મક હોય છે.
- માનવ જીવનનો સૌથી બીજો સર્જનાત્મક તબકકો ૭૦ થી ૮૦ વર્ષે આવે છે.
- ત્રીજો સૌથી સર્જનાત્મક તબકકો ૫૦ થી ૬૦ વર્ષ આવે છે.
- તે અગાઉ વ્યકિત ચરમસીમાએ પહોંચી હોતી નથી.
- નોબલ પ્રાઈઝ વિજેતાઓની સરેરાશ વય ૬૨ વર્ષની છે.
- વિશ્વની એકસો મોટી કંપનીના પ્રમુખોની સરેરાશ વય ૬૩ વર્ષ છે.
- અમેરિકાના એકસો જાણીતા ચર્ચના પાદરીઓની સરેરાશ વય ૭૧ વર્ષ છે.
- પિતાની સરેરાશ વય ૭૬ વર્ષ છે.
- આ પરથી જાણ થાય છે કે વ્યકિતના જીવનનો ઉત્તમ અને સર્જનાત્મક તબકકો ૬૦ થી ૮૦ વર્ષની વય દરમિયાનનો હોય છે.

ન્યૂ ઈંગ્લેન્ડ જર્નલ ઓફ મેડિસિને કરેલા અભ્યાસ અનુસાર ૬૦ વર્ષની વયે વ્યકિત ભાવનાત્મક અને માનસિક રીતે ચરમસીમાએ હોય છે અને આ સ્થિતિ ૮૦ વર્ષની વય સુધી રહે છે. આથી વડીલોએ નિરાશ થયા વગર જીવનના સર્વશ્રેષ્ઠ સમયનો આનંદ માણવો.



# કિસીકા દર્દ મિલ સકે તો લે ઉધાર.... જીના ઈસી કા નામ હૈ...

**સંકલન : સ્નેહા પટેલ**
(કરજણ)

અત્યારે એવો સમય ચાલી રહ્યો છે કે શું કરવું અને શું ન કરવું એની જ ખબર પડતી નથી. ચારેબાજુ અફરાતફરી છે. ટીવી જુઓ તો કોરોનાના આટલા કેસ, આટલા મૃત્યુ, હોસ્પિટલમાં વેઈટિંગ અને એવા જ બધા ગ્લાનિ ઊભી કરતા સમાચારો જ જોવા-સાંભળવા મળે છે. અધૂરામાં પૂરું સોશ્યલ મીડિયા પર બની બેઠેલા ડૉક્ટરો આ કરો - તે કરોની વણમાગી સલાહોનો ઓવરડોઝ આપી રહ્યા છે. મહાભારતના યક્ષપર્વમાં યક્ષે યુધિષ્ઠિરને પૂછેલો પ્રશ્ન અને તેનો યુધિષ્ઠિરે આપેલો જવાબ આજે પણ એટલો જ પ્રસ્તુત છે. યક્ષે પ્રશ્ન પૂછયો હતો કે દુનિયાનું મોટામાં મોટું આશ્ચર્ય શું છે? જેનો જવાબ હતો કે દુનિયાનો પ્રત્યેક માણસ મૃત્યુ પામવાનો છે, છતાં જીવતો રહેલો મનુષ્ય એવું જ માને છે કે બધા ભલે મૃત્યુ પામે, હું તો અમર રહેવાનો છું. આવું જ કંઈક અત્યારે કોરોનાના સંદર્ભે કરી શકાય કે બધાને ભલે કોરોના થઈ જાય, મને કોરોના થવાનો નથી.

અત્યારે વેકિસન અસરકારક છે કે નહીં? લોકડાઉન આવશે? ચૂંટણીની રેલીઓ અને સભાઓના કારણે જ કોરોના વકર્યો? ક્રિકેટ મેચ કેમ યોજી? આ પરિસ્થિતિ માટે કોણ જવાબદાર? આવા પ્રશ્નો પૂછવાનો સમય જ નથી. કોઈને બ્લેમ કરવાનો આ સમય નથી. અત્યારે તો શકય તેટલી એકબીજાને મદદ કરી જીવતા રહેવાનો અને અન્યને જીવાડવાનો સમય છે. કોઈ વ્યકિત, પક્ષ, જાતિ કે રાષ્ટ્રના શાસકો સામેના તમામ મતભેદો અને સૈદ્ધાંતિક વાંધા ભૂલી, ખભેખભા મિલાવી, ના... ના... સોશ્યલ ડિસ્ટન્સીંગ જાળવી શકય એટલી મદદ કરવાનો છે. આજે આ કામ નહિ કરીએ તો આવનાર સમયમાં જો આપણે જીવતા હોઈશું તો આપણને કદી માફ નહિં કરી શકીએ.

સરકારે આ કર્યું અને આ ના કર્યું. સરકારે કે વિપક્ષે આમ-તેમ કરવું જોઈએ એવા બિનજરૂરી અભિપ્રાયો કે દલીલોમાં સમય બગાડયા વગર દેશના જાગૃત નાગરિક તરીકે હું જો સંપન્ન હોઉ તો હું શું કરી શકું? એટલો જ વિચાર કરવાનો છે. લોકડાઉન અને વર્ક ફ્રોમ હોમની સલાહ આપનારા ભૂલી જાય છે કે આ દેશમાં રોજનું લાવીને રોજનું ખાતા લાખો શ્રમિકો છે, જેઓ એક વખત તો લોકડાઉનની યાતના વેઠી ચૂકયા છે. જેમના ખાતામાં દર મહિને પગાર જમા થઈ જાય છે તેવા નોકરિયાત વર્ગને વર્ક ફ્રોમ હોમ પરવડે તેમ છે. તેમને ઘર ચલાવવા માટે કામ શોધવાની જરૂર નથી. આવા લોકો માટે તો લોકડાઉન એટલે ઉનાળામાં એ.સી. ચાલુ કરી આરામથી મિનિ વેકેશન માણવાનો સમય છે. ગરીબ શ્રમિકને પૂછો કે રાત્રે ચૂલો સળગે માટે ઉનાળાના ધોમધખતા તાપમાં એ મજૂરી શોધવા જાય છે.

એવું પણ નથી કે બધા જ સંવેદનહીન જ બની ગયા છે. રણમાં મીઠી વીરડીની જેમ અનેક જગ્યાએ સખાવત શરૂ થઈ. કેટલાક લોકો જરૂરિયાતમંદો માટે મેડિકલ સેવાની વ્યવસ્થા ઊભી કરી રહ્યા છે. ટિફીન સેવા પણ શરૂ કરાઈ છે. પડોશી પહેલો સગો એમ કરીને પણ લોકો સોસાયટીએ મહોલ્લાઓમાં એકબીજાની મદદે આવી રહ્યા છે. તકલીફ એ છે કે કોરોના અત્યંત ચેપી હોવાથી

કોરોનાગ્રસ્ત લોકોની નજીક જઈ શકાતું નથી, પરંતુ શક્ય તેટલી દૂરથી મદદ કરવા લોકો અને સ્વૈચ્છિક સંસ્થાઓ આગળ આવી રહી છે. લોકોની માનવતા અને ખમીર અત્યંત કપરી પરિસ્થિતિમાં ઝળકી ઊઠે એ જ ખરા મનુષ્ય કહેવાય, જ્ઞાતિ, જાતિ કે કોઈ ધર્મના ભેદભાવ વગર સાચા દિલથી સેવા કરનારાઓ પણ છે એ જોઈને એટલું તો ચોક્કસ છે કે હજી સુધી માનવતા મરી પરવારી નથી અને માનવતાથી મોટો બીજો કોઈ ધર્મ નથી.

અત્યારે ચારેબાજુ એટલી નકારાત્મકતા વ્યાપી છે કે તેમાંથી બહાર નીકળવા માટે સામુહિક પ્રયાસો અંતઃકરણથી થવા જોઈએ. સરકાર, પ્રશાસન કે લોકોની ટીકા કરી પોતે બહું સમજુ અને શાણા છે એવો દંભી આનંદ લૂંટવાના બદલે જે ખરેખર જરૂરિયાતવાળા છે તેને મદદ કરીએ, આર્થિક રીતે ટેકો ન આપી શકીએ તો કંઈ નહિં, દર્દી કે મૃતકના સ્વજનને શબ્દોથી તો હૂંફ આપીએ.

કોરોનાનો હાઉ ફેલાવવાની જરૂર નથી, એમ બિન્દાસ બની મને તો કશું નહિ થાય એવા આત્મવિશ્વાસમાં રહેવાની પણ જરૂર નથી. શ્વાસોની અવર-જવર ચાલુ રાખવી હોય તો બિનજરૂરી રસ્તા પર અવર-જવર કરવાની જરૂર નથી. દુનિયામાં અત્યારે સૌથી સલામત જો કોઈ સ્થળ હોય તો તે તમારું પોતાનું ઘર છે. આવશ્યકતા ન હોય તો શક્ય એટલું બહાર જવાનું ટાળી શકાતું હોય તો ટાળો. સોસાયટી કે ફ્લેટના કોમન પ્લોટમાં ભેગા થઈને સરકારે આવું ન કરવું જોઈએ એવી ઓટલા પરિષદો ન જ કરો. સોશ્યલ મીડિયા પર નકારાત્મકતા ફેલાવતા મેસેજોથી દો ગજની દૂરી બનાવી લેવા જેવી છે. ટીવી અને વર્તમાન પત્રોની જવાબદારી છે કે સાચી હકીકતોથી આમ જનતાને વાકેફ કરવી, તેના બદલે કેટલીક ન્યૂઝ ચેનલો અને વર્તમાનપત્રો લોકોને ડરાવવાનું જ કાર્ય નિષ્ઠાપૂર્વક કરી રહ્યા છે. કોરોનાની ભયંકર પરિસ્થિતિ છે જ, પણ એને વધુ ભયાવહ ચીતરી લોકોને પેનિક બનાવવાની શી જરૂર છે?

અત્યારનો સમય સાંત્વના આપીને આ પરિસ્થિતિમાંથી કઈ રીતે બહાર આવી શકાય તેની સાચી સલાહ આપવાનો છે. કોરોના કરતાં કોરોનાના ડરને કારણે લોકો વધુ પેનિક થઈ રહ્યા છે. રાજકીય પક્ષો પણ એકબીજા પર કાદવ ઉછાળવાના બદલે એક મોરચે આ મહામારી સામે લડે એ વધુ અપેક્ષિત છે. કોણે શું કર્યું અને કોણે શું ન કર્યું એના ઠીકરાં એકબીજા ઉપર ફોડવાના બદલે હવે શું કરવું જોઈએ તેની સહિયારી ચિંતા અને ચિંતન થવું જ જોઈએ. સામાન્ય પ્રજાજનોની વિકટ પરિસ્થિતિ વખતે પણ સત્તાના ખેલ ખેલતા રાજકારણીઓને કદી પ્રજા માફ નહિં કરી શકે. જીવતા હશો તો સત્તા ભોગવશો. જે સવલત માલેતુજારોને મળે છે તેવી મેડિકલની સુવિધા સામાન્ય પ્રજાને કેમ ન મળે? એવા સવાલો પણ પૂછાઈ રહ્યા છે. ખેર, અત્યારનો સમય સવાલ પૂછવાને બદલે સેવા કરવાનો છે. હૃદયમાંથી પસાર થતા રૂધિર અને ફેફસાંમાં ઉજવાઈ રહેલા શ્વાસના ઉત્સવ સિવાય બીજું બધું જ ગૌણ છે, માટે સાથી હાથ બઢાના... એક અકેલા થક જાયેગા, મિલ કર બોજ ઉઠાના...

## પહેલાં લોકો તમને અવગણશે, પછી તમારી મજાક ઉડાવશે, પછી તમારી સાથે લડશે, અને પછી તમે જીતશો.

સંકલન :
રાજેશભાઈ પટેલ
(સુરત)

First, they ignore you, then they laugh at you,
Then they fight you, then you win.
- Mahatma Gandhi

કોઈ નવું કામ શરૂ કરતાં પહેલાં આપણાં મનમાં એક પ્રકારનો ડર હોય છે. મોટે ભાગે તે ડર લોકોનો એટલો કે સમાજનો હોય છે. હું આમ કરીશ તો લોકો શું કહેશે? આંતરજ્ઞાતિય લગ્ન કરીશ તો સમાજ શું કહેશે? આ રિવાજ તો પાળવો જ પેડ, નહિંતર સમાજમાં ખરાબ દેખાય. વાસ્તુ ન કરાવીએ તો લોકો શું માને? આવા અનેક પ્રકારના ડર બાળપણથી જ આપણાં મનમાં ઘર કરી ગયા હોય છે. જેને કાઢવા માટે હિંમતની જરૂર પડે છે.

ગાંધીજી પણ સુધારાવાદી વિચારો ધરાવતા હતા. તેમને પોતાને જે ઠીક લાગે તેમ કરતા હતા. તેમણે ઈંગ્લેન્ડ જઈને ભણવાનું નકકી કર્યું. ત્યારે તેમની જ્ઞાતિમાંથી ખૂબ વિરોધ થયો હતો. જ્ઞાતિએ તો તેમને જ્ઞાતિ બહાર મૂકવાની ધમકી પણ આપી હતી, તેમ છતાં તેઓ પોતાના ઈરાદા ઉપર મકકમ રહ્યા હતા. જો આપણે પણ આપણા ઈરાદાઓ ઉપર મક્કમ રહીશું, તો આપણને પણ સફળ થતા કોઈ નહીં રોકી શકો.

સફળતાનો માપદંડ શો હોઈ શકે? સફળ થવા માટે સતત સારો દેખાવ કરતાં રહેવું ખૂબ જરૂરી છે. દેખાવ એટલે આપણે જે ક્ષેત્રમાં કામ કરતાં હોઈએ તેમાં શ્રેષ્ઠ કામ કરવું તે સારા દેખાવનો માપદંડ એ છે કે લોકોને આપણું કામ ગમે, લોકો તેને વખાણે, તેની માગણી કરે, કેમ કે સફળતા તો લોકો સામે જોડાયેલી છે. કોઈ રમતવીરનો દેખાવ આપણને ક્રોનોમીટરથી માપી શકીએ પણ અમુક પ્રકારનું કામ માપવા માટે ક્રોનોમીટર પણ કામ આવતું નથી. જેમકે, કોઈ કલાકારનું નૃત્ય, અભિનય, ચિત્રકળા વગેરે ક્રોનોમીટરથી માપી શકાતાં નથી. સર્જનાત્મક બાબતોનો માપદંડ તેના ચાહકો હોય છે. તે લોકો જ તેમનું મૂલ્યાંકન કરી જાણે છે.

સફળતા ઘાણં પરિબળો ઉપર આધારિત હોય છે. દરેક વ્યકિતની કાર્યક્ષમતાની એક લિમિટ હોય છે. તે કાર્યક્ષમતા ઉપરાંત અન્ય પરિબળો સાથે જોડાયેલી હોય છે. જાણીતા લેખક નિકોલસ પાર્કની નોવેલ ‘ધ લાસ્ટ સૉંગદ પ્રકાશિત થઈ, તે જ અરસામાં ડેન બ્રાઉનની નોવેલ ‘ધ લોસ્ટ સિમ્બોલ’ પણ પ્રકાશિત થઈ હતી. નિકોલસની બુકની એક લાખ નકલ વેચાઈ, જયારે ડેન બ્રાઉનની નોવલની દસ લાખ કરતા વધારે નકલો વેચાઈ હતી. જેના કારણે તેઓ સફળ લેખક કહેવાયા. સફળતા માત્ર વ્યકિતગત બાબતો કરતાં અન્ય તેને સંબંધિત બાબતો ઉપર પણ આધાર રાખતી હોય છે.

દરેક વ્યકિતને તેના વિચારો જ સફળ કે નિષ્ફળ બનાવતાં હોય છે. વિચારોને મનોમન લૂંટવાથી તે દ્રઢ બને છે અતે ને વિચારોને કાગળ ઉપર ઉતારવાથી તે આપણને યાદ કરે છે. જો તેને કાગળ ઉપર ઉતારવામાં ન આવે તો તે સમયાંતરે ભૂલાઈ જાય છે. એવું જોવામાં આવું છે કે મોટા ભાગે મહાન વ્યકિતઓને તેમના વિચારો નોંધાવની ટેવ હોય છે. ગાંધીજી પણ તેમાના વિચારો ડાયરીમાં નોંધતા રહેતા હતા. સફળતા મેળવવા માટે જાતને પ્રશ્ન પૂછો કે - વાય ટુ ડુ કોઈ કામ કરવાનું આપણે શરૂ કરીએ અને તે કામ આપણને અઘરું લાગતું હોય ત્યારે આપણે આપણી જાતને પૂછવું જોઈએ કે, વાય ટુ ડુ? આ કામ શા માટે કરવું જોઈએ? જો તે પ્રશ્નનો જવાબ મળે કે, ‘ઈટ ઈઝ

મસ્ટ.' કેમ કે તે કરવું અત્યંત જરૂરી છે, તો જ તે કામ કરવું જોઈએ.

ટૂંકમાં જે કામ ખૂબ અગત્યનું અને જરૂરી લાગતું હોય તે કરવું જોઈએ. ફકત કરવા ખાતર કરેલાં કામનું કશું મૂલ્ય હોતું નથી.

'કૌન બનેગા કરોડપતિ' નામના ટીવી શોમાં અમિતાભ બચ્ચને એક વાર તેમના પિતા હરિવંશરાય બચ્ચનની વાત કરી હતી. હરિવંશરાય બચ્ચન ખૂબ જ નામાંકિત કવિ અને વિદ્વાન પુરુષ હતાં. તેઓ જ્ઞાતિપ્રથામાં માનતા ન હતા. તેઓ જન્મે હિંદુ બ્રાહ્મણ હતા. શ્રીવાસ્તલ તેમની અટક હતી પણ તેમણે આંતરજ્ઞાતિય લગ્ન કર્યાં હતાં. તેમનાં પત્ની તેજી બચ્ચન પણ જ્ઞાતિમાં માનતાં ન હતાં. તેમની અટક ઉપરથી તેમને કોઈ ઓળખી ન જાય તે માટે તેમણે તે બદલીને બચ્ચન કરી નાંખી હતી. તે પછી તેમના પુત્રોએ પણ તે જ અટક અપનાવી લીધી હતી

તેમના પુત્ર અમિતાભ બચ્ચન પણ જ્ઞાતિપ્રથામાં માનતા નથી. તેમણે પોતે, તેમના પુત્રએ અને પુત્રીએ પણ આંતરજ્ઞાતિય લગ્ન કરેલાં છે. અમિતાભ બચ્ચન કહે છે કે, દરેક માણસ સમાન છે. કોઈ ઊંચ કે નીચ નથી. કોઈ માણસનું તેની જ્ઞાતિનાં આધારે મૂલ્યાંકન ન કરવું જોઈએ. અમિતાભના પિતા હરિવંશરાય સુધારાવાદી વિચારો ધરાવતા હતા. તે સમયે તેમણે સમાજની પરવાહ કર્યા વિના પોતાને જે ઠીક લાગ્યું તે જ કર્યું હતું.

આપણી ગુજરાતી ભાષાના જાણીતા લેખિકા સરોજ પાઠક પણ ઉદાર મતવાદી અને નીડર હતા. રૂઢિચુસ્ત ભાટિયા વૈષ્ણવ જ્ઞાતિમાં જન્મેલા સરોજ પાઠક મુંબઈની સેન્ટ ઝેવિયર્સ કૉલેજમાં ભણતાં હતાં. ત્યારે જાણીતા રેશનાલિસ્ટ રમણ પાઠકના પરિચયમાં આવેલાં, ધીરે ધીરે એ પરિચય પ્રેમમાં પરિવર્તિત થયો હતો. રમણ પાઠકને કિડની રેડિયો સ્ટેશનમાં જોબ મળવાનાં કારણે તેઓ દિલ્હી રહેવા લાગ્યા.

સરોજ પાઠકનાં માથે તેમાનાં મોટાં કુટુંબની જવાબદારી હતી. આખરે એક દિવસ તેઓ રૂઢિચુસ્ત સમાજનાં બંધનો છોડીને ૧૯૫૦માં, રમણ પાઠક પાસે દિલ્હી ચાલ્યાં ગયાં. ત્યાં તેમણે રજિસ્ટર્ડ મેરેજ કરી લીધાં. એ સમયે તેમનાં આ પ્રેમલગ્નએ ભાટિયા વૈષ્ણવ સમાજમાં ખળભળાટ મચાવી દીધો હતો. દિલ્હીમાં તેઓ નૃત્ય શીખ્યાં. અનુવાદક તરીકે આકાશવાણીમાં કામ કર્યું. ૧૯૫૫થી તેમણે સાહિત્ય લેખન શરૂ કર્યું. સરોજ પાઠકે કવિતાઓ, વાર્તાઓ, નવલકથાઓ, કટાર લેખો વગેરેમાં અદ્ભુત સર્જન કર્યું હતું. સમાજની સામે બાથ ભિડાવીને તેમણે એક નવો જ ચીલો પાડયો હતો. તેમનાં આ સાહસે અનેક સ્ત્રીઓને પ્રેરણા પૂરી પાડી છે.

સમાજમાં એવા તો ઘણા દાખલા છે કે જેઓએ સમાજની ઉપરવટ જઈને ડર્યા વિના પોતાને ગમતી પ્રવૃત્તિઓ કરી હોય. આવા લોકો જ સમાજમાં દાખલો બેસાડી શકે છે. આપણે કોઈપણ નવું અને અલગ કામ કરીએ ત્યારે આપણો વિરોધ થવાનો જ. જયારે આપણો વિરોધ થાય ત્યારે આપણે બે કાન બંધ કરીને બેસી જવાનું અને આપણાં કામ ઉપર સંપૂર્ણ લક્ષ્ય કેન્દ્રિત કરવાનું. લોકો તમને ઈગ્નોર કરશે, તમારી મજાક ઉડાવશે, તમારા ઉપર હસશે, તમારી સામે લડશે. જયારે તે લોકોને લાગશે કે તમે તેમની વાત નહીં જ માનો, ત્યારે તેઓ ચૂપ થઈ જશે અને એક સમયે તમારો સ્વીકાર પણ કરી લેશે. તમારો આદર કરશે અને તમને સાંભળશે પણ ખરા.

આપણે કોઈ ખરાબ કામ ન કરતાં હોઈએ અને જે કામ કરવાનં હોઈએ તે પોતાના કે સમાજ માટે ભવિષ્યમાં ખૂબ જ ઉપયોગી બનવાનું હોય, ત્યારે આપણે આપણાં મનમાંથી ડર કાઢીને મને સમાજનો સામનો કરીને પણ તે કામ કરવું જ જોઈએ. (ક્રમશઃ)

# ડિજિટલાઈઝેશનની સાંકળમાં બંધાયા અને વાંચન થયું ગાયબ

**– ખ્યાતિ જોષી**

મિલેનિયમ યુગની શરૂઆતથી મનુષ્ય ધીમે-ધીમે ડિજિટલાઈઝેશનની સાંકળમાં બંધાતો ગયો અને આજે સ્થિતિ એવી છે કે ડિજિટલ સાધનો વગર મનુષ્યને શ્વાસ લેવાનું જાણે મુશ્કેલ થયું હોય તેવું બન્યું છે. ડિજિટલાઈઝેશાનની સાંકળ એટલી બધી મજબૂત વિંટળાઈ છે કે હવે તેને તોડવી કોઈપણ માટે મુશ્કેલ થઈ પડી છે.

એવું કહેવાય છે કે બાળક માતાના ગર્ભમાંથી સંસ્કાર મેળવીને જન્મે છે. એટલે જ તો જન્મેલાં બાળક મોબાઈલ દેખીને તેની સામે કઈ રીતે સ્માઈલ આપવી તે સારી પેઠે જાણે છે. વેલ, ડિજિટલાઈઝેશનની મોહમાયાની જંજાળમાં થયું છે એવું કે આપણે બધા વાંચનથી જોજનો દૂર થઈ ગયા છીએ. વાંચનથી વ્યકિતનો વિકાસ અત્યંત તેજ ગતિથી થાય અને વાંચનથી જન્મેલા નવા વિચારોના આવિષ્કારથી જીવનમાં આમૂલ્ય પરિવર્તન આવે છે. જે વ્યકિત સ્વયં અને સમાજ બન્ને માટે ખૂબ જ ઉપયોગી સાબિત થાય છે.

માનવીઓ ડિજિટલ ક્રાંતિ થકી પૃથ્વી પર સફળતાના ઝંડા ગાળ્યા પણ વાંચનની ટેવ છોડીને પોતાના જ વિકાસને અવરોધતી દિવાલોનું ચણતર સ્વયં કરી નાખ્યું. એવું નથી કે આપણે ત્યાં વાંચનની ખોટ વર્તાય રહી છે. દુનિયાભરમાં લોકો વાંચનથી અલિપ્ત થઈ રહ્યા છે. જેના લીધે લોકોની વિચારશકિત ટૂંકી બની છે. ટૂંકી વિચારશકિતઓથી ઊભા થયેલાં દુષ્પરિણામો સમાજે ભોગવવા રહ્યા. યોગ અને એકસરસાઈઝ કરવાથી માનસિક તણાવ દૂર થાય છે તે આપણે જાણ્યા અને અનુભવ્યું પણ વાંચન કરવાથી પણ માનસિક તણાવ દૂર થાય છે અને તેનાં સારા પરિણામો લોકોને અગાઉ પણ મળ્યા છે અને આગળ પણ મળતા રહેશે.

યોગ, મેડિટેશન અને કસરતના અનેક નૂસખા આપણે માનસિક તાણ દૂર કરવા માટે કરી જોયા છે તો વાંચનનો નુસખો પણ અજમાવવા જેવો ખરો. દિવસમાં ૨૫ મિનિટથી એક કલાક સુધીનું વાંચન કરવાની સ્ટ્રેસમાં ૬૦ ટકા સુધીનો ઘટાડો કરી શકાય છે. વેલ આ માટે જરૂરી નથી કે તમારે ફિલોસોફીનું વાંચન કરવું. તમે કોઈ સારી નવલિકા, નવલકથા, કવિતાસંગ્રહ, આત્મકથાઓ, સંશોધન પુસ્તકો, સાહિત્યમાંથી કંઈ પણ વાંચન સામગ્રી લઈ શકો છો.

હા, પણ કેટલીક બાબતો ધ્યાનમાં રાખવા જેવી ખરી જેથી વાંચન કરવાથી માનસિક તણાવ દૂર કરી શકાય, જેમકે વ્યકિતનું આજુબાજુનું વાતાવરણ શાંત હોવું જોઈએ. જેથી કરીને તમારું મન વાંચવા માટે એકાગ્ર રહે અને શાંતચિત્તે કરેલું વાંચન કાર્ય તમારા મગજ પર સીધી અને સારી અસર થશે. તમારા હૃદયના ધબકારા શાંત કરશે અને સ્ટ્રેચ થયેલા સ્નાયુઓને હળવા બનાવશે. જેથી તમે વધુ સારી માનકિસક સ્થિતિ કેળવી શકો છો. વાંચનની ટેવ તમારી માનસિક નબળાઈને ૩૦ ટકા સુધીનો ઘટાડો કરે છે. મગજ શાંત અને વિચારશીલ બનવાથી વ્યકિત ધારે તેવાં પરિવર્તન તેનાં જીવનમાં લાવી શકે છે. દુનિયાના ધનાઢય લોકો પણ દિવસના અમુક કલાકો કવોલિટી વાંચન પાછળ ખર્ચ કરે છે. જેનાં કારણો તેનામાં સતત નવા વિચારોનો ઉદ્‌ભવ થતો રહે છે.

બિલ ગેટ્સ હોય કે એલન મસ્ક કે પછી ફિલ્મ સેલિબ્રિટી અક્ષય કુમાર હોય. આ બધા જ દિવસના ચારથી પાંચ કલાક વાંચન માટે ફાળવે છે. બિલ ગેટ્સ વર્ષે ૫૦ પુસ્તક વાંચે છે અને ઈલોન મસ્ક રોજના બે પુસ્તક વાંચે છે. આપણે ત્યાં કે દુનિયાના કોઈપણ છેડે હોઈએ - કયું નવું ઈલેકટ્રોનિક ગેઝેટ બજારમાં આવ્યું છે તેની ચર્ચા પહેલા થાય છે અને સમય મળે તો પુસ્તકોની ચર્ચા થાય છે. પુસ્તકોની ચર્ચા કરતા લોકોની સંખ્યા જૂજ છે એટલે જ પ્રગતિશીલ વિચારોની ગતિને જાણે બ્રેક લાગી હોય તેવું જણાય રહ્યું છે. (ક્રમશઃ)

## મુશ્કેલીમાં પણ મનને પ્રસન્ન રાખો

**– મનુભાઈ ઉર્ફે મહેન્દ્રભાઈ ઈશ્વરભાઈ** (ઉંભેળ)

એક સવારે મહેન્દ્રને ત્યાં એક ભિખારી ભીખ માંગવા માટે પહોંચ્યો. ભિખારીએ દરવાજો ખટખટાવ્યો. મહેન્દ્રની પત્ની મંદિરે ગઈ હતી અને ઘરમાં બીજું કોઈ નહોતું. તેથી મહેન્દ્રએ બહાર આવીને દરવાજો ખોલ્યો. ભિખારીએ કંઈક આપવા માટે આજીજી કરી, પરંતુ મહેન્દ્ર બહાર આવ્યો ત્યારે તેના ખિસ્સામાં કાંઈ નહોતું. તેણે ઘરમાં આમતેમ નજર દોડાવી અને અંદર ગયો. થોડી જ ક્ષણોમાં તે એક પ્યાલો લાવ્યો અને ભિખારીને આપી દીધો. મહેન્દ્ર ભિખારીને ભિક્ષા આપીને ખુશ હતો.

ભિખારી મહેન્દ્રનો આભાર માનીને ત્યાંથી જતો રહ્યો. થોડી જ વારમાં મહેન્દ્રની પત્ની ઘરે પહોંચી અને જયારે મહેન્દ્રએ ભિખારીને એક પ્યાલો ભિક્ષામાં આપ્યો તે જણાવ્યું કે તરત જ ગુસ્સે થઈને જોરજોરથી બોલવા લાગી કે, “અરે, તમે આ શું કરી દીધું. તમે ભિખારીને ચાંદીનો પ્યાલો આપી દીધો. તમે જલદી દોડીને જાઓ અને તે પ્યાલો ભિખારી પાસેથી પાછો લઈ આવો.”

પત્નીની વાત સાંભળીને મહેન્દ્ર ભિખારી ગયો હતો તે દિશામાં દોડતો ગયો. ભિખારી મળ્યો તો તેણે કહ્યું, “ભાઈ, મારી પત્નીએ હમણાં જ જાણકારી આપી છે કે આ પ્યાલો ચાંદીનો છે, તેથી તેને રસ્તામાં કોઈને ન વેચતો. જયાં સારી કિંમત ઉપજે તેવા ઝવેરીને ત્યાં વેચજે.”

આ ઘટના નજીકમાં ઊભેલો મહેન્દ્રનો મિત્ર જોઈ રહ્યો હતો. તેણે મહેન્દ્રને પૂછ્યુ કે, “મિત્ર જયારે તને ખબર પડી ગઈ કે આ પ્યાલો ચાંદીનો છે તો તેને શા માટે લઈ જવા દીધો ?”

મહેન્દ્રએ હસીને જવાબ આપ્યો, “મનને એ બાબતે અભ્યાસુ બનાવવા માટે કે તે મોટામાં મોટી હાનિમાં પણ કયારેય દુઃખી કે નિરાશ ન થાય!”

આ કથાનો બોધ એ છે કે, મનને કયારેય કોઈ બાબતે નિરાશ ન થવા દેશો. મોટામાં મોટા નુકસાનમાં પણ પ્રસન્ન રહો. મન ઉદાસ થઈ જશે તો તમારા કાર્ય કરવાની ગતિ ધીમી થઈ જશે. તેથી મનને હંમેશા પ્રસન્ન રાખવાનો પ્રયત્ન કરો.

# ઝડપી ગણતરીબાજ પરમ સુપર કોમ્પ્યુટર દુનિયામાં ટોચનું સ્થાન શોભાવવા આતુર

**– સંકલન**

દુનિયાની ટોચની ઈ-કાર બનાવતી કંપની ટેસ્લાએ ડોજો સુપર કોમ્પ્યુટર બનાવીને ટેકનોલોજીની દુનિયામાં નવા રેકોર્ડ પ્રસ્થાપિત કર્યા છે. ટેસ્લાનું સુપર કોમ્પ્યુટર દુનિયાના ટોચનાં પાંચ સુપર કોમ્પ્યુટરમાં સ્થાન પામ્યું છે. ડોજો સુપર કોમ્પ્યુટર દુનિયાભરમાં ડ્રાઈવિંગ ટેકનોલોજીને વધુ બહેતર બનાવવામાં મદદરૂપ થશે. ટ્રેન અને કારને ઓટો પાયલટ મોડમાં ચલાવવાની ટેકનોલોજીમાં ટેસ્લાનું ડોજો સુપર કોમ્પ્યુટર મહત્ત્વનો ફાળો આપશે તેવું હાલ ટેસ્લાના એલન મસ્કની વાતથી લાગી રહ્યું છે.

વેલ, દુનિયામાં અત્યારે જાપાનનું સુપર કોમ્પ્યુટર ફુગાકુ ૪૪૨ પેટાફ્લોપ્સ સાથે નંબર વનનું સ્થાન શોભાવે છે જ્યારે બે નંબર પર યુએસનું સમીટ છે. જે ૧૪૮.૮ પેટાફ્લોપ્સની સ્પીડ ધરાવે છે. જેને પછાડીને ટેસ્લાનું સુપર કોમ્પ્યુટર આગળના દિવસોમાં મેદાન મારી જાય તો નવાઈ નહીં પણ આપણો દેશ પણ આ ક્ષેત્રે કંઈ કમ નથી તે સ્વીકારવું રહ્યું.

સુપર કોમ્પ્યુટરની દુનિયાની અવનવી વાતોમાં તાજેતરમાં બનેલી ઘટનાથી આપણે શરૂઆત કરી પણ આપણા દેશના પરમ સીરિઝના સુપર કોમ્પ્યુટર ટેકનોલોજીની દુનિયામાં કયું સ્થાન શોભાવે છે અને હજુ આપણે કેટલી મંઝલ કાપવાની બાકી છે તે જાણવું મહત્ત્વનું છે.

વર્ષ ૧૯૮૭માં આપણે અમેરિકાની સુપર કોમ્પ્યુટર બનાવતી કંપની ક્રેય પાસેથી આપણા દેશે પ્રથમ સુપકર કોમ્પ્યુટર ખરીદવાનું આયોજન કર્યું હતું. આયોજનનો મુખ્ય હેતુ એકે આપણે અણુ ટેકનોલોજી પર કામ કરી શકીએ પરંતુ જે તે સમયે અમેરિકાએ આપણા દેશને સુપર કોમ્પ્યુટર વેચવાની ના પાડી દીધી એટલે ફરજિયાત આપણે આત્મનિર્ભર બનવા તરફ આગળ વધ્યા. કેન્દ્ર સરકારે સી-ડાક (સેન્ટર ફોર ડેવલપમેન્ટ ઓફ એડવાન્સ કોમ્પ્યુટિંગ ટેકનોલોજી)ની સ્થાપના કરીને દેશનું પ્રથમ સ્વદેશી સુપર કોમ્પ્યુટર બનાવવાનું નકકી કર્યું. દેશના કોમ્પ્યુટર સાયન્ટીસ્ટોએ લાગલગાટ ત્રણ વર્ષ કામ કરીને પરમ ૮૦૦૦ સુપર કોમ્પ્યુટર બનાવ્યું.

સુપર કોમ્પ્યુટરની ગતિની ગણના ફ્લોપ્સ (ફ્લોટિંગ પોઈન્ટ્સ ઓપરેશન પર સેકન્ડ) માં થાય છે. કોમ્પ્યુટર સાયન્ટીસ્ટ વિજય પાંડુરંગ ભાટકરનાં વડપણ હેઠળ દેશે પ્રથમ સુપર કોમ્પ્યુટર પરમ ૮૦૦૦ મેળવ્યું. સંસ્કૃત શબ્દ પરમનો અર્થ સુપ્રીમ થાય છે. સુપ્રીમ પાવર ધરાવતા પરમ સીરિઝના સુપર કોમ્પ્યુટરની મદદથી આપણે આ દિશામાં પ્રથમ ડગ ભર્યું.

દુનિયાભરમાં સુપર કોમ્પ્યુટરને અગાઉ મેગા ફ્લોપ્સમાં માપવામાં આવતા હતા. આપણે જ્યારે પરમ સીરિઝનું પ્રથમ સુપર કોમ્પ્યુટર બનાવ્યું તે સમયે ફ્લોપ્સ ગીગા ગણનની હાઈટ સુધી પહોંચ્યું હતું. પરમ ૮૦૦૦ની સફળતાનો બેંચમાર્ક ૫ ગીગા ફ્લોપ્સ સ્પીડ હતી અને ત્યારબાદ ટેરાફ્લોપ્સમાં ગતિની ગણના થવા લાગી અને હવે જે સુપર કોમ્પ્યુટર બની રહ્યાં છે તેની ગણના પેટાફ્લોપ્સમાં માપવામાં આવે છે.

આપણા દેશે અત્યાર સુધી કુલ ૧૨ સુપર કોમ્પ્યુટર બનાવ્યાં છે જેમાં પરમ સીરિઝના ૮૦૦૦, ૮૬૦૦, ૯૦૦૦, ૧૦૦૦૦, પદ્મા, યુવા, યુવા-૨, ઈશાન, બ્રહ્મા, સિદ્ધિ-એઆઈ, શિવાય, સંગણકનો સમાવેશ થાય છે. પરમ સિદ્ધિ-એઆઈ દુનિયાના ટોચનાં ૫૦૦ સુપર કોમ્પ્યુટરમાં ૬૩માં

નંબરે છે. આવનારાં કેટલાંક વર્ષોમાં દેશનાં ટોચના શૈક્ષણિક સંસ્થાનોએ પોતાનાં સુપર કોમ્પ્યુટર મળશે. જે માટે નેશનલ સુપર કોમ્પ્યુટરીંગ મિશન હાથ ધરાયું છે. હવામાન વિભાગ ચોકકસ જાણકારી આપે તે માટે સુપર કોમ્પ્યુટરની મદદ લેવામાં આવે છે. સુપર કોમ્પ્યુટર દેશમાં એરોસ્પેસ એન્જિનિયરિંગને લગતી સીએફડી, સીએસએમ, સીઈએમ બહેતર બનાવવામાં મદદરૂપ થશે, કોમ્પ્યુટેશનલ બાયોલોજી, એટોનોમિક એનર્જી સિમુલેશન્સ, નેશનલ સિક્યુરિટી અને ડિફેન્સની એપ્લિકેશન, ડિઝાસ્ટર મેનેજમેન્ટ અને સિમ્યુલેશન્સ, કોમ્પ્યુટેશનલ કેમેસ્ટ્રી, બીગ ડાટા એનાલિસ્ટિક, મોડયુલર ડાયનામિકસ સહિતના કામોમાં સુપર કોમ્પ્યુટર અદ્‌ભુત રીતે મદદરૂપ થશે.

હાલમાં દુનિયામાં ૬ નંબરે સ્થાન શોભાવી રહેલું દેશનું સુપર કોમ્પ્યુટર પરમ સિદ્ધિ-એઆઈ ૫.૨૬૭ પેટાફલોપ્સની સ્પીડ ધરાવે છે. દેશનું એનએસએમ મિશન ૧૬ પેટાફલોપ્સની સ્પીડ મેળવવા માટે આગળ વધી રહ્યું છે. વાંચકોને કહેવાનું મન થાય છે કે જ્યારે આપણે પરમ સીરિઝનું પહેલું સુપર કોમ્પ્યુટર બનાવી રહ્યા હતા ત્યારે દુનિયાના શકિતશાળી દેશોને એવું માનવું હતું કે ભરતનું કોમ્પ્યુટર દુનિયાભરના સુપર કોમ્પ્યુટરોને સ્પર્ધા પૂરી નહીં પાડી શકે. આશ્ચર્ય થશે કે પરમ સીરિઝની શરૂઆત કરનાર ડૉ. વિજય ભાટકરની ટીમે બનાવેલું પરમ ૮૦૦૦ તે સમયે ઝુરીચમાં આયોજિત સુપર કોમ્પ્યુટરની પ્રદર્શનીમાં બીજા નંબરે આવ્યું હતું.

આપણામાં છૂપાયેલી શકિતઓ સામે પડકાર ફેંકનારાઓને કહેવાનું મન થાય કે આવનારા દિવસોમાં સુપર કોમ્પ્યુટરની દુનિયામાં આપણાં કોમ્પ્યુટર એકથી દસમાં સ્થાન શોભાવે તો નવાઈ નહીં. હા, પ્રોજેકટને આગળ વધવામાં સમય લાગી રહ્યો છે પરંતુ આપણે નિર્ધારિત લક્ષ્યાંકો હાંસલ કરીશું તેમાં કોઈ શંકા નથી. પરમ-૮૦૦૦ના અદ્‌ભૂત પર્ફોર્મન્સથી આપણને આગળ વધવાનું પ્રોત્સાહન અને બળ મળ્યું એટલે જ તો આટલાં કોમ્પ્યુટર બનાવી શકયાં અને હજુ પણ આપણે દેશને વધુ ૭૦ નવાં સુપર કોમ્પ્યુટર આપવાની દિશામાં ઝડપભેર આગળ વધી રહ્યા છીએ. (ક્રમશઃ)

## H.S.C. પરીક્ષામાં પાટીદાર પ્રતિભા ઝળકે...

### H.S.C. (બોર્ડ)



**નામ** : કુશ અશ્વિનભાઈ પટેલ
**ગામ** : જોખા
**ટકા/ગ્રેડ** : 83.04% (CBSC) (Sci.)



**નામ** : ક્રિષ્ના મુકેશભાઈ પટેલ
**ગામ** : ખલીપોર
**ટકા/ગ્રેડ** : 92.40% (CBSC) (Com.)



**નામ** : જૈમિન અલ્પેશભાઈ પટેલ
**ગામ** : મુળદ
**ટકા/ગ્રેડ** : 94.04% (CBSC) (Sci.)



**નામ** : ક્રિષાબેન વિપુલભાઈ પટેલ
**ગામ** : ઉમરા (ગોથાણ)
**ટકા/ગ્રેડ** : 82.00% (CBSC) (Sci.)


**નોંધ : S.S.C. અને H.S.C. પરીક્ષામાં માત્ર A1 અને A2 મેળવેલ વિદ્યાર્થીના જ સમાચાર છપાય છે. જેની નોંધ લેશો – 'નામદાની'**

# સાસુ વહુના સંબધ

– **કિશોરનાના** (મોરથાણા)

સાસુ વહુના સંબધમાં એક નવી જ દિશા બતાવે છે. એક સત્ય ઘટના પર આધારિત વાત છે. એક સાસુ પોતાના દિકરાની વહુને સગી પુત્રીથી અધિક ગણે છે. અને સંસાર સુધારી શકે છે. પોતાનો પુત્ર બીજાના મોહમાં અંધ બન્યો ત્યારે સાસુ ન્યાયનો સંઘર્ષ કરે છે. પોતાના પુત્ર માટે પક્ષપાત કરતી નથી. પુત્ર પત્ની સાથે નાની-નાની વાતમાં ઝઘડો કરે ત્યારે સાસુ પુત્રવધુને ટેકો આપે છે. જયારે માતાએ જોયુ કે પુત્રને ખુબ સમજાવી જોયો, પણ પત્ની સુશીલને સંસ્કારી, દેખાવડી એના વર્તનમાં કશુ કહેવા જેવુ ન હતું. પણ આ દિકરો પત્ની સાથે પારાવાર માનસિક ત્રાસ આપતો. એક દિવસ માતાએ ખુબ ઠપકો આપ્યો. તારુ આવુ વર્તન ચાલશે નહી. ન સુધરે તો અમે તારી સાથે રહેવા તૈયાર નથી. માતાના આગ્રહથી એક વર્ષ સુધી સુધરવાનો પ્રયત્ન કર્યો પણ દિકરામાં જરાપણ સુધારો ન આવ્યો. ત્યારે સાસુએ કહ્યુ દિકરા તુ મારી પુત્રવધુ નહી પણ મારી દિકરી છે. માતા-પિતાની કોઈ વાત ધ્યાનમાં લેતો નથી ત્યારે પત્નીને કહયું તુ છુટાછેડાનો કેસ કર, તારો પતિ સાથે જીવન જીવવાનો કંઈ અર્થ જ નથી. પતિ બિમાર હોય, બેકાર હોય તો ચલાવી લેવાય. પત્નીને પુરો હક મળવાનો અધિકાર છે. હવે ધીરજ રાખવી નકામી છે. તારા દુઃખથી અમારો રાત-દિવસ જીવ બળે છે. તુ અમારી દિકરી જ છે. આમ તારે સંકોચ કે શરમ રાખવાની નથી. વહુ કહે હુ આ ઘર છોડી કયા જાવ ? ત્યારે સાસુ કહે તારે પિયર પણ જવાનું નથી. અહી જ રહેવાનું છે. છુટાછેડાનો કેસ થાય. સાસુ-સસરા એના પક્ષે જ રહયા. થોડા વખત પછી જ પત્નીને છુટાછેડા મળી ગયા. સાસુએ પોતાની પુત્રવધુ માટે યોગ્ય જીવનસાથી શોધીને લગ્ન કરાવ્યા. જે સગા મા-બાપ લગ્નમાં કરિયાવર કરે તેમ આપ્યું ને કહયું અમે જ તારા મા-બાપ છીએ આમ સગીમાતા કરતા સવાઈ સાસુ મળી. માતા કરતા ચઢિયાતી સાબિત થઈ. જુની સાસુ મટી સાચી માતા બની. પોતાના પુત્રને પણ ઘરમાંથી રજા આપી. આમ સાસુ વહુના સાચા માતા-પિતા મળ્યા. આમ આપણે સમાજમાં જોતા છે વહુ આમ ગમે તેટલી સંસ્કારી હોય પુત્ર બરાબર વર્તન ન કરતો હોય તો વાંક હોય તો વહુનો જ કાઢવો. આ સત્ય હકીકત જાણવા મળેલી તે લખવાનો પ્રયત્ન કર્યો છે.

આ વિચારશીલ સાસુને સલામ.



# The History of Patidars

- **Natwarlal N. Patel** (Kathodara/USA)
Ph.: 469 920 4183

**For readers who can speak Gujarat well or fractured, but do not know reading or writing, so they do not read UMAVANI Magazine also.**

In year 2002 our shri L.K.P. Samaj (US & CND) convention was held in Nashville (TN). I was invited to speak on "The History of Patidars." after my speech some youngsters told me that they did not know about patidars. Today almost 20 Yrs. have passed and new generation has come up so I thought to write this article series for them and others who know nothing about our history.

**"The people who do not know their history, do not create history"**

Before i start to write about history, please know that saint, writersand people in USA say about Patidar caste. You will be proud of it !

(1) A religious, scientific thinker of Gujarat Shri Swami Sachchidanandji of Dantali (Anand) says that after Indian independence, no community in world has made as much progress (without help of reservation system of government like SC, ST, OBC, EBC etc.) as patidar did.

(2) In book (મહાજાતિ ગુજરાતી - Mahajati Gujarati) Late Shri Chandrakant Baxi writes with humour, one patidae decided to count population of Patidar in world but he could not succed because some how some patidar were left uncounted because they are from north pole to south pole. only UNO Can do this census of patidars ! The size of paridar's heart is bigger than hearts of average Gujarati. They earn, spend and donate. The tongue of patidar is very sharp like sword. It makes two pieces with one stroke !

(3) Shri Gunvant Shah a very famous patidar writer, thinker and educationist (Padmashri) writes, "Rough speech but kind Tendency is Patel, Patel is an outspoken personality"

(4) what common americans think about patels. one bank manager asked me, why so many motels are owned by patels ? "I told him with fun" because, you give so much loan and then expanded reality"

one salesman said "You are patel ! you patels & singhs have surpassed our Jonh & Smith in telephone directory."

(5) Ashok Dave a humourist writes, "As a farmer patel is the father of the world.

Late a well known actor Rajkapur said" if you want to trust, trust in patels, They wan't betray you. we Kapurs are also Patels of Punjab" one more ! Last but not the least

Are you speaking from messrs patel, patel, patel and patel company ? I need help of Mr. Patel.

- sorry he has not come.
- then give phone to another patel.
- he will come at 5 o'clock.
- then give to third patel.
- he has left for home.
- then Bapa give phone to patel who is present here in office.
- speaking

Late famous writer Khushavant Singh This talk shows how united patels are !

In next article we shall start history of patidars.

**An humble request to person who receives UMAVANI as a customer - subscriber.**

**Please bring this article to notice of your children for reading.**

**Readers feedback is welcome for future articles.**

**<u>વિનંતી :</u>** દેશમાં કે વિદેશમાં ઉમાવાણી મંગાવનાર ગૃહસ્થોને વિનંતી કે જો આપનાં સંતાનો સારું કે ભાંગ્યુ તૂટયુ ગુજરાતી બોલતા હોય પણ વાંચી-લખી શકતા ન હોય તેમને આ લેખ વંચાવશો.



# :: શ્રદ્ધાંજલિ ::

નીચેનાં જ્ઞાતિજનોની અવસાનની નોંધ લેતા ખેદ થાય છે. પ્રભુ એ સર્વના આત્માને ચિરઃ શાંતિ આપે.

| ક્રમ | નામ | ગામ | મરણ તારીખ |
|---|---|---|---|
| ૧ | ડાહીબેન વનમાળીભાઈ પટેલ | પીપોદરા | ૨૦-૦૮-૨૦૨૧ |
| ૨ | મુકેશભાઈ ઈશ્વરભાઈ પટેલ | વેલંજા (શેખપુર) | ૧૯-૦૮-૨૦૨૧ |
| ૩ | સુમનબેન મગનભાઈ પટેલ | ગોથાણ | ૨૬-૦૮-૨૦૨૧ |
| ૪ | મનીષાબેન બળવંતભાઈ પટેલ | અમરોલી | ૨૭-૦૮-૨૦૨૧ |
| ૫ | જેલીબેન મગનભાઈ પટેલ | ઉંભેળ | ૩૦-૦૮-૨૦૨૧ |
| ૬ | ભાવનાબેન રમેશભાઈ પટેલ | ઉંભેળ | ૩૧-૦૮-૨૦૨૧ |
| ૭ | ઈશ્વરભાઈ (બાબુભાઈ) લલ્લુભાઈ પટેલ | સુરત | ૦૩-૦૯-૨૦૨૧ |
| ૮ | લક્ષ્મીબેન સીતારામભાઈ પટેલ | ઘલુડી | ૦૫-૦૯-૨૦૨૧ |
| ૯ | રમીલાબેન કાંતીભાઈ પટેલ | કારેલી | ૦૬-૦૯-૨૦૨૧ |
| ૧૦ | પારૂલબેન સુનીલભાઈ પટેલ | ઘાતવા (અમેરિકા) | ૦૯-૦૯-૨૦૨૧ |
| ૧૧ | ધનુબેન લલ્લુભાઈ પટેલ | ભેસ્તાન | ૦૭-૦૯-૨૦૨૧ |
| ૧૨ | વજીયાબેન વલ્લભભાઈ પટેલ | સીથાણ | ૧૦-૦૯-૨૦૨૧ |
| ૧૩ | કમુબેન ભગુભાઈ પટેલ | સાયણ, સરસ | ૧૯-૦૯-૨૦૨૧ |
| ૧૪ | ઈન્દુબેન હસમુખભાઈ પટેલ | બૌધાન | ૧૯-૦૯-૨૦૨૧ |
| ૧૫ | વિદ્યાબેન ડાહ્યાભાઈ ખાસકીયા | સુરત | ૨૧-૦૯-૨૦૨૧ |
| ૧૬ | કમુબેન રમેશભાઈ પટેલ | મોરથાણા | ૨૦-૦૯-૨૦૨૧ |
| ૧૭ | ધર્મેન્દ્રભાઈ (રાજુભાઈ) ગોવિંદભાઈ પટેલ | ડુંગરા | ૨૧-૦૯-૨૦૨૧ |
| ૧૮ | શાંતીલાલ છોટુભાઈ પટેલ | સુરત (અમરોલી) | ૨૩-૦૯-૨૦૨૧ |
| ૧૯ | મુકેશભાઈ નાથુભાઈ પટેલ | મુળદ | ૨૫-૦૯-૨૦૨૧ |
| ૨૦ | કાંતિભાઈ કાલીદાસ કેવળદાસ પટેલ | પાસોદરા | ૦૭-૧૦-૨૦૨૧ |
| ૨૧ | નટવરભાઈ શંકરભાઈ પટેલ | ડુંગરા | ૧૦-૧૦-૨૦૨૧ |
| ૨૨ | ભોગીલાલ ભીખાભાઈ પટેલ | ડુંગરા | ૦૯-૧૦-૨૦૨૧ |
| ૨૩ | હસમુખભાઈ ભગુભાઈ હરીભાઈ પટેલ | ખોલેશ્વર | ૧૦-૧૦-૨૦૨૧ |
| ૨૪ | જયોતિબેન શૈલેષભાઈ પટેલ | કડોદરા (હાલ હુબલી) | ૧૦-૧૦-૨૦૨૧ |
| ૨૫ | રતિલાલ ડાહ્યાભાઈ પટેલ | પરબ (યુ.એસ.એ.) | ૦૯-૧૦-૨૦૨૧ |
| ૨૬ | લક્ષ્મીબેન ડાહ્યાભાઈ પટેલ | માંકણા | ૧૭-૧૦-૨૦૨૧ |
| ૨૭ | દૈવિક આતિશભાઈ પટેલ | ઘોરણપારડી | ૧૮-૧૦-૨૦૨૧ |
| ૨૮ | સુરેશભાઈ વિઠ્ઠલભાઈ પટેલ | કન્યાસી | ૧૮-૧૦-૨૦૨૧ |
| ૨૯ | રૂખીબેન ઉર્ફે રૂક્ષ્મણીબેન ધનસુખભાઈ વિસનગરા | મુળદ | ૨૦-૧૦-૨૦૨૧ |

# એલીટ ફિઝીયોથેરાપી ક્લિનીક

**HOME VISIT AVAILABLE**

## ડૉ. રવિ પટેલ (જોખા)
(BPT, MPT) (MSK & SPORTS) (CMT, D.Ac)
Mo. 88849 32241

:: સમય ::
સોમ થી શનિ સવારે ૯-૦૦ થી ૧-૦૦
અને સાંજે ૩-૦૦ થી ૭-૩૦
રવિવારે સવારે ૯-૦૦ થી ૧-૦૦

- Joint Pain
- Back Pain
- Muscle Pain
- IVDP (Slipped Disc)
- Sciatica
- Nerve Root Pain
- Fracture
- Sports Injury
- Pre-op / Post-op Exercise




## વૈજ્ઞાનિક પદ્ધતિ દ્વારા ફિઝિયોથેરાપી સારવાર

- ડ્રાય નિડલીંગ / કપીંગ થેરાપી
- લેઝર થેરાપી
- સ્પોર્ટ્સ ટેપીંગ
- સાંધાનો દુઃખાવો (ઘુંટણનો વા O.A.)
- લોહિનો ફરતો વા (R.A.)
- કમરનો દુઃખાવો
- કમરની ગાદી ખસી જવી.
- સીયાટીકા
- નસ દબાઈ જવી.
- ફ્રેક્ચર તથા જકડાઈ ગયેલા સાંધાની સારવાર
- રમત-ગમત દરમ્યાન થયેલ ઈજાની સારવાર.
- ઓપરેશન પહેલા અને પછીની સારવાર.



ફિઝીયોથેરાપી એ સારવારની એક પદ્ધતિ છે. જેમાં દર્દીઓને તકલીફ મુજબ જુદી જુદી કસરતો અને ઈલેક્ટ્રીક સાધનો વડે સારવાર આપવામાં આવે છે. જેથી દર્દી પોતાનું જીવન કોઈપણ જાતના દુઃખાવા વગર સક્રિય રીતે જીવી શકે છે. ફિઝિયોથેરાપી સારવારથી ઘણા બધા રોગોની સચોટ અને સંપૂર્ણ સારવાર શક્ય છે જેમકે... શરીરમાં રહેલ દરેક પ્રકારની તકલીફોને જો આપ દવા લીધા સિવાય દુર કરવા માંગતા હોવ તો અમારી સલાહ લઈને આપની તે તકલીફ ફિઝિયોથેરાપી દ્વારા દૂર કરી શકો છો.




**ફ્રી તપાસ મેળવો**



સ્થળ : ગ્રાઉન્ડ ફ્લોર, મહાવીરનગર, ઉમમંગલ રોડ, કામરેજ ચાર રસ્તા, સુરત-૩૯૪ ૧૮૫.




# ભીખીબા કેમ્પસ

## એડમીશન 2021

Guru



Vaidya Narsinhkaka

Vaidyaratnam



Sandip Patel



Naranbhai Bhakta

***Knowledge Ahead of Times... Wisdom Ahead of Times... Career Ahead of Times...***

## પ્રતિક મેડીકલ એજયુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ

મુ. પો. કમાલછોડ (બાજીપુરા) તા. વાલોડ, જિ. તાપી - ૩૯૪૬૯૦ (ગુજરાત)

- ફીજીયોથેરાપી
- આયુર્વેદ
- નર્સીંગ
- નેચરોપેથી
- પેરામેડીકલ
- વેટરનરી



**એડમીશન માટે સંપર્ક કરો : ૭૫૭૪૮ ૬૧૮૬૬**
**૭૫૭૪૮ ૬૧૮૬૨**

Eco Friendly & Green Building Environment

**ટૂક સમય માં શુભ શરૂઆત**

કસરત વિભાગ (ફીઝીયોથેરાપી OPD) સમય : સવારે ૯.૦૦ થી સાંજે ૫.૦૦
જીમનેશીયમ (GYM) ઉત્તમ સુવિધા અને આધુનિક સાધનો સાથે

## સાવિત્રીબેન પટેલ કોલજ ઓફ ફીઝીયોથેરાપી

| કોર્ષ | અવધિ | લાયકાત |
|---|---|---|
| બેચલર ઓફ ફીઝીયોથેરાપી (બીપીટી) | ૪½ વર્ષ<br>૬ મહીના ફરજીયાત<br>ઈન્ટર્નશિપ સાથે | ૧૦+૨ અથવા સમકક્ષ<br>ફીઝીક્સ, બાયોલોજી, કેમેસ્ટ્રી અંગ્રેજી |

## અરૂણાબેન ભકત નર્સિંગ કોલેજ

| કોર્ષ | અવધિ | લાયકાત |
|---|---|---|
| બી.એસસી નર્સિંગ | ૪ વર્ષ | ૧૦+૨ અથવા સમકક્ષ ફીઝીક્સ, બાયોલોજી, કેમેસ્ટ્રી અંગ્રેજી |
| જીએનએમ | ૩ વર્ષ | ૧૦+૨ અથવા સમકક્ષ સાયન્સ, કોમર્સ, આર્ટ્સ |
| એએનએમ | ૨ વર્ષ | ૧૦+૨ અથવા સમકક્ષ સાયન્સ, કોમર્સ, આર્ટ્સ |

## પુષ્પાબેન પટેલ પેરામેડીકલ ઈન્સ્ટીટયુટ

| કોર્ષ | અવધિ | લાયકાત |
|---|---|---|
| ડીપ્લોમા ઈન એમએલટી (ડીએમએલટી) | ૧ અને ૨ વર્ષ | ૧૦ અથવા ૧૦+૨ |
| ડીપ્લોમા ઈન ઓપરેશન થિયેટર ટેક. (ડીઓટીટી) | ૧ અને ૨ વર્ષ | ૧૦ અથવા ૧૦+૨ |
| ડીપ્લોમા ઈન ડાયાટેટીક અને ન્યુટ્રીશન (ડીડીએન) | ૧ અને ૨ વર્ષ | ૧૦ અથવા ૧૦+૨ |
| ડીપ્લોમા ઈન ડેન્ટલ ટેકનોલોજી (ડીડીટી) | ૧ અને ૨ વર્ષ | ૧૦ અથવા ૧૦+૨ |
| ડીપ્લોમા ઈન નર્સિંગ આસિસ્ટન્ટ (ડીએનએ) | ૧ અને ૨ વર્ષ | ૧૦ અથવા ૧૦+૨ |
| ડીપ્લોમા ઈન સી.ટી. સ્કેન | ૧ અને ૨ વર્ષ | ૧૦ અથવા ૧૦+૨ |
| ડીપ્લોમા ઈન એમઆરઆઈ સ્કેન | ૧ અને ૨ વર્ષ | ૧૦ અથવા ૧૦+૨ |
| ડીપ્લોમા ઈન હેલ્થ સેનેટરી ઈનસ્પેકટર | ૧ અને ૨ વર્ષ | ૧૦ અથવા ૧૦+૨ |
| ડીપ્લોમા ઈન ઓપટીમેટ્રી | ૧ અને ૨ વર્ષ | ૧૦ અથવા ૧૦+૨ |
| ડીપ્લોમા ઈન મલ્ટી પરપસ હેલ્થ વર્કર | ૧ અને ૨ વર્ષ | ૧૦ અથવા ૧૦+૨ |
| ડીપ્લોમા ઈન ડાયાલીસીસ થેરાપી | ૧ અને ૨ વર્ષ | ૧૦ અથવા ૧૦+૨ |
| ડીપ્લોમા ઈન રેડીયોલોજી ટેકનોલોજી | ૧ અને ૨ વર્ષ | ૧૦ અથવા ૧૦+૨ |
| ડીપ્લોમા ઈન આસિસ્ટન્ટ નર્સિંગ એન્ડ મિડવાઈફરી | ૨ વર્ષ | ૧૦+૨ ફરજીયાત |
| કોર્ષ ઈન કોમ્યુનિટી મેડીકલ સર્વિસ એન્ડ એસેન્સીયલ ડ્રગસ | ૧ ½ વર્ષ | ૧૦ અથવા ૧૦+૨ |
| ડીપ્લોમા ઈન ફીઝીયોથેરાપી આસિસ્ટન્ટ | ૨ વર્ષ | ૧૦+૨ ફરજીયાત |

## રેવાબા નર્સિંગ સ્કુલ

| કોર્ષ | અવધિ | લાયકાત |
|---|---|---|
| ડીપ્લોમા ઈન યોગા એન્ડ નેચરોપેથી સાયન્સ | ૧ અને ૩ વર્ષ | ૧૦+૨ ફરજીયાત |
| ડીપ્લોમા ઈન આયુર્વેદીક કમપાઉન્ડર | ૧ અને ૨ વર્ષ | ૧૦ અથવા ૧૦+૨ |
| ડીપ્લોમા ઈન એક્યુપ્રેશર એન્ડ એકયુપંચર | ૧ અને ૨ વર્ષ | ૧૦ અથવા ૧૦+૨ |
| ડીપ્લોમા ઈન વેટરીનરી સાયન્સ | ૧ અને ૨ વર્ષ | ૧૦ અથવા ૧૦+૨ |
| માસ્ટર ડીપ્લોમા ઈન નેચરોપેથી | ૧ અને ૨ વર્ષ | ૧૦+૨ ફરજીયાત ડીવાયએનએસ |



# રામ અયન ક્લિનીક

## ...હોમિયોપેથીક વર્લ્ડ...

WE TREAT
RA+C
GOD CURE

**NEW HOMEOPATHIC CASE IS TAKEN ONLY BY APPOINTMENT**

(૧૯૮૨ થી કાર્યરત)
**ડૉ. વિનોદ ડી. પટેલ** D.H.M.S. (G-699)
**ડૉ. જ્યોત્સ્ના વી. પટેલ** B.S.A.M. (GBI-8739)
**Mobile : 98255 51258**
મુ.પો. ડુંગરા, તા. કામરેજ, જી. સુરત.
પીન કોડ – ૩૯૪૧૮૦
Time : 8 to 10 am - 4 to 6 pm - Sunday Closed

(૨૦૧૦ થી કાર્યરત)
**ડૉ. ચિંતન વી. પટેલ** B.H.M.S. (G-11818)
**શ્રીમતી અમી સી. પટેલ** B.Sc. Biotech
**Mobile : 99094 09530**
G–૮, ઉમા કોમ્પલેક્ષ, પટેલ ઢોસાની સામેની ગલીમાં,
કામરેજ ગામ રોડ, કામરેજ ચાર રસ્તા.
Time : 10 to 1 am - 4 to 7 pm - Sunday Closed

**નીચે જણાવેલ હઠીલા રોગોમા હોમિયોપેથી સારવાર માટે અચૂક મળો :–**

- કાયમી કફ, શરદી, ખાંસી, શ્વાસમાં તકલીફ, અસ્થમા, સાઈનુસાઈટીસ, માથાનો દુઃખાવો, ટોન્સિલનો સોજો.
- ખંજવાળ, ખરજવું, દરાજ, સોરીયાસીસ, સફેદ દાગ, કોઢ, મસા, કણી, કરોડીયા, શીળવા, લીચીન પ્લેનસ, ખીલ, કાળા ડાઘ, રસોળી, ચરબીની ગાંઠ.
- પેટમાં દુઃખાવો, પિત્ત, એસીડીટી, ગેસ, એપેન્ડીસસાઈટીસ, પેન્ક્રીયાટાઈટીસ, પેટમાં બળતરા, ચાંદા, લીવરનો સોજો, મોઢામાં છાલા, મુત્રમાર્ગમાં પથરી, સંડાસમાં લોહી આવવું, કૃમી, કબજીયાત, હરસ, મસા, ભગંદર
- સ્ત્રી રોગ માસિક અનિયમિત - વધારે - ઓછું આવવું, વંધ્યત્વ.
- પ્રોસ્ટેટગ્રંથીની બિમારી, નપુસંકતા, ઈમ્પોટેન્સી.
- વ્યસન :- દારૂ, તમાકુ, ગુટકા છોડાવવા માટે તથા તેની ખરાબ અસર દૂર કરવા માટે.
- ખેંચ, સાઈટીકા, મણકાનો ઘસારો, હાથ-પગ, કમર, સ્નાયુ વગેરેનો દુઃખાવો.
- હાડકાનો ઘસારો, વા, લોહીનો વા, સાંધાનો સોજો તથા દુઃખાવો, એડીનો દુઃખાવો, ઘૂંટણનો ઘસારો.
- હૃદયનું પહોળું થવું, કાર્ડીયાક અસ્થમા, પગે સોજા આવવા, હૃદયના અનિયમિત ધબકારા, હાઈ કોલેસ્ટ્રોલ, ડીપ્રેશન, ઊંઘ ન આવવી, થાક લાગવો, ગભરામણ, બેચેની.
- વજન વધારવા, વજન ઘટાડવા, એનીમીયા-લોહિના ટકા ઓછા હોવા.
- થાઈરોઈડ ગ્રંથીની બિમારી, બ્લડ પ્રેશર તથા ડાયાબિટીશ જેવા રોગોમાં હોમીયોપેથીક દવાઓ દ્વારા રોગને કાબુમાં રાખી શકાય છે.
- કેન્સર જેવા દરેક મોટા રોગોમાં દર્દીની રોગપ્રતિકારક શક્તિ વધારી રોગને કાબુમાં રાખી શકાય છે.
- બાળકોમાં પથારીમાં પેશાબ કરવો, દાંત આવે ત્યારે શરદી, ખાંસી, ઝાડા વિગેરે તકલીફો, મોઢામાં અંગૂઠો નાંખવાની, ચોક, સ્લેટપેન, માટી વિગેરે ખાવાની આદત દવા દ્વારા મટાડી શકાય છે.
- વાળ ખરવા, ખોડો, ટાલ, ઊંદરી, નાની ઉંમરે સફેદ વાળ વિ. નો અકસીર ઈલાજ કરવામાં આવે છે.

**નોંધ : ઉપર ફક્ત મુખ્ય રોગો દર્શાવ્યા છે, પરંતુ બીજા દરેક રોગોમાં પણ હોમિયોપેથી સારવાર આપવામાં આવે છે. કેમ કે હોમિયોપેથીક ચિકિત્સા પધ્ધતિમાં રોગીના લક્ષણોના આધારે દવાઓ આપવામાં આવે છે.**

**હોમિયોપેથી વિશે આટલુ જાણીએ :–**

- ☞ હોમિયોપેથી સારવારથી રોગપ્રતિકારક શક્તિમાં વધારો થાય છે.
- ☞ હોમિયોપેથી સારવાર એટલે આડઅસર વગરની ચિકિત્સા પધ્ધતિ.
- ☞ હોમિયોપેથી સારવાર દરમ્યાન નિયમિત કોર્ષ દ્વારા રોગ જડ–મૂળમાંથી મટાડી શકાય છે.
- ☞ અસાધ્ય રોગોમાં કાયમ દવા ચાલુ રાખી રાહત મેળવી શકાય છે.

**USA, CANADA દવા પાર્સલ કરી આપવામાં આવશે.**
**Online Consultation Available**

## Health With Homoeopathy.... Health Is Wealth...

જય સીયારામ...

# પંચકર્મ– અગ્નિકર્મ – મર્મ રુહ : (પીડન) ચિકિત્સા

**સંધિવાત – પેરાલીસીસ – કેન્સર – ડાયાબીટીસ – કિડનીના રોગો**

ગુરુ



વૈધ નરસિંહાકાકા

## નિરામય આયુર્વેદિક હોસ્પીટલ®

www. niramayayurveda.com

રી–સર્ચ ફોર આયુર્વેદા

“ પ્રતિક હાઉસ ” ૧/૯૩૪, અડાગરા સ્ટ્રીટ, અથુગર સ્ટ્રીટ રોડ,
સેન્ટ્રલ બેન્ક ઓફ ઈન્ડીયાની ગલીમાં, ખુરશેદ બેકરી સામે, નાનપુરા, સુરત.
ફોન : ૦૨૬૧–૨૪૭૦૮૭૫, ૨૪૭૦૮૭૬, મો. ૭૫૭૪૮ ૬૧૮૫૬
હોસ્પિટલ સમય : સવારે ૮.૦૦ થી સાંજે ૮.૦૦

**પીત્ત-પેટ ના રોગોથી પરેશાન છો ? ? આયુર્વેદ અપનાવો**

- ➡ જુની એસીડીટી, જુનો મરડો, કબજયાત
- ➡ અલ્સરેટીવ કોલાયટીસ ➡ Colon Cancer
- ➡ IBS–સંગ્રહણી, (વારંવાર ઝાડા થઈ જવા) જલોદર

- સોરયાસીસ
- ડાયાબીટીસ
- ડાયાબીટીક રેટીનોપથી (બહ્ડી વિઝન)
- સફેદ દાધ (કોઢ)
- માઈગ્રેન
- ઈનફર્ટીલીટી (વંધ્યત્વ)
- PCOD – માસીકના રોગો
- વાળની સમસ્યાઓ
- ખરતા વાળ – સફેદ વાળ



**વૈદ્યરત્નમ્ સંદિપ પટેલ**
સમય : ૨.૦૦ થી ૮.૦૦

**ઘૂંટણ, મણકાની ગાદી કે દબાયેલી નસોના ઓપરેશન પહેલા અચૂક મળો**



**પાઈલ્સ અને પથરીના રોગોથી પરેશાન છો ? ?**

- ➡ અર્શ–મસા–ભગંદર, જુનો મરડો, કબજયાત
- ➡ પેશાબની પથરી, કીડનીની પથરી

**રી–સર્ચ આયુર્વેદિક જડીબુટ્ટી ઔષધ સારવાર**



**કષ્ટદાયક કેન્સરની સચોટ, અનુભૂત સફળ (ટ્રેડીશનલ-જંગલની જડીબુટ્ટી)**
**રીસર્ચ-સહાયક આયુર્વેદિક સારવાર**




**કામરેજ :** ૩૫, રત્નપુરી સોસાયટી, યાદગાર જયુસ પાછળ, સંકલ્પ હોસ્પિટલની બાજુમાં, કામરેજ ચાર રસ્તા, જી. સુરત. ફોન : ૭૫૭૪૮૬૧૮૫૮ – ૯.૦૦ થી ૭.૦૦

**નવસારી :** ૧૩/બી, અરવિંદ નગર કમ્પાઉન્ડ, દરગાહવાલા મેરેજ હોલ સામે, લુન્સીકુઈ, નવસારી. ફોન : ૦૨૬૩૭–૨૫૪૪૬૨,૭૫૭૪૮૬૧૮૫૧ – ૯.૦૦ થી ૭.૦૦

**બારડોલી** અસ્તાન જીન કમ્પાઉન્ડ, સુગર ફેક્ટરી–અસ્તાન રોડ, બારડોલી. ફોન : ૦૨૬૨૨–૨૨૦૦૨૬,૭૫૭૪૮૬૧૮૫૩ – ૯.૦૦ થી ૭.૦૦

**વડોદરા :** ૧૨, પિકંલ એપાર્ટમેન્ટ, ડી-માર્ટ પાસે, દીપ ચેમ્બર્સ રોડ, માંજલપુર, વડોદરા.
સમય : દર મહીના ના ૧ લો અને ૩ જા રવિવારે - ૧૦.૦૦ થી ૩.૦૦, ફોન: ૭૫૭૪૮ ૬૧૮૬૬

**ભરૂચ :** ડો. હેમંત રાણા નું કલિનિક, શકિતનાથ સર્કલ, લીંક રોડ, ભરૂચ.
સમય : દર મહીના ના ૨ જા રવિવારે - ૧૦.૦૦ થી ૩.૦૦, ફોન: ૭૫૭૪૮ ૬૧૮૬૬










## પંચસૂત્રી કાર્યક્રમ

### આટલું તો કરીએ જ

- ઘેર ઘેર કુળદેવી શ્રી ઉમિયા માતાજીની છબી રાખીએ.
- કડવા પાટીદાર સગપણ (ચાંલ્લો) પ્રસંગે માતાજીનો ચાંદીનો સિકકો આપીએ.
- દીકરા-દીકરીના લગ્ન પ્રસંગે સૌથી પહેલી કંકોત્રી માતાજીને લખવાનું ન ભૂલીએ.
- કડવા પાટીદાર દંપતીને લગ્ન કર્યા પછી દર વર્ષે દિવસે માતાજીના આશીર્વાદ મેળવવા દર્શનાર્થે આવવાની પ્રથા જાળવવી.
- આપણી આવકમાંથી તથા શુભ પ્રસંગોએ યથાશકિત ફાળો દર વર્ષે માતાજીને ભેટ રૂપે મોકલીએ.

વ્યવસ્થાપક કમિટિ
શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ઊંઝા (ઉ.ગુ.)
પીનકોડ-૩૮૪ ૧૭૦.

**PRINTED MATTER**

To, ______________________________

______________________________

______________________________

______________________________

From :-


**કડવા પાટીદાર કેળવણી મંડળ**

કૃષિમંગલ, જે. પી. રોડ, સુરત-૩૯૫ ૦૦૧. ફોન : ૦૨૬૧-૨૪૭૫૫૨૫, મો.: ૯૮૨૫૩ ૦૫૧૪૬

Gujarat (INDIA), ✉ : krushimangalhall@ymail.com

- ઉમામંગલ : ૯૯૦૯૫ ૮૩૩૮૧
- વિદ્યામંગલ ગુજરાતી માધ્યમ : ૯૫૩૭૧ ૯૩૯૩૯, ✉ : vidyamangalschool@yahoo.com
- જ્ઞાનગંગા અંગ્રેજી માધ્યમ : ૯૫૩૭૧ ૯૪૯૪૯, ✉ : contact@vidyamangalschool.org



શ્રી PAL PRINTERS Ph.: 0261-2781653